HIMALAYNA CHAR DHAM (Gujarati Edition)

SWAMI SACHHIDANAND

VISIT...

LANZAROTE Caliente.COM







હિમાલયનાં ચાર ધામ

સ્વામી સચ્ચિદાનંદ



HIMALAYA-NAN CHAR DHAM
a travelogue by Swami Sachchidanand
Published by Gurjar Prakashan, Ahmedabad-380 006

First Published: 2009
This ePub edition: 2014
ISBN: 978-81-8461-846-4

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

અર્પણ

જેમણે પૂરી યાત્રામાં મારા જમવાની, વસ્ત્રો ધોવાની તથા
બીજી બધી શ્રદ્ધાપૂર્વક સેવા કરી તથા જે વર્ષોથીઝા વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોની સેવા કરે છે તે
સેવાભાવી, કર્મઠ

શ્રી કાન્તાબહેન મોહનલાલ પટેલને

સપ્રેમ અર્પણ

સચ્ચિદાનન્દ

ભૂમિકા

જીવનમાં શક્ય હોય તો એક વાર હિમાલયનાં દર્શન જરૂર કરવાં. કોઈ વસ્તુને જોવી અને દર્શન કરવાં તેમાં અંતર છે. જ્યારે તમે કોઈ વસ્તુ કે વ્યક્તિને માત્ર આંખો અને બુદ્ધિથી જુઓ છો ત્યારે તે માત્ર જોવાનું જ થાય છે, પણ જ્યારે તમે કોઈ વસ્તુ કે વ્યક્તિતને શ્રદ્ધા અને અહોભાવથી જુઓ છો ત્યારે તે દર્શન થાય છે. માત્ર જોનારને જ્ઞાન મળે છે. પણ શ્રદ્ધા સાથે જોનારને જ્ઞાનની સાથે પ્રસાદ પણ મળે છે, ધન્યતા મળે છે. ધર્મ, શ્રદ્ધા આધારિત હોય છે અને શ્રદ્ધાનાં જુદાં-જુદાં કેન્દ્રો હોય છે. એ બધાં કેન્દ્રોમાં એક કેન્દ્ર છે 'તીર્થ'. આપણા પૂર્વજોએ તીર્થોની રચના કરી છે. જેમાં પર્વત, નદીઓ, સરોવરો, સમુદ્ર, જન્મસ્થાનો, મૃત્યુસ્થાનો, જ્ઞાનસ્થાનો વગેરેને વણી લીધાં છે. તીર્થો ભારતભરમાં ફેલાયેલાં છે. આના કારણે સામાન્ય માણસ પણ પૂરા ભારતનું દર્શન કરી શકે છે. જો આ તીર્થો ન હોત તો ભારત ભ્રમણ કોણ કરત? તો આ એકતા કેવી રીતે થાત! પ્રત્યેક હિન્દુને પોતાનાં તીર્થો ફરવાની અદમ્ય ઝંખના રહેતી હોય છે. જ્યારે તેને તીર્થાટન કરવાનો યોગ મળે છે તે ધન્ય ધન્ય થયાનો અનુભવ કરે છે. તીર્થોમાં ઘણો બગાડ હતો અને છે, પણ તે આપણી અક્ષમતા અને અવ્યવસ્થાથી છે. તેને દૂર કરવો જોઈએ. તીર્થો સુધારવાં જોઈએ. તેનો ઉચ્છેદ કરવાનો ન હોય. જે વસ્તુ ઉપર ડાઘ પડ્યો છે તેને દૂર કરવાનો હોય, વસ્તુને જ બાળી નાખવાની ન હોય.

ઊંઝાના ભાવિકોની તીવ્ર ઇચ્છા હતી કે હિમાલયનાં ચાર ધામની યાત્રા કરાવો. જો કે હું તો ચારે ધામ ફર્યો જ હતો, પણ તેને ઘણાં વર્ષો થઈ ગયાં હતાં. લગભગ ચાલીસેક વર્ષ ઉપર હું આ બધાં ધામો ફર્યો હતો. ચાલીસ વર્ષમાં દુનિયા ઘણી બદલાઈ ગઈ છે. મને પણ થયું કે ચાલ ફરીથી ચાર ધામોનાં દર્શન કરીએ. અમે તો બધા તૈયાર થઈ ગયા. 20-25 માણસોએ જવું તેવું નક્કી થયું પણ જેમ જેમ લોકોને જાણ થઈ તેમ તેમ સંખ્યા વધતી ગઈ. બધાં જ પરિચિતો—કોને ના કહેવી? સિત્તેર ઉપર આંકડો પહોંચી ગયો. બહુ મોટું ટોળું પોતે જ અવ્યવસ્થા કરી દેતું હોય છે. પણ મારે સ્વીકારવું જોઈએ કે અમારું ટોળું છેક સુધી વ્યવસ્થામાં રહેલું. તેનું કારણ શ્રદ્ધા હતું. લોકો અનુશાસનમાં રહેતાં તેથી ગમે તેવી અગવડ કે અસુવિધા હોય તોપણ કશો કકળાટ ન કરતાં. મારે સૌનો આભાર માનવો જોઈએ.

હું હવે વૃદ્ધ થઈ ચૂક્યો છું. મારો મુખ્ય પ્રશ્ન આહાર છે. જો મને મારું અનુકૂળ ભોજન મળે તો હું બીમાર ન થાઉં, પણ જો પ્રતિકૂળ ભોજન મળે તો સ્વાસ્થ્ય કથળવા લાગે. મારું ભોજન મગની દાળ અને રોટલી છે. બસ આ બે જ વસ્તુઓ, ત્રીજાની જરૂર નહિ. પણ બંને બરાબર થયાં હોવાં જોઈએ. જે બહેનો વર્ષોથી રસોઈ કરે છે તે હજી સુધી ભોજનની બાબતમાં મને સંતોષ આપી શક્યાં નથી. તેઓ પોતાને ગમતું જ કરે જે મને ન ગમતું હોય. હું એક-બે વાર ટોકું પણ બહેનો ઘરેડમાંથી બહાર ન નીકળે એટલે થાકીને પછી જે હોય—જેવુંતેવું ચલાવી લઉં. અત્યાર સુધી આમાં બે બહેનો જ અપવાદરૂપ નીકળ્યાં છે. એક તો કાશીબહેન (જે હવે અમેરિકા રહે છે) અને બીજાં શ્રી કાન્તાબહેન, જે અત્યારે ઊંઝા આશ્રમમાં સેવા આપે છે. આ બંને મને અનુકૂળ દાળ-રોટલી બનાવે છે. મારા સદ્ભાગ્યે કાન્તાબહેન પણ આ યાત્રામાં જોડાયાં હતાં, છેક સુધી તેમણે મારી જમવાની ચિંતા કરી અને વ્યવસ્થા કરી. 'વેવાઈ' બાજરીનો લોટ લઈ આવ્યા હતા તેના સવારે રોટલા બનાવે. નાસ્તામાં અડધો રોટલો બસ થઈ જાય. બીજા ભાઈઓ પણ રોટલાનો લાભ લે. એક બે રોટલા સાથે રાખી મૂકે એટલે બપોરે તેનો ઉપયોગ કરીએ. સાંજે ઢાબામાંથી વ્યવસ્થા થઈ જાય. આ રીતે મારો જમવાનો પ્રશ્ન ઉકેલાઈ ગયો હતો.

કાન્તાબહેનનો જેટલો આભાર માનું તેટલો ઓછો કહેવાય. આના કારણે મારું આરોગ્ય સારું રહ્યું અને પર્વતીય કઠિન યાત્રા હું કરી શક્યો.

મારા રૂમમાં શ્રી ગોવિંદલાલ રહેતા. તેમણે ઘણી સેવા કરી. રાત્રે જ્યારે જુઓ ત્યારે તે જાગતા જ હોય. તેમનો પણ આભાર.

અમારા સંઘના મુખ્ય માણસ જગદીશભાઈ જગડુશા હતા. તેમણે પોતાની ઉદારતાથી, વ્યાવહારિક કુશળતાથી સૌનું મન જીતવા તથા સમાધાન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમનો પણ આભાર માનવો જોઈએ.

આ સિવાય લગભગ બધાં જ ભાઈ-બહેનો સેવામાં હંમેશાં તત્પર રહેતાં એટલે તેમનો સૌનો આભાર.

અમે અમદાવાદથી હરદ્વાર જતી ટ્રેનમાં આવવા-જવાનો પ્રવાસ કર્યો. આ ટ્રેનમાં ક્યાંય બદલવું નથી પડતું. બાકી દિલ્હી પછી તો આ ટ્રેન લોકલ કરતાં પણ મહાલોકલ થઈ જાય છે. તોપણ એકંદરે સારી કહેવાય.

હરદ્વારમાં હવે તો પુષ્કળ આશ્રમો, ધર્મશાળાઓ, હોટલો થઈ ગયાં છે. અને ઘણી જગ્યાએ ગુજરાતી સ્વાદિષ્ટ ભોજનની લોજો પણ છે. એટલે યાત્રાળુએ પોતાને યોગ્ય ઉતારાની વ્યવસ્થા કરી શકાય છે.

હરદ્વારથી જ હવે તો ચારે ધામની સરકારી બસો તથા ખાનગી બસો ચાલે છે. અનુકૂળતા પ્રમાણે વાહન કરી શકાય છે. જેણે સારી રીતે યાત્રા કરવી હોય તેણે પોતાનું અલગ વિશેષ વાહન કરવું નહિ. આમ કરવાથી તમે સમયમાં બંધાઈ જાઓ છો. જલદી જલદી યાત્રા કરીને પાછા હરદ્વાર આવી જવાની ઉતાવળ યાત્રાળુ અને વાહનચાલક બંનેને રહે છે. એટલે પૂરી યાત્રા થતી નથી. મારી સલાહ છે કે સરકારી બસોમાં છૂટક છૂટક યાત્રા કરવી. જેથી પૂરતો સમય રહેવાનો મળે. જ્યારે ઇચ્છા થાય ત્યારે વળતી બસમાં અવાય. કોઈ પ્રતિબંધ ન રહે.

ગંગોત્રી અને બદરીનાથમાં છેક સુધી બસ જાય છે. એટલે ત્યાં ગંગોત્રી- બદરીનાથમાં જ પોતાને યોગ્ય જગ્યાએ રાત્રિ-રોકાણ કરવું. ઘણી જગ્યાઓ છે. ઘણાં જમવાનાં સ્થળો પણ છે. જાતે રસોઈ બનાવવાની ઝંઝટમાં પડવું નહિ. કારણ કે તેમાં ઘણો સમય નીકળી જાય છે. કદી પણ વાસી ભાથું ખાવું નહિ. તેમાં બૅક્ટેરિયા થઈ જવાથી રોગો થઈ શકે છે. તાજું—ગરમાગરમ જમવું, જે મળી રહે છે.

વધુ પડતો સામાન લેવો નહિ. જરૂર પૂરતો ઓછો જ સામાન લેવો અને ગરગડીવાળી બૅગ લેવી જેથી પોતાની મેળે જ લઈ જઈ શકાય. મજૂરો સાથે માથાકૂટ કરવી ન પડે. અમારે ગરમ કપડાંની જરૂર પડી ન હતી, પણ વાતાવરણ બદલાય તો પડે પણ ખરી. એટલે સ્વેટર અને શાલ જેવી હળવી વસ્તુ લેવી. ગરમ પાણીની અનુકૂળતા હોય તો સ્નાન કરવું. આવી અનુકૂળતા ન હોય તો સ્નાન કરવાની હઠ કરવી નહિ, યમુનોત્રી અને બદરીનાથમાં તો ગરમ પાણીના કુંડ છે જ. ગંગોત્રીમાં ધારા બહુ તેજ છે. પાણી અતિશય ઠંડું હોય છે. આચમન કરી માથે ચઢાવી લેવું. શરીર સહન કરી શકે તો જ નહાવું. કેદારનાથ અને ગંગોત્રીમાં પંડ્યાઓનો થોડો ત્રાસ છે. તેમની ઉપેક્ષા કરવી. પોતાની શ્રદ્ધા પ્રમાણે દર્શન વગેરે કરવાં તથા દાનપુણ્ય કરવું. બધી જગ્યાએ પિતૃઓના મોક્ષ માટે કર્મકાંડો કરાવવાની જરૂર નથી. પોતાના કર્મે જ સૌની ગતિ થતી હોય છે. ઈશ્વર પર અને કર્મો પર મક્કમતા રાખવી.

હિમાલયનું સૌંદર્ય અપાર છે. તેની ઉત્તુંગતા અને ભવ્યતાનો પાર નથી. તે નિહાળવું અને તેના રચયિતા પરમેશ્વરને યાદ કરવા. ઈશ્વર મહાન છે. તેની કૃતિઓ પણ મહાન છે. ખરેખર તો દેવદર્શન કરતાં પણ હિમાલયદર્શન મહાન છે. પ્રત્યેક ક્ષણે તેનાં અલગ-અલગ શિખરોનાં દર્શન કરવાં. હજારો નદીઓ, ઝરણાં, વાદળો, બરફ, ભેખડો, શિખરો, હરિયાળી, ત્યાંનાં દેવ જેવાં માણસો આ બધું જોવું અને બોધપાઠ લેવો.

અમારી યાત્રામાં બદરીનાથની યાત્રા શંકાસ્પદ હતી. કારણ કે વાદળ ફાટવાથી પુલો તૂટી ગયા હતા અને ભેખડો ધસી પડી હતી. રસ્તો બંધ થઈ ગયો હતો. પણ છેલ્લી ઘડીએ રસ્તો ચાલુ થઈ ગયો. અમારા માટે તો આ ચમત્કાર જ હતો. અમે બધાં બદરીનાથમાં રાત રોકાયાં. દર્શન કર્યાં અને વિદાય થયાં. પછી તરત જ પાછો રસ્તો બંધ થઈ ગયો. યાત્રાળુઓ અટવાઈ ગયાં. પહાડો કાચા છે. વરસાદ થાય એટલે ધસી પડે. રસ્તો બંધ થઈ જાય, ઘણી વાર તો વાહનો પર પણ પહાડ ધસી પડે અને અનેકને સમાધિ અપાવી દે. પણ ઈશ્વરકૃપા જ સમજો કે અમને કોઈ વિઘ્ન નડ્યું નહિ. હેમખેમ, રંગે-ચંગે બધાં પાછાં આવ્યાં અને આનંદ થયો.

પ્રસ્તુત નાની પુસ્તિકામાં ધામોનું વર્ણન કે માહિતી નથી પણ અમારી કથા છે. ધામોનું વર્ણન અને માહિતી આપનારી અનેક પુસ્તિકાઓ મળે જ છે. આ તો અમે કેવી રીતે યાત્રા કરી તેનું જ વર્ણન છે. જે કદાચ વાચકોને થોડું ઉપયોગી થશે તેવી આશા છે.

યાત્રા સુખદ અને જ્ઞાનવર્ધક રહી તે માટે પરમેશ્વરનો આભાર—વંદન.

જેમણે ટૂરની વ્યવસ્થા અને સંચાલન કર્યું હતું તેમને ધન્યવાદ.

આ પુસ્તકની બે હજાર પ્રતો અમારા સહયાત્રી શ્રી ઝીણાભાઈ ભરવાડે પોતાનાં માતા-પિતાની પુણ્યસ્મૃતિમાં ભેટ આપવા માટે છપાવી છે એ બદલ તેમને ધન્યવાદ.

સ્વામી સચ્ચિદાનંદ
3-7-2009

ભક્તિનિકેતન આશ્રમ,
દંતાલી., પો.બો.નં. 19,
પેટલાદ-388450.
જિ. આણંદ
(ફોન: 02697—252480)

*

1. યાત્રાનો પ્રારંભ

પ્રવાસો તો બહુ થયા. લગભગ પૂરું વિશ્વ ખૂંદી વળ્યા. હવે યાત્રા કરીએ. કેટલાય સમયથી ઊંઝાના જગદીશભાઈ અને બીજાં બધાં આગ્રહ કરી રહ્યાં હતાં કે ચાર ધામની યાત્રા કરવી. આ પહેલાં જે બે-ત્રણ વાર ચાર ધામની યાત્રા કરી હતી તેને 30-40 વર્ષ થઈ ગયાં હતાં. એટલે મારી ઇચ્છા નહોતી તોપણ લોકોના આગ્રહથી મારે યાત્રામાં જોડાવાનું થયું. ના ના, કહેતાં સિત્તેર માણસો થઈ ગયાં. આટલું મોટું ટોળું લઈને યાત્રા કરવી તે પણ એક બહુ મોટો પ્રશ્ન હતો. હજી પણ ઘણાં લોકો જોડાવા માગતાં હતાં પણ હાથ જોડીને બધાંને રોક્યાં.

અમારી સાથે અમરેલીના ઉમેશ બોસમીઆ પણ છે. તે પોતાના પૂરા પરિવાર સાથે સાત માણસો લઈને અલગ ક્વોલીસ ગાડી કરીને યાત્રા કરવાના છે. તેમને પોતાની વૃદ્ધ અને અશક્ત માતાને યાત્રા કરાવવાની તીવ્ર ભાવના છે. તે એક દિવસ આગળ વિદાય થયા. તેમની માતૃભક્તિ જોઈને માન થયું.

કાર્યક્રમ એવો હતો કે બધાં યાત્રાળુઓએ 15મી જુલાઈના રોજ સવારે ઊંઝા આશ્રમમાં ભેગાં થવું. ત્યાં શ્રીમતી સીતાબહેન જયંતીલાલ પટેલ તરફથી સર્વને માટે જમણવાર ગોઠવાયો હતો. તે જમીને પછી બપોરે સાડાબાર વાગ્યે હરદ્વાર મેલમાં બેસવું. મારા આગ્રહથી જયંતીભાઈએ તૈયાર શિખંડ ન લાવતાં એક દિવસ પહેલાં દૂધ જમાવીને તેનું દહીં બનાવીને જૂની પદ્ધતિથી શિખંડ બનાવ્યો હતો. તૈયાર શિખંડ લાવવાની પદ્ધતિ ઠીક નથી લાગતી. કારણ કે જૂનો મસ્કો ફ્રિજમાં રાખીને તેનો શિખંડ બનાવાય છે, જેમાં ક્રીમનું પ્રમાણ હોતું નથી. કેટલીક વાર તો સેકરીન, કલર અને એસેન્સનું મિશ્રણ કરીને પણ દુકાનદારો શિખંડ આપતા હોય છે. જે સ્વાદમાં અને આરોગ્ય માટે પણ બહુ આવકાર્ય ન કહેવાય. પણ શું થાય? લોકોને સરળતા ગમે છે.

અમે સૌ ઊંઝા આશ્રમમાં ભેગાં થયાં અને સમયસર બધાંને ભાવથી જમાડ્યાં. સૌને યાત્રા કરવાનો ઉમળકો હતો. એટલે સમયસર સ્ટેશન ઉપર પહોંચી ગયાં. શ્રદ્ધા અને પ્રેમ હોય ત્યાં જ ઉમળકો આવતો હોય છે. જ્યાં શ્રદ્ધા કે પ્રેમ નથી હોતાં ત્યાં ઉમળકો પણ નથી હોતો. આર્થિક કે સ્વાર્થી સંબંધોમાં ઉમળકો નથી હોતો. યંત્રવત્ ક્રિયાઓ હોય છે. અથવા દેખાવ માત્ર હોય છે. ગાડી સમયસર આવી અને બધાં ગોઠવાયાં. મારા માટે ફર્સ્ટ ક્લાસમાં બેસવાની વ્યવસ્થા કરવાની હોવા છતાં સૌની સાથે યાત્રા કરવા મેં આગ્રહ કરીને થ્રી ટાયર સ્લીપિંગમાં જ બેસવાનું નક્કી કર્યું. ફર્સ્ટ ક્લાસમાં એકાકી બેસીને યાત્રા કરવી તેના કરતાં સહયાત્રીઓની સાથે બેસીને સહવાસના સુખ સાથે યાત્રા કરવી વધુ હિતકારી લાગી. કેટલીક વાર મોટાઈ બતાવવા લોકો સામાન્ય માણસોથી પોતાને દૂર-દૂર રાખતા હોય છે. આવા લોકો મોટાઈનું સુખ તો ભોગવતા હોય છે. તે મોટાઈનો ભાર ઉપાડીને પછી સામાન્ય થઈ શકતા નથી. કદાચ મજબૂરીવશ સામાન્ય થવું પડે તો તેમને ભારે દુઃખ થતું હોય છે. જે લોકો મોટાઈની શક્યતા અને ક્ષમતા હોવા છતાં પણ સામાન્ય થઈને જીવે છે તે ભાર વિનાના હળવા થઈને જીવન જીવે છે. સંતો હળવાશથી જીવન જીવતા હોય છે. આડંબરીઓ હળવાશથી જીવન જીવી શકતા નથી. તે હંમેશાં મોટાઈ અને આડંબરના દાસ થઈને બોજભર્યું જીવન જીવતા હોય છે.

બેસવામાં એક પ્રશ્ન ઊભો થયો. આઠ આઠ માણસોનું એક ખાનું હોય છે. તેમાં મારી સાથે જગડુશા અને ગેંજીનો પરિવાર છે. પણ દશરથલાલ વેવાઈ દૂરના ખાનામાં છે. તેમનો આગ્રહ

મારી સાથે બેસવાનો છે. તેમણે ગેંજીની સામે પ્રસ્તાવ રાખ્યો કે ઉછામણી બોલો. જે વધુ રકમ બોલે તે જ મહારાજની સાથે બેસે. ગેંજી પણ ગાંજ્યા જાય તેવા નથી. પણ આવી ચડસાચડસી ન કરવા ગેંજીનાં ધર્મપત્ની કાન્તાબહેને બંનેને સમજાવ્યા અને વેવાઈ માટે જગ્યા કરી આપી. બધી બહેનો એક ખાનામાં ચાલી ગઈ અને બધા પુરુષો એક ખાનામાં ગોઠવાઈ ગયા. યાત્રા-પ્રવાસને સફળ બનાવવા યાત્રાળુઓમાં સહિષ્ણુતા અને ઉદારતા જરૂરી હોય છે. આ તત્ત્વો નથી હોતાં ત્યાં ઝઘડા અને મનદુ:ખ થઈ જતાં હોય છે. એના પરિણામે યાત્રા આનંદદાયક નથી રહેતી.

મેં શ્રી વેવાઈને પૂછ્યું કે મારી પાસે બેસવાનો આટલો બધો આગ્રહ રાખવાનું કારણ શું? તો કહે કે "આપણો મોભો વધે" સમાજમાં મોભો પણ એક મહત્ત્વની વસ્તુ છે. મોભા વિનાનો માણસ માનહીન થઈને જીવતો હોય છે. માન સૌને ગમે છે. ત્યાગીઓ પણ આમાં અપવાદરૂપ નથી હોતા. પણ યોગ્ય રીતે મોભો મળે તે ઠીક કહેવાય. અયોગ્ય રીતે મોભો મેળવવા વલખાં મારનાર કોઈને અન્યાય કરતો હોય છે. વેવાઈનું કહેવું છે કે એક બીજું કારણ એ પણ છે કે "તમારી પાસે પ્રસાદ બહુ હોય છે. નજીક રહેનારને આખો દિવસ તેનો લાભ મળ્યા કરે છે. તેથી પણ નજીક બેસવાનું આકર્ષણ રહે છે." આપણે માનીએ કે ન માનીએ, સર્વત્ર ધાર્મિક ક્ષેત્ર પ્રસાદિયા ભક્તોથી ઊભરાઈ રહ્યું છે. જો પ્રસાદની પ્રથા બંધ કરી દેવાય તો આપોઆપ ભીડ ઓછી થઈ જાય. સપ્તાહોમાં અને કેટલાંક મંદિરોમાં પણ જમણવાર રાખવા પાછળ ભીડ વધારવાનો હેતુ પણ કામ કરે છે. પણ પ્રશ્ન એ થાય કે પ્રસાદિયા ભક્તોની આવી ભીડથી શો ફાયદો! ભલે ને થોડા જ શ્રોતા કે દર્શકો આવે પણ તે લાલચુ ન આવે તો ઘણું સારું કામ થાય. કેટલાક લોકો એવો જવાબ આપતા હોય છે કે આપણે ક્યાં સારું કામ કરવું છે! આપણે તો ખાણ મૂકીને ભેંસોને દોહી લેવી છે. આ જ સારું કામ છે. આપણે ભલા ને આપણી પવાલી ભલી. ભક્તોનો મોટો ભાગ ખાનપાન અને માનપાનનો ભોગી હોય છે. આ બંને તેમને આપો અને પછી નોઝણું વાળીને દોહતાં આવડે તેટલું દોહી લો. બસ, આ જ સફળતા છે. પ્રશ્ન એ થાય કે "પાપ કરવાથી ધર્મની અસર નહિ થાય." તો જવાબ એ છે કે "આપણે ક્યાં અસર કરવી છે? આપણા ઉપર જ ક્યાં અસર થઈ છે? સપ્તાહો અને કથાઓ વાંચી-વાંચીને આયખું પૂરું થયું પણ આપણે ક્યાં શુકદેવ થયા છીએ? શુકદેવ થવાથી ફાયદોય શું? આ તો બધી કહેવા-સંભળાવવાની વાતો છે વાતો."

અમારી ટ્રેન ખડખડાટ ચાલી રહી છે. હજી જોઈએ તેવો વરસાદ થયો નથી. રાજસ્થાનની ધરતી સૂકી છે. દૂર-દૂર ગામો છે અને વસ્તી ઓછી છે. વસ્તીનો ભરાવો રોજીઓ ઉપર આધાર રાખે છે. જ્યાં વધુ રોજીઓ હશે ત્યાં વધુ વસ્તી હશે. ગુજરાત રોજીઓનો પ્રદેશ છે. તેથી પૂરા દેશમાંથી લોકો ગુજરાતનો આશ્રય લે છે.

સાંજ પડી રહી છે. ઊંઝા આશ્રમમાંથી લાવેલું ભાથું બધાં જમી રહ્યાં છે. વર્ષોથી ઊંઝા આશ્રમમાં રહીને વૃદ્ધોની સેવા કરનાર કાન્તાબહેન મારા માટે બાજરીનો રોટલો અને છોતરાંવાળી મગની દાળ બનાવીને લાવ્યાં છે. તે હું પણ જમ્યો. આ બે વાનગીઓ મારા માટે અમૃત છે. પણ બંને બરાબર થયાં હોય તો. કાન્તાબહેન મારી રુચિ સમજી ગયાં છે. જેથી બંને વસ્તુઓ બરાબર બનાવે છે. વાનગીઓ ભલે બે જ હોય પણ રુચિકર હોય. રુચિકર હોય તે જ સ્વાદિષ્ટ હોય. સ્વાદિષ્ટ ભોજન પચવામાં સરળ થઈ જાય છે. અરુચિકર, પાચક રસો ઉત્પન્ન કરતું નથી તેથી જલદી પચતું પણ નથી.

રાત્રી પડી અને બધાં સૂઈ ગયાં. અહીંયાં કેટલી બધી સગવડ થઈ છે. પહેલાં સૂવાનું તો શું

બેસવાની જગ્યા પણ ટ્રેનમાં મળતી નહિ. લાંબી યાત્રા માટે કેટલો બધો ત્રાસ થતો? હવે શાંતિ છે. સૌને સૂવાની સગવડ મળી રહે છે. ખરેખર તો સુખનું મૂળ તો સગવડો જ છે. સૌને સગવડો ગમે છે. "આત્મસુખ"ની વાતો કર કર કરનારા પણ સગવડો તો માગે જ છે. તેમને પણ અગવડો તો નથી જ ગમતી. અગવડોમાં આત્મસુખ કાંઈ કામમાં આવતું નથી. એ તો માત્ર બોલવાની જ વાતો લાગે છે.

આબુરોડથી ઘણી બ્રહ્મકુમારી બહેનો ટ્રેનમાં આવી. તેમનું મોટું ટોળું જોઈને મેં જગડુશાને કહ્યું કે "ચાલો, જે લોકો લગ્ન ન કરી શક્યાં અથવા લગ્ન ન જામ્યું અથવા લગ્નમાં રુચિ જ ન થઈ તેવી બહેનો આ રીતે પોતાના જીવનનો પ્રશ્ન તો ઉકેલે છે. ઓમ શાંતિ બોલીને શાંતિ પામે છે અને લોકોને શાંતિ પમાડે છે. જોકે કેટલીક બહેનો સાચા વૈરાગ્યથી પ્રેરાઈને સ્વેચ્છાએ પણ બ્રહ્મકુમારી થતી હશે." પણ જગડુશા મારી વાત સાથે સંમત ના થયા. તેમનું કહેવું હતું કે મારી આજુબાજુમાં તેમ જ પરિચિતોમાં ઓમ શાંતિવાળા ઘણા લોકો છે. હું તેમને નજીકથી ઓળખું છું. તેમના જીવનમાં ઊલટાના ઘણા પ્રશ્નો ઊભા થયા છે. એક તો તે બધાં સાથે હળીમળી શકતાં નથી. સૌની સાથે ખાઈ-પી શકતાં નથી. કેટલીક વાર તો એક જ ઘરમાં બબ્બે ચૂલા ચાલે છે. આ લોકો પોતાના સિવાય બાકી બધાંને તમોગુણી કે રજોગુણી માને છે. સેક્સને પાપ માને છે. તેથી પતિ-પત્નીને ભાઈ-બહેન બનાવી દઈને ઘણાંનું જીવન ધૂળધાણી કરી દે છે. આવા અનેક પ્રશ્નોથી ઘણાંનાં જીવન અશાન્તિભર્યાં થઈ જાય છે. કુદરતી આવેગો કોઈને પણ છોડતા નથી. તે પાયાની વાતથી વિરુદ્ધ ચાલનારાં અંતે કુદરત આગળ હારી જતાં હોય છે." જગડુશાની વાત સાંભળીને બીજા પણ કેટલાય યાત્રીઓ પોતપોતાના અનુભવો અને અભિપ્રાયો આપવા લાગ્યા.

બધું સાંભળીને મને થયું કે આ વાડાઓ એક તરફ લોકોનું વિભાજન કરે છે. બીજી તરફ અકુદરતી જીવનપદ્ધતિ આપીને જીવનને ગૂંગળાવે છે. લોકોને ગૂંચવાડામાં નાખે છે અને અંતે પૂરી હિંદુ પ્રજાને વધુ ને વધુ દુર્બળ બનાવે છે. એટલે તો હું લોકોને કહું છું કે, "સંપ્રદાયમુક્ત ધાર્મિકતા" અર્થાત્ વાડાથી મુક્ત રહો. વાડો તોડો, બહાર નીકળો. વાડાબંધી પણ જેલ જ છે. જેટલા વાડા વધારે તેટલાં વિભાજન વધારે. વિભાજન નહિ, સરવાળા કરો. વાડા તોડો અને એકતા કરો. કુદરતને મિત્ર બનાવો, દુશ્મન નહિ. ધર્મપ્રમાણેની સેક્સ પાપ નથી. પાપ હોય તો પાપ માનનારની ઉત્પત્તિ જ પાપથી થઈ ગણાય. ઊલટાનું ધર્મ પ્રમાણેની સેક્સ વ્યક્તિના કુદરતી આવેગોનું શમન કરીને શાંતિ આપનારી બને છે. તે ભૂલવું ન જોઈએ.

એક આખાબોલા માણસે તો કહ્યું કે એક તરફ તો હવે કન્યાઓ મળતી નથી. અમારે છેક વલસાડ તરફથી આદિવાસી કન્યાઓ લાવવી પડે છે. જેથી ઊજળી વસ્તી ઘટી રહી છે. ત્યારે બીજી તરફ આવી જુવાન-જુવાન છોકરીઓ લગ્ન કર્યા વિનાની ફરતી થઈ ગઈ છે અને તેઓ લગ્નજીવનને તમોગુણી માની તેની પ્રતિષ્ઠા અને મહત્તા ઘટાડી રહી છે તેથી અમારે તો પ્રશ્ન જ ઊભા થયા છે. અમારા મહોલ્લામાંથી આવી બે છોકરીઓ ગઈ છે. શું કરીએ? ધર્મના અને મોક્ષના નામે કેવું કેવું ચાલી રહ્યું છે? એક ભાઈ વળી બોલ્યા કે "યોગ-સાધના કરે કરનારનાં શરીર આવાં ન હોય!" ચર્ચા લાંબી ચાલી. સમાજજીવનમાં કેવા કેવા પ્રવાહો ચાલી રહ્યા છે. લોકો હવે ચર્ચા કરતા તો થયા છે. ધીરે ધીરે વિચારશક્તિ ખીલી રહી છે. રાત પડી અને અમે બધાં સૂઈ ગયાં. સારું થયું કે ભગવાને રાત બનાવી જેથી બધી પ્રવૃત્તિઓને વિરામ મળે છે, નહિ તો માણસ તો ક્યાં અટકવાનો હતો!

અમે દિલ્હી પહોંચ્યાં. ગાડી ઘણી ઊભી રહી. બધાં જાગ્યાં છે. ચા-નાસ્તો કર્યો. શ્રી

પોપટલાલના તરફથી રોજ બધાંને કાજુકિસમિસનો મુઠ્ઠો ભરીને પ્રસાદ મળે છે, જે બધાંને બહુ ભાવે છે. હવે અમે મેરઠ પહોંચ્યાં છીએ. આપણાં સ્ટેશનો પર ચાવાળા અને બીજા ખૂમચાવાળા ફેરિયાઓ બૂમાબૂમ કરતા રહે છે. સારું છે. પ્રવાસીઓને બેઠાં બેઠાં જ બધી વસ્તુઓ મળી રહે છે. આ મેરઠમાંથી જ 1857ના વિદ્રોહની ચિનગારી ભડકી હતી. અંગ્રેજોએ તેને ભારે જહેમત કરીને બુઝાવી દીધી હતી. પણ તે પછી અંગ્રેજોએ શાસનપદ્ધતિ બદલી નાખી અને ધર્મમાં ડખલ નહિ કરવાની નીતિ અપનાવી. બધું શાંત થઈ ગયું હતું.

અમે હવે હરદ્વાર નજીક પહોંચી રહ્યાં છીએ. અધધધ... આ શું? અત્યારે અહીં શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. આપણે ત્યાં અષાઢ ઊતરી રહ્યો છે. શ્રાવણ એટલે ભગવાન શિવજીનો મહિનો. શિવજી જળપ્રેમી દેવ કહેવાય. અભિષેક કરવા ગંગાજળ લઈને હજારો કાવડિયા બમબમ બોલતા, ગાતા-વગાડતા રોડ પર ચાલી રહ્યા છે. આટલી લાંબી ભવ્ય પદયાત્રા મેં પહેલી જ વાર જોઈ. રંગબેરંગી કાવડો ખભા પર લઈને તેમાં આગળ-પાછળ ગંગાજળનાં પાત્રો લઈને દૂર દૂર સુધી આ કાવડિયાઓ શિવજીનો અભિષેક કરવા જતા હોય છે. ઘણી વાર તેમની ભીડથી માર્ગ અવરોધાઈ જાય છે. કેટલીક વાર તો અકસ્માતો પણ થાય છે. કાવડિયાઓનું ભારે સંગઠન છે. કોઈ તેમનું નામ ન લઈ શકે. વીફરે તો આવી જ બને. સરકાર પણ ડરે છે. ટોળાં ઉપર ટોળાં આવી રહ્યાં છે. અમે તો જોતાં-જોતાં હરદ્વાર પહોંચી ગયાં. આ ગાડી અહીં જ પૂરી થઈ જાય છે. એટલે કશી જ ઉતાવળ કર્યા વિના બધાં શાંતિથી ઊતર્યાં. મેં સૌને સૂચના આપી હતી કે સામાન થોડો લેવો અને ગરગડીવાળી બૅગો લેવી. જેથી જાતે લઈને ચાલી શકાય. પણ કોણ માને? મોટી-મોટી ઢગલાબંધ બૅગો અને પોટલાં હવે ઓવરબ્રિજ ઉપર ચઢાવવાં અને ઉતારવાં કેવી રીતે? મજૂરોના ભાવ વધારે. કડદો કરીને એક મોટી લારી ઉપર બધું ગોઠવી, હાથમાં લેવાય તેટલું લઈને બધાં ચાલ્યાં.

અમને લેવા ઉમેશ આવી ગયો હતો. તેણે સમાચાર આપ્યા કે હરદ્વારમાં એટલા બધા કાવડિયા ફરે છે કે પગ મૂકવાની જગ્યા નથી. હરની પૈડી ઉપર તો જવાય તેમ જ નથી. અસ્તુ. અમે તો પુલ પાર કરીને પેલી તરફ ઊતર્યાં. બધાંને ભેગાં કરવામાં સમય ગયો. કારણ કે બહાર નીકળવાના બે રસ્તા હતા. બધાંને રિક્ષાઓમાં ગોઠવીને અમારા ઉતારે પહોંચી ગયાં. ઘણાં વર્ષો પછી મેં હરદ્વાર જોયું હતું. હરદ્વાર તો બદલાઈ જ ગયું છે. ભીડ, ભીડ ને ભીડ. આશ્રમો, ધર્મશાળાઓ અને હોટલો અનેક ગણાં વધી ગયાં છે. યાત્રાળુઓનો પુષ્કળ ધસારો છે. ચારે તરફ રોજીઓ જ રોજીઓ છે. પણ રોડ સારા નથી. ઢીચા-ઢીચ કરતી રિક્ષાઓ પહોંચી ગઈ. સારું થયું કે કોઈ ખોવાયું નહિ કે કોઈ વસ્તુ ગુમ ન થઈ. ઉતારો સારો હતો અને રસોઈ તૈયાર હતી. અમારી સાથે જ રસોડું લીધું છે.

ઉમેશના પરિવારની સાથે રાજકોટથી ભગવતીબહેન ખૂંટ પણ આવ્યાં છે. તેમના પતિ શામજીભાઈ ખૂંટ પણ આવવાના હતા પણ છેલ્લી ઘડીએ તેમને રોકાઈ જવું પડ્યું. એકલાં ભગવતીબહેનને જ મોકલ્યાં. તેમણે મને એક સંપેતરું આપ્યું. ઉઘાડીને જોયું તો તેમાં ઘણા પૈસા હતા. શામજીભાઈએ મને વાપરવા માટે મોકલ્યા હતા. મારી ચિંતા કરનારા પણ થોડાક માણસો છે, તે જાણીને આનંદ થયો. જેની ચિંતા કરનારું કોઈ નથી હોતું તે એકાકી, અનાથ, હૂંફ વિનાનું માણસ છે. કડકડતી ઠંડીમાં ઓઢ્યા વિનાના માણસ જેવું તેનું જીવન ટાઢે થરથરતું જિવાતું હોય છે. માણસ હૂંફથી જીવન જીવે છે.

મેં પ્રેમથી માંડ સમજાવીને પૈસા પાછા આપ્યા. કારણ કે મારે જરૂર ન હતી. મારી પાસે મારી પોતાની વ્યવસ્થા હતી જ પછી શા માટે લેવા જોઈએ? શામજીભાઈ બાહોશ માણસ છે.

વર્ષોથી મારા પરિચિત છે. બને ત્યાં સુધી પરિચિતોનો પણ અહેસાન માથે ચડાવવો નહિ. હા, અહેસાન કરવાની તક જ ઊભી ન કરવી. સૌએ આરામ કર્યો.

30-7-09

*

2. હરદ્વાર

ઉમેશ એક દિવસ પહેલાં આવી ગયો હોવાથી હરદ્વારને ખૂંદી વળ્યો છે. કાવડિયાઓની ભીડના કારણે હરની પૈડી તો જવાય તેવું નથી. પણ અમે બધાં કનખલના આશ્રમો અને દક્ષ પ્રજાપતિના મંદિરને જોવા નીકળી પડ્યાં. હરદ્વારને પંપૂરી પણ કહેવાય છે. હરદ્વાર, કનખલ, જ્વાલાપુર, સાત સરોવર અને ભીમગોડા, આમ તો હવે હરદ્વાર અને હૃષીકેશ એક થઈ ગયાં છે. ચારે તરફ આશ્રમો જ આશ્રમો છે અને વસ્તી જ વસ્તી છે. મુંબઈ કરતાં પણ અહીં જમીન મોંઘી છે. અમે તો છ-છ માણસોની ઓટોરિક્ષા કરીને નીકળી પડ્યાં. કનખલમાં હું લગભગ એકદોઢ વર્ષ રહ્યો હતો. ત્યારે મારી ઉંમર 22 વર્ષની હતી. હું પ્રથમા ભણતો હતો. 56 વર્ષ પહેલાંની વાત થઈ. ત્યારે હું આખી નીલગંગાને તરીને પેલે પાર જતો અને પાછો આવતો. જતાં-વળતાં ત્રણ કિલોમીટર અંતર થતું. હવે તો વૃદ્ધ થઈ ગયો છું. બધું બદલાઈ પણ ગયું છે. ત્યારે ભીડ ન હતી, એકાંત હતું. શાંતિ હતી. હવે ત્રણે રહ્યાં નથી. જાણે કે પૂરું હરદ્વાર અર્થપ્રધાન થઈ ગયું છે. કેટલાંક મંદિરો અને આશ્રમો રિક્ષાવાળા પોતાને ત્યાં યાત્રાળુઓને લઈ આવે તેવી કમિશન વ્યવસ્થા પણ કરી બેઠાં છે. જ્યાં ભીડ વધારે ત્યાં આવક પણ વધારે. અમે ચારેક આશ્રમો જોઈને અંતે દક્ષ પ્રજાપતિના મંદિરે પહોંચી ગયાં. આ પૌરાણિક તીર્થ છે. થોડી પુરાણકથા જાણીએ.

દક્ષ પ્રજાપતિને સતી નામની કન્યા હતી. હઠ કરીને તે ભગવાન શંકરને પરણી. સતીનાં માતા-પિતાને આ સંબંધ જરાય માન્ય ન હતો પણ કન્યાની હઠ આગળ તેમણે નમતું જોખ્યું. સંસારમાં ભલભલાને પરિવાર આગળ નમતું જોખવું પડતું હોય છે. ના જોખે તો સંસાર છિન્નભિન્ન થઈ જાય. સંસારને બચાવવા માટે પણ ડાહ્યા માણસોને મન મારીને ન સહન કરવા જેવું પણ સહન કરવું પડતું હોય છે. દક્ષને શંકરજી જરાય પસંદ ન હતા. સામર્થ્ય વિનાનો, દરિદ્ર, સ્મશાનસેવી, ભૂતપ્રેતાદિની મંડળીવાળો, ભાંગ-ધંતૂરાનું સેવન કરનારો ઘોર રૂપધારી જમાઈ કોને ગમે? પણ સતી માટે તો તે જ સર્વસ્વ હતા. લગ્નજીવન એ માત્ર સમજણનો વિષય નથી, લાગણીનો પણ વિષય છે. સમજણમાં અર્થપ્રધાનતા અને સ્વાર્થપ્રધાનતા રહેતી હોય છે. જ્યારે લાગણીમાં આ બંને નથી હોતાં, માત્ર સમર્પણ જ હોય છે. એટલે સમજણ વિનાની લાગણીને આંધળી કહી છે. સતી અને ભગવાન શંકરનાં જેમતેમ લગ્ન તો થઈ ગયાં, પણ દક્ષે કદી શિવજીનો સ્વીકાર ન કર્યો. જે લોકો સમાન કક્ષામાં લગ્ન કરે છે તે જ સાંસારિક સંબંધોની સ્વીકૃતિ પામે છે. જે લોકો વિષમ કક્ષામાં લગ્ન કરે છે તે આવી સ્વીકૃતિ પામી શકતાં નથી. તેમના સંબંધો સ્વમાનપૂર્વકના સુખદાયી નથી હોતા. સંસારના, તેમાં પણ નિકટના સગાના અસુખદાયી સંબંધ અશાન્તિ જન્માવે છે. તેમાંથી કુટુમ્બક્લેશ પણ થતો હોય છે. આવા ક્લેશોમાં હજારો પરિવારો અગ્નિ વિના જ બળ્યા કરતા હોય છે.

દક્ષ પ્રજાપતિએ યજ્ઞનું આયોજન કર્યું. તેમાં પરિવારના બધા દેવોને આમંત્રણ મોકલીને બોલાવ્યા પણ શિવજીને ન તો આમંત્રણ મોકલ્યું, ન તેમને બોલાવ્યા. શિવજી સમજી ગયા કે દક્ષે જાણીકરીને મને ટાળ્યો છે. વ્યાવહારિક પ્રસંગોએ પરિવારના અણગમતા સભ્યોને ટાળીને લોકો પોતાને ધન્ય સમજતા હોય છે. એક પ્રકારથી આ શત્રુતાનાં બીજ વાવવાનું કાર્ય થતું હોય છે. પ્રસંગે હક્કદાર વ્યક્તિને ટાળવી કે ઉપેક્ષા કરવી એ પ્રસંગને હાનિકર બનાવવાની જ પ્રક્રિયા થઈ જતી હોય છે. પણ દક્ષે આવું કર્યું જ. દ્વેષની ઇચ્છાશક્તિ પ્રબળ હોય છે. સામાન્ય માણસ તેના ઉપર નિયંત્રણ રાખી શકતો નથી. દક્ષને પોતાના જમાઈ શિવજી પ્રત્યે તીવ્ર દ્વેષ

છે.

જ્યારે સતીને ખબર પડી કે મારા પિતાના ત્યાં બહુ મોટો યજ્ઞ થઈ રહ્યો છે ત્યારે તે હર્ષાન્વિત થઇ ગઈ. મોટા ભાગે સ્ત્રી, પિયરપક્ષી હોય છે. સાચું-ખોટું નિમિત્ત બનાવીને તે પિયર જવા તૈયાર રહેતી હોય છે. સતીએ શિવજીને કહ્યું કે “ચાલો, મારા પિતાના ત્યાં બહુ મોટો યજ્ઞ થઈ રહ્યો છે. આપણે ત્યાં જઈએ.” શિવજીએ કહ્યું કે “ના, આપણને આમંત્રણ જ નથી. આમંત્રણ વિના જવાથી માન ન રહે અને આ ભૂલથી આમંત્રણ રહી ગયું નથી. પણ જાણીકરીને આપણને ટાળવામાં આવ્યાં છે. આવી જગ્યાએ ન જ જવાય.”

સતીને શિવજીની વાત ન ગમી. હઠીલી સ્ત્રી પોતાનું ધાર્યું કરાવવા અટલ રહે છે. સમર્થ પતિને પણ તેની આગળ નમતું જોખવું પડતું હોય છે. શિવજી હાર્યા અને સતીને કહ્યું કે “જા, તારી તીવ્ર ઇચ્છા છે તો જા, પણ હું નહિ આવું. મને સારું દેખાતું નથી. એટલે થોડા રક્ષક ગણોને સાથે મોકલું છું.” મલકાતાં મલકાતાં સતી ચાલ્યાં. ભવિષ્યદ્રષ્ટા શિવજી ચિંતામાં પડી ગયા. ટૂંકી દૃષ્ટિવાળી સ્ત્રીને ભવિષ્ય દેખાતું નથી. તેથી ઘણી વાર તે મહા અનર્થ કરી બેસતી હોય છે.

સતી જ્યારે દક્ષના ત્યાં પહોંચ્યાં ત્યારે કોઈએ તેમને આવકાર ન આપ્યો. સૌએ ઉપેક્ષા કરી. યજ્ઞકુંડમાં શિવજીનું આસન જ ન દેખાયું. બાકી બધા દેવોનાં આસન હતાં. હવે સતીને શિવજીની વાત સમજાઈ. પણ સમજણ આવતાં મોડું થઈ ગયું હતું. કેટલીક વડીલ-આજ્ઞાઓ વગરસમજ્યે પણ સ્વીકારી લેવા જેવી હોય છે. બધી જ વાતોને તત્કાળ સમજી શકાતી નથી હોતી.

મોટો પ્રસંગ યોજનાર પ્રસંગ ઉપર આવી ચઢેલા બિનઆમંત્રિત વ્યક્તિનો પણ યથોચિત સત્કાર કરે. આમંત્રિત કરતાં બિનઆમંત્રિત વ્યક્તિઓ અપમાનિત થાય તો વધુ હાનિ પહોંચાડી શકતા હોય છે. પોતાનું અપમાન તો સતી ગળી ગયાં. કારણ કે બાપનું ઘર હતું, પોતાના પતિ શિવજીનું અપમાન તેમનાથી સહન ન થયું. તેમને રોમે રોમે ક્રોધ વ્યાપી ગયો, માતા-પિતાના, ગુરુજનોના, પતિના, પત્નીના, રાષ્ટ્રના અપમાન વખતે તો વ્યક્તિને ક્રોધ ચઢવો જ જોઈએ. આવા સમયે પણ જેને ક્રોધ ન ચઢે તે નમાલો કહેવાય. સતીને શિવજી પ્રત્યે સાચો પ્રેમ હતો. શિવજીને પણ સતી પ્રત્યે સાચો પ્રેમ હતો, તેથી તો દરિદ્રતામાં પણ સારું દામ્પત્ય ચાલતું હતું. પતિની આજ્ઞા ન માનવાનું સતીને ભારે દુ:ખ થયું. સાચો પ્રેમ હોય પણ સાચી સમજણ ન હોય તો આવી અનાડી દશા થતી હોય છે. સતીનું ક્રોધથી વિકરાળ વદન લાલઘૂમ થઈ ગયું. વાળ છૂટા મૂકીને મનોમન શિવજીની ક્ષમા માગી અને કહ્યું કે “જો મારો સાચો પ્રેમ હોય તો આવતા જન્મે પણ તમારી જ પત્ની બનું.” આવું કહીને સતી ભડભડ સળગતા યજ્ઞકુંડમાં કૂદી પડ્યાં. પુરુષ સાહસ કરી શકે છે. સ્ત્રી દુ:સાહસ કરી શકે છે. કારણ કે લાગણીઓની શક્તિ અમાપ છે. ભડભડ તેમનો દેહ બળવા લાગ્યો. યજ્ઞમાં ભંગાણ પડ્યું. ચારે તરફ નાસભાગ થવા લાગી. સાથેના ગણોએ ભારે વિધ્વંસ કર્યો. ચિંતાતુર શિવજીને સમાચાર મળ્યા. તે પણ વ્યાકુળ થઈ ગયા. દોડતા આવ્યા અને દક્ષનું માથું કાપી નાખ્યું. પત્નીનો બદલો લીધો. પ્રેમમાં વ્યાકુળ શિવજી પત્નીના મૃતદેહને ઉપાડીને ભારતમાં ફરતા રહ્યા. સતીનું એક એક અંગ જ્યાં પડ્યું ત્યાં શક્તિપીઠ થઈ. સતીના દેહના એકાવન ટુકડા થયા. બલૂચિસ્તાનમાં હિંગળાજ માતાથી માંડીને આસામમાં કામાક્ષ્યા માતા સુધી તેમનાં જુદાં જુદાં અંગો પડ્યાં, જે શક્તિપીઠ બન્યાં. પછી તો શિવજી વર્ષો સુધી નિર્વેદ દશામાં રહ્યા. અંતે તેમનાં પુનર્લગ્નની સ્થિતિ ગોઠવાઈ, કારણ કે સતી નવા જન્મમાં પર્વતરાજની પુત્રી પાર્વતી થઈને જન્મ્યાં હતાં અને હવે ઉંમરલાયક થઈ ગયાં હતાં. તેમણે શિવજીને જ પરણવાની હઠ પકડી હતી. આ તો થઈ પૌરાણિક ગાથા. આનો

આધ્યાત્મિક અર્થ સમજવો હોય તેણે મારું 'શિવતત્ત્વનિર્દેશ' પુસ્તક વાંચવું.

હવે મૂળ વાત ઉપર આવીએ. જે જગ્યાએ દક્ષનો યજ્ઞ-વિધ્વંસ થયો હતો તે જગ્યાએ અત્યારે દક્ષ પ્રજાપતિનું મંદિર છે. અમે બધાં અને બીજાં હજારો યાત્રાળુઓ દર્શન કરવા આવ્યાં છે. પાસે જ ગંગાજીની શાખા વહે છે. પાણીનો વેગ તીવ્ર હોવાથી સ્નાન કરવું કઠિન છે. લોકો જળને માથે ચઢાવીને મંદિરમાં દર્શન કરવા જાય છે. દર્શન કરીને નજીકમાં જ આવેલા આનંદમયી માતાના આશ્રમે તેમની સમાધિનાં દર્શન કરે છે. અમે પણ બધે દર્શન કર્યાં. બહાર નીકળતાં હતાં ત્યાં જ દરવાજા ઉપર ભાવનગરના ભગવાનભાઈ ગુજરાતી મળી ગયા. મને જોઈને તેમના આનંદનો પાર ન રહ્યો. જ્યારે તેમણે જાણ્યું કે હું સિત્તેર માણસો સાથે ચાર ધામ યાત્રા કરવા જાઉં છું તો તે પણ તૈયાર થઈ ગયા. તેમનું શરીર બહુ ભારે, પહાડોમાં ચાલી શકે નહિ. વળી પાછા પોતાની એસેન્ટ ગાડી અને પોતાનો જ ડ્રાઇવર લઈને યાત્રા કરવા માગે છે. પહાડી વળાંકોમાં આપણા ડ્રાઇવરો ન ચાલી શકે. માંડ સમજાવીને તેમને રોક્યા. બધે ફરીને અમે પાછાં ઉતારે ગયાં. કેટલાક ભારે ભીડમાં પણ હરની પૌડી ઉપર ગયા. સાથે લીધેલા રસોડે હું ભાગ્યે જ જમું છું. મારી ખરી દવા ભોજન છે. જો ભોજન પ્રતિકૂળ હોય તો બીમાર થઈ જવાય છે. એટલે નજીકમાંથી જ ઈડલી-સાંભાર મંગાવીને મેં જમી લીધું.

હરની પૌડી વિશે થોડી ચર્ચા કરવી ઠીક રહેશે.

હર કી પૌડી: અસ્થિવિસર્જન

આ હર કી પૌડી છે. હરદ્વારમાં સૌથી વધુ આ પવિત્ર જગ્યા ગણાય છે. અહીંના સ્નાનનું સર્વોચ્ચ મહત્ત્વ છે એટલે સૌથી વધુ ભીડ અહીં રહે છે. આ સ્થાનને બ્રહ્મકુંડ પણ કહેવાય છે. અહીં પ્રત્યેક યાત્રી સ્નાન જરૂર કરે છે. ઉપર સાત સરોવરથી ગંગાજીની બે ધારા થઈ જાય છે. એક જે મુખ્ય ધારા છે તેને નીલધારા કહેવાય છે. બીજી અહીં હર કી પૌડી આવે છે. જ્યાં સુધી સ્નાન કરવાની વાત છે ત્યાં સુધી તો ઠીક જ છે. પણ અહીં એક બીજું મહત્ત્વ પણ છે. તે છે: અસ્થિવિસર્જનનું. આપણે મૃતકનો અગ્નિદાહ કરીએ છીએ. અગ્નિદાહ પછી બે વિધિઓ કરવાની હોય છે એક તો ભસ્મનું વિસર્જન અને બીજું અસ્થિનું વિસર્જન.

પં. નહેરુજી લગભગ નાસ્તિક જેવા હતા તોપણ તેમણે ભારતની નદીઓમાં પોતાની ભસ્મનું વિસર્જન કરવાનું વિલ લખ્યું હતું. સામાન્ય માણસ પણ પૂરા દેશમાં નહિ તો થોડાંક પ્રસિદ્ધ સ્થળોમાં આ કાર્ય કરતો હોય છે. તેને "ટાઢી ઠારવી" પણ કહેવાય છે. જો સ્મશાનમાં રાખનો ઢગલો થવા દેવાય તો અવ્યવસ્થા થઈ જાય. એટલે તેનો યોગ્ય નિકાલ કરવો જરૂરી છે. ધર્મનું માહાત્મ્ય મૂક્યા વિના સ્વેચ્છાથી લોકો કશું કરતા નથી. તેથી ધાર્મિક માહાત્મ્ય મૂકવું જરૂરી થઈ જાય છે. આ ધાર્મિક માહાત્મ્ય અંતે લોકરિવાજ થઈ જાય છે. ભસ્મ-વિસર્જનની સાથે સાથે અગ્નિદાહ પછી એક બીજો પ્રશ્ન પણ ઊભો રહે છે. ગમે તેટલી સારી રીતે અગ્નિદાહ આપ્યો હોય તોપણ થોડાંક અસ્થિ તો બળ્યા વિનાનાં રહી જતાં હોય છે, આવાં અસ્થિઓનું શું કરવું? જો તેમનો પણ ઢગલો થવા દેવાય તો અવ્યવસ્થા થઈ જાય. એટલે ફરી પાછું ધાર્મિક માહાત્મ્ય મૂકવું જરૂરી થઈ જાય છે. માહાત્મ્ય મુકાયું અસ્થિવિસર્જનનું. કોઈ પવિત્ર નદી કે જળમાં તેનું વિસર્જન કરવાથી મરનારના આત્માને મોક્ષ મળે છે તેવું માહાત્મ્ય મુકાયું. આવાં સ્થળોમાં હર કી પૌડી સર્વોચ્ચ સ્થાને છે. ભારતભરમાંથી અહીં પ્રતિદિન અસંખ્ય માણસો અસ્થિ લઈને પધરાવવા આવે છે. તેની વિધિ થાય છે. શ્રાદ્ધ, પિંડદાન વગેરે કરાવાય છે અને અહીં હર કી પૌડીમાં તેનું વિસર્જન થાય છે.

જ્યારે આ વિધિ રચાઈ અને રિવાજ બન્યો ત્યારે ભારતની વસ્તી ઘણી ઓછી હતી. રેલવે વગેરે વાહનો ન હતાં, એટલે અહીં આવનાર યાત્રીઓની સંખ્યા જૂજ જ રહેતી. એટલે અસ્થિવિસર્જન પણ અત્યંત જૂજ જ થતું. પણ હવે તો વસ્તીવધારો ઘણો થયો છે. અત્યારે તો અહીં પગ મૂકવાની જગ્યા નથી. અમે ગયાં ત્યારે નહાવાની વાત તો દૂર રહી, આચમન કરવાની પણ જગ્યા ન હતી. એટલે હવે અત્યારે પ્રતિ વર્ષ અહીં કેટલા ટન અસ્થિ પધરાવાતાં હશે તે કહેવું કઠિન છે. અનેક ટન અસ્થિઓમાં જાત-જાતની બીમારી અને ચેપી બીમારીનાં અસ્થિઓ પણ આવતાં હશે. આટલા મોટા પ્રમાણમાં પધરાવેલાં અસ્થિઓથી જળ દૂષિત થાય જ. આ જળ નીચેના ભાગોમાં, અરે કનખલથી જ, પીવાના કામમાં લેવાય છે. વૈજ્ઞાનિક રિસર્ચ પછી જાણવા મળ્યું છે કે હવે અહીંથી જળ પીવાને યોગ્ય નથી રહ્યું. તેમાં મોટાં મોટાં કારખાનાંનાં કેમિકલ પણ ભળે છે. ઘણું બધુ ભળે છે. તેની સફાઈની યોજના સરકારે બનાવી હતી પણ ખબર નહિ શું થયું! બીજાં બધાંની વાત છોડીએ. અસ્થિની વાત કરીએ. અસ્થિ વિશેનો અભિગમ બદલી ન શકાય?

જે લોકો અગ્નિદાહ નહિ પણ ભૂમિદાહ કરે છે, તેમની તો કબર, મકબરો, દરગાહ વગેરે નામથી યાદગીરી રહે છે. આપણી આ પ્રકારની કોઈ યાદગીરી રહેતી નથી. વર્ષો પહેલાં મેં એક યોજના પ્રસ્તુત કરી હતી તેને ફરીથી અહીં રાખું છું.

અગ્નિદાહ દીધા પછી જે અસ્થિઓ બચી જાય તે બધાં ભેગાં કરીને સ્મશાનભૂમિ આગળ જ ગામ પ્રમાણે એક ખાલી ભૂમિનો વિશાળ ભૂભાગ રહેતો હોય છે. ન હોય ત્યાં રખાય. જેમ ગૌચર હોય છે તેમ આવી ભૂમિ પણ રહે. પેલાં અસ્થિ લઈને આ ભૂમિ ઉપર વ્યવસ્થિત રીતે પ્લાનપૂર્વક ખાડો કરીને દાટવામાં આવે. તેના ઉપર એક સારું દીર્ઘજીવી વૃક્ષ વાવવામાં આવે. ખાસ કરીને બોરસલીનું. પછી મૃતકના વારસદારો તેનો ઉછેર કરે. પ્રતિ વર્ષ અહીં મૃત્યુતિથિએ સગાં-વહાલાં એકત્રિત થાય, પ્રાર્થના વગેરે કરે, સ્મરણાંજલિ આપે. વૃક્ષ જ્યારે મોટું થાય ત્યારે તેના ઉપર પિત્તળની પ્લેટ લગાવી આ રીતે પૂરી ભૂમિ ઉપર એક સરસ મજાનું વન ઊભું થઈ જાય. પર્યાવરણ સુધરે. ગામની શોભા વધે. હરવા-ફરવા બેસવા-ઊઠવાની જગ્યા બને. શું આવું ન થાય?

મૃતકના મોક્ષ માટે કેટકેટલી લાલચો આપેલી છે. જેના આધારે જાતજાતની વિધિઓ પણ રચાઈ છે. આમાંથી એક વર્ગની આજીવિકા બંધાઈ છે. જેના કારણે કેટલીક જગ્યાએ ત્રાસ પણ થાય છે. હવે આ વિધિઓમાં પરિવર્તનની જરૂર છે. હવે એવી વિધિઓ રચાય કે જેમાં કોઈનો ત્રાસ ન હોય, જબરદસ્તી ન હોય. જે સમાજલક્ષી, માનવતાલક્ષી અને પર્યાવરણલક્ષી હોય. સુજ્ઞ લોકો વિચારે, ઓછામાં ઓછું આ હર કી પૌડી જેવી અનેક પવિત્ર જગ્યાઓને તો બચાવે. આપણે વધુ સારા થવું છે. થઈ શકાય છે. માત્ર સંકલ્પની જરૂર છે. આપણે સુધારાવાદી છીએ, એટલે તો ટક્યા છીએ. જે સુધરે છે તે ટકે છે. રૂઢિવાદીઓ લાંબું ટકતા નથી, કારણ કે રૂઢિઓ સમયની સાથે અપ્રસ્તુત થઈ જતી હોય છે.

31-7-09

*

3. જમુનોત્રી તરફ

આજે તા. 17-7-09 છે. સવારે ચા-નાસ્તો કરીને બધાં તૈયાર થઈ ગયાં. આજથી અમારે હિમાલયના પર્વતોમાં યાત્રા કરવાની છે. સર્વપ્રથમ આજે અમારે યમુનોત્રી જવાનું છે. અમે બધાં તો તૈયાર થઈ ગયાં છીએ પણ અમારા સંચાલક હજી તૈયાર નથી. તે થોડા ઢીલા માણસ લાગે છે. ઢીલું નેતૃત્વ ઢીલાં જ પરિણામ લાવે. અંતે અમે જયકારો કરીને બસોને વિદાય કરી. અત્યારે અહીં શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ચારે તરફ કાવડિયા જ કાવડિયા દેખાય છે. આ વર્ષે પંચોતેર લાખ કાવડિયા ગંગાજળ લેવા આવ્યા છે. આટલી મોટી સંખ્યાથી તો વિદેશીઓ ગભરાઈ જ જાય. ચારે તરફ શિવ જ શિવ છે. વાહનો ચલાવવાં કઠિન થઈ ગયાં છે. જો જરાક કોઈ કાવડિયાને વાહન અડી જાય તો આવી જ બને. તે લોકોનો ભારે સંપ છે. આવી એકતા જો રાષ્ટ્રીય પ્રશ્નોમાં રખાય તો રાષ્ટ્ર ધન્ય થઈ જાય. મોટા ભાગના બધા કાવડિયાઓ જુવાન છોકરાઓ છે. ક્યાં છે નાસ્તિકતા? બધાના ચહેરા ઉપર શ્રદ્ધાનું તેજ છલકાઈ રહ્યું છે. ઘણાને જાણીને નવાઈ લાગશે પણ આ કાવડોના બનાવનારા મુસ્લિમ કારીગરો હોય છે. પતંગ અને તાજિયામાં જે કલાગીરી દર્શાવાય છે, તે જ આ કાવડોમાં પણ દેખાય છે. અને હા, કાવડની કિંમત પાંચ હજારથી એક લાખ સુધીની પણ થઈ શકે છે. કેટલા મુસ્લિમ કલાકારો અને કારીગરોને રોજીઓ મળે છે? રોજીની બાબતમાં ધર્મ કદી આડે આવતો નથી. જો ધર્મ આડે આવે તો સમજવું કે તે અનુયાયીઓને દરિદ્ર બનાવી મૂકશે. એક રીતે કાવડ બનાવવાનો ગૃહઉદ્યોગ જ ચાલે છે. પૂરું ઘર કામે લાગી જાય છે.

હવે અમારી બસ પહાડો ચઢવા લાગી છે. વનરાજી પુષ્કળ છે. પૈદલયાત્રીઓ પણ પુષ્કળ આવી રહ્યા છે. ટ્રકો ભરી ભરીને પણ યાત્રાળુઓ અને કાવડિયાઓ આવી રહ્યા છે. કેટલાક તો ટ્રકોમાં લટકતા-લટકતા જઈ રહ્યા છે. કેટલી બધી ધર્મભાવના છે? આટલું મોટું પ્રેરક બળ બીજું કોઈ નથી.

આ હાઈડ્રો વિદ્યુતકેન્દ્ર છે. ગંગાના પ્રવાહમાંથી વીજળી ઉત્પન્ન થઈ રહી છે. જેમાં ગતિ છે. તે બધું જ ઊર્જા છે. પછી તે પાણી હોય, પવન હોય કે સૂર્યકિરણો હોય. બધું જ ઊર્જા છે. તેનો ઉપયોગ કરતાં આવડે તો રાષ્ટ્ર અને પ્રજા માલામાલ થઈ જાય. આ ઉત્તરાંચલમાં વીજળીનો પુષ્કળ સ્કોપ છે. કારણ કે નદી-નાળાં ઘણાં છે. તે બધાંનો જો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય તો હજારો મેગાવોટ વીજળી ઉત્પન્ન થઈ શકે તેમ છે. જોકે અત્યારે પણ અહીં વીજળી સરપ્લસ છે. છેક ગુજરાત સુધી અહીંની વીજળી પહોંચે છે. વીજળી અને પ્રવાસન—આ બે જ આ પ્રદેશને મહત્ત્વની રેવન્યૂ પૂરી પાડે છે. યુ.પી.થી અલગ થયા પછી ઉત્તરાંચલે સારો વિકાસ કર્યો છે. નાનાં રાજ્યોથી વિકાસને વેગ મળે છે. તેનું આ પ્રમાણ છે. જો સૌરાષ્ટ્રને પણ અલગ રાજ્ય બનાવાય તો વર્ષોજૂની તેની અન્યાયની ફરિયાદ સમાપ્ત થઈ જાય અને વિકાસ સારો થાય. વીજળી ઉત્પન્ન કર્યા પછી તે જ પાણી પાછું ગંગાજીમાં ઠલવાય છે. તેની નહેર છે. અમે કિનારે-કિનારે જઈ રહ્યાં છીએ.

અમારી બસો રોકી દેવાઈ. પૂરો ટ્રાફિક રોકી દેવાયો છે. કાવડિયાઓની ભીડને કારણે પોલીસે મુખ્ય રસ્તો રોકીને ટ્રાફિકને બીજા રસ્તે વાળી દીધો છે. રસ્તામાં જોયું તો કોઈ દાતા તરફથી બહુ મોટો ભંડારો ચાલી રહ્યો છે. સેંકડો કાવડિયાઓ જમી રહ્યા છે. વ્યવસ્થા સારી લાગે છે. શ્રદ્ધામાંથી દાનવૃત્તિ પ્રગટે છે. હવે જેમ તેમ કરીને માંડ હૃષીકેશ પહોંચ્યાં છીએ. અમારે

નગરમાં જવાનું નથી. બારોબાર દેહરાદૂન તરફ જવાનું છે. દેહરાદૂન અત્યારે ઉત્તરાંચલની રાજધાની છે. પણ સ્થાયી રાજધાની માટે વિવાદ ચાલી રહ્યો છે. ઘણાં શહેરો પોતપોતાના દાવા કરી રહ્યાં છે.

આ બાજુ દેહરાદૂન નજીક નવું હવાઈમથક બની રહ્યું છે. નાનાં વિમાનો તો આવ-જા પણ કરી રહ્યાં છે. ખાસ કરીને આ ચાર ધામના યાત્રાળુઓ સીધા અહીં ઊતરે અને અહીંથી હૅલિકૉપ્ટરના દ્વારા સીધા ચાર ધામ યાત્રા કરે તેવી યોજના છે. હવે લોકો પાસે સમય નથી અને અગવડો ભોગવવાની તૈયારી પણ નથી. સગવડો જોઈએ. સગવડોથી રોજીઓ ઊભી થાય છે અને અર્થતંત્ર સમૃદ્ધ બને છે. થોડા જ સમયમાં અહીં મોટાં વિમાનો પણ આવ-જા કરવા લાગશે.

રોડ ઉપર ટોલટૅક્સનું બૂથ આવ્યું, પણ ડ્રાઇવરે બસ મારી મૂકી. મારે તેની તલવાર કહેવાય. ફરી પાછો કાવડિયાઓના કારણે ટ્રાફિક જામ થઈ ગયો છે. અમે દેહરાદૂનના બસ-સ્ટૅન્ડે પહોંચ્યાં છીએ. બસો ઊભી રહી. નજીકમાં જ ફળોની ઘણી લારીઓ ઊભી છે. ત્યાંથી બધાં માટે દશેરી અને ચોકો કેરીઓ ખરીદી અને બબ્બે કેરીઓ ખવડાવી. બધાંને મજા આવી ગઈ. લારીઓ મોટે ભાગે મુસ્લિમ વ્યાપારીઓની હતી. મોટા ભાગે મુસ્લિમો નાના વ્યાપાર તરફ વલણ ધરાવતા હોય છે. સાંજે હિસાબ પૂરો. ફરી પાછાં અમે ચાલ્યાં. દેહરાદૂન પાર કર્યું. આ નગર ઘણી રીતે પ્રસિદ્ધ છે. આપણા ઘણા નેતા અથવા તેમનાં બાળકો અહીંની શિક્ષણસંસ્થાઓમાં ભણ્યાં છે. અહીં સૈનિક શિક્ષણનું પણ મોટું કેન્દ્ર છે. પાકિસ્તાનના ઘણા સેનાપતિઓ અહીં જ શિક્ષિત થયા છે. કહેવાય છે કે 1971માં બાંગ્લાદેશ વિજય વખતે પરાજય સ્વીકારી સમર્પિત થનાર પાકિસ્તાની જનરલ નિયાજી અને તેમની શરણાગતિ સ્વીકારનાર આપણા સેનાપતિ જગજિત સિંહ અરોડા આ દેહરાદૂનમાં એકસાથે જ ભણતા હતા.

હવે અમે દેહરાદૂન પાર કરી ચૂક્યાં છીએ. હવે કાવડિયા દેખાતા નથી. કારણ કે ગંગાજી નથી. હવે ટ્રાફિક ઓછો થઈ ગયો છે. રસ્તો પણ સારો છે. વચ્ચે મહાદેવનું એક મંદિર આવ્યું. લગભગ બધાં જ લોકો અહીં ઊભા રહી દર્શન કરે છે. અમે પણ ઊભાં રહ્યાં. અને દર્શન કર્યાં. આ મંદિરની બે-ત્રણ વિશેષતાઓ સમજવા જેવી છે. એક તો અહીં પૈસા ચઢાવવાની કે મૂકવાની સખત મનાઈ છે, ચારે તરફ જ્યાં જુઓ ત્યાં મંદિરોમાં પૈસાની હાયતોબા મચી છે ત્યારે આ મંદિર નવો જ ચીલો પાડી રહ્યું છે. કેટલાક અર્થલોભી લોકોએ તો મંદિર પ્રવેશની પણ મોટી મોટી રકમની ટિકિટો લગાવી છે. હાય પૈસો, હાય પૈસો થઈ રહ્યું છે. ત્યાં આ મંદિર પૈસાનો સખત અસ્વીકાર કરે છે. એટલું જ નહિ આવનાર પ્રત્યેક દર્શનાર્થીને ભાતનો પ્રસાદ અને મફત ચા પિવડાવે છે. કહેવાય છે કે હરદ્વારના એક સ્વામીજીએ આ મંદિર બંધાવ્યું છે. શ્રીમંત ભક્તો બધો ખર્ચો ઉઠાવે છે. કશી જ યાચના વિના મંદિર સારી રીતે ચાલે છે. મંદિરને કોમર્શિયલ સૅન્ટર બનાવી સિનેમાની માફક ટિકિટ લગાડનારા લોકોને અહીં જરૂર લાવવા જોઈએ અને બતાવવું જોઈએ કે જુઓ, વગર માગ્યે પણ મંદિર કેવું ચાલે છે! અત્યારે એક કલાક માટે મંદિર બંધ છે. મંદિરથી બધાં જ પ્રભાવિત થયાં. ભગવાન કરે અને બધાં મંદિરો આવાં નિર્લોભી થઈ જાય તો હિન્દુ ધર્મ ધન્ય ધન્ય થઈ જાય. આ ટપકેશ્વર મહાદેવનું મંદિર છે.

અમે વિદાય થયાં અને પહાડોની રાણી મસૂરી પહોંચ્યાં. એવું કહેવાય છે કે પહેલાં અહીં મહેશ્વરી દેવીનું નાનું સ્થાન હતું. મહેશ્વરી ઉપરથી મસૂરી નામ અંગ્રેજોએ પાડ્યું છે. અંગ્રેજોએ કલકત્તાથી ભારતની રાજધાની જ્યારે દિલ્હી ખસેડી, છેલ્લા મુગલ બાદશાહ બહાદુર શાહ

'જફર'ને રંગૂનમાં દેશનિકાલ કરી જેલમાં પૂરી દીધો, ત્યારે દિલ્હીની અસહ્ય ગરમીથી બચવા તેમણે હિમાલયમાં સાતથી નવ હજાર ફૂટની ઊંચાઈવાળાં પર્વતશિખરો શોધવાં શરૂ કરેલાં. તેમાં સિમલા, મસૂરી, નૈનીતાલ, ડેલહાઉસી વગેરે અનેક શિખરોને પસંદ કરેલાં અને વિકસાવેલાં, તેઓ ઉનાળામાં આ શિખરોમાં રહેતા અને રાજવ્યવસ્થા ચલાવતા. પશ્ચિમની મૂળ દાર્શનિક દૃષ્ટિ સમજવા જેવી છે. અગવડોને હટાવો અને બને તેટલી સગવડોને ભોગવો. સગવડો ભોગવવી તે પાપ નથી. તેમ જ અગવડો ભોગવવી તે કોઈ પુણ્ય નથી. તેથી જ્યાં જ્યાં ગયા અને રહ્યા ત્યાં શક્ય તેટલી સગવડો ઊભી કરીને રહ્યા. જેનો વારસો હવે આપણે ભોગવી રહ્યા છીએ. મસૂરીમાં એક ભૂતપૂર્વ યુ.પી.ના મુખ્યમંત્રીનો સૌથી મોટો બંગલો છે. કહે છે કે તેમાં 40 બેડરૂમો છે. સૌને શુદ્ધ અને ઠંડી હવા ખાવી ગમે છે. મસૂરી પાર થઈ રહી છે. બિન્દાસ્ત ગાયો રસ્તા વચ્ચે બેઠી છે. વાહનો તેમનો ચકરાવો લઈને ચાલે છે. અહીં પર્વતીય રસ્તાની બાજુમાં જગ્યા નથી હોતી, વારંવાર ટૂંકા વળાંકો આવે છે. ગાયોના કારણે ડ્રાઇવિંગ વધુ કઠિન થઈ જાય છે. વાહનોને ધીરે રહીને છેક રોડના કિનારે લઈ જઈને પછી આગળ લેવાં પડે છે. કિનારે તો મોટી ખાઈ છે. જો જરાક ચૂક્યા તો ગયા પાતાળમાં. ગાય માતા તો શાંતિથી વાગોળી રહી છે. વેદાન્તી જેવી નિ:સ્પૃહ લાગે છે. મારે શું? અમદાવાદના નરોડા વિસ્તારમાં પ્રતિ વર્ષ ગાયોના દ્વારા 2-3 માણસો મરતાં હશે અને પાંચ-છ અપંગ થતાં હશે. ભલે ને થાય, મારે શું? આપણે વ્યવસ્થા કરી શકતા નથી.

હવે અમે જમુના નદી સુધી પહોંચી ગયાં છીએ. જમુનાના કિનારે કિનારે સામાં જઈ રહ્યાં છીએ. તે નીચે ઊતરે છે અને અમે ઉપર ચઢીએ છીએ. જમુનાજી અહીં સાવ સાંકડાં છે. આગળ અનેક નાળાં મળે છે તેથી વિશાળ થાય છે. સંસ્કૃતિનું પણ આવું જ છે. નાળાં સ્વીકારે તે વિશાળ બને, નાળાંને દૂર ધકેલે તે વિશાળ ન બને; તે સંકોચાઈને સુકાઈ જાય.

જમુનાજીના બંને કિનારા તરફ ગામો છે. પ્રદેશ લીલોછમ છે. પહાડી ખેતી સારી છે. બંને તરફ આવ-જા કરવા માટે અંગ્રેજોએ સાંકડા નાના પુલો બાંધેલા જેમાં ખચ્ચર જઈ શકે. તે હજી પણ અડીખમ ઊભા છે. જો કે હવે તેનો ઉપયોગ થતો નથી. પણ આ રસ્તા, પુલો એવા ને એવા જ દેખાય છે. જાહેર નિર્માણકાર્યોથી પ્રજાની પ્રામાણિકતાનું માપ નીકળતું હોય છે. જ્યારે આ પુલો નહિ હોય ત્યારે પ્રજા આવ-જા કેવી રીતે કરતી હશે? ધસમસતી નદીમાં નાવ તો ચાલી શકે તેમ નથી. સગવડો વધારો અને સુખી થાઓ. સુખી કરો.

પહાડી રસ્તાના વળાંકમાં ઘણી વાર બે વાહનો સામસામાં આવી જતાં હોય છે. ટકરાતાં-ટકરાતાં રહી જાય છે. અહીંના ડ્રાઇવરો સિક્કિમ-ભુતાન જેવા સમજુ અને સહિષ્ણુ નથી. તે પાછા પડતા નથી રકઝક કરે છે. પછી માંડ પાછા પડે છે. પ્રજાની કક્ષાનો ખ્યાલ આવે છે. હવે અમે બડકોટ પહોંચ્યાં છીએ. અહીંથી ગંગોત્રી જવાનો રસ્તો પણ નીકળે છે. પહેલાં આ રસ્તો ન હતો ત્યારે છેક પાછા નીચે સુધી આવવું પડતું. વળતાં અમારે અહીંથી વળીને ગંગોત્રી જવાનું થશે.

હવે રસ્તો સારો નથી. કાચા પહાડો હોવાથી વારંવાર ઉપરથી પથ્થરો વગેરે ધસી આવે છે અને રસ્તાને અવરુદ્ધ કરી દે છે. ઘણે નીચે જમુનાજી વહી રહ્યાં છે. પટની વિશાળ ખાલી જગ્યામાં ખેતરો છે. લીલીછમ ખેતી દેખાય છે. જ્યાં રોજી મળે ત્યાં લોકો વસે. નદીના પટમાં કે પછી પર્વતોના શિખર ઉપર, બધે જ લોકો વસ્યાં છે.

ચા-પાણી માટે બસ ઊભી રહી. સાંજના પાંચ વાગી ચૂક્યા છે. બાજુના વૈષ્ણો ઢાબામાંથી

મગની દાળ અને ગરમગરમ રોટલી શક્તિસિંહ લઈ આવ્યા. મેં જમી લીધું. લગભગ પૂરા પ્રવાસમાં આ ઢાબાઓ મારા માટે બહુ ઉપયોગી રહ્યા. અમે આગળ ચાલ્યાં. સાંજના સાડા સાત વાગી ચૂક્યા છે. પણ બસવાળાએ નાની કે મોટી લાઇટ કરી નથી. ભારતમાં આવું જ ચાલે છે. વિદેશમાં સૂર્યાસ્ત થતાં જ લાઇટ કરી દેવી ફરજિયાત હોય છે. લાઇટ તમારા પ્રકાશ માટે જ નથી, પણ સામેથી આવતા વાહનને તમારા અસ્તિત્વની પ્રતીતિ કરાવવા માટે પણ છે, આ વાત હજી આપણા ડ્રાઇવરો સમજી શક્યા નથી.

હા-ના કરતાં રાત્રે સાડા આઠ વાગ્યે અમે શ્યાના ચટ્ટી પહોંચ્યાં. અહીં ચાર-પાંચ હોટલો જ છે. જો વહેલા નીકળ્યા હોત તો સૂર્યાસ્ત પહેલાં અહીં પહોંચી શક્યા હોત. મેં તો જમી લીધું હતું એટલે થાક્યોપાક્યો તરત જ સૂઈ ગયો. પણ બીજાં યાત્રાળુઓને જમતાં-કરતાં અગિયાર વાગી ગયા. યાત્રામાં આયોજન મહત્ત્વની વસ્તુ છે.

31-7-09

દેવભૂમિ

યમુનોત્રી યાત્રા કરીને અમે પાછાં આવ્યાં છીએ. ઉમેશ મારી પાસે આવ્યો અને કહે કે "ખરેખર આ હિમાલય દેવભૂમિ જ કહેવાય." ઉમેશ વૈષ્ણવ છે અને જમુનાજી પ્રત્યે તેને અહોભાવ છે. વારંવાર તે "ગિરિરાજ ધરણ કી જય" બોલાવે છે. હું પણ ઘણી વાર તેને જોઈને ગિરિરાજ ધરણ કી જય બોલું છું. મને કશી એલર્જી નથી એટલે હું સમજતો કે તેના અહોભાવથી તે બોલી રહ્યો છે. પણ પછી તેણે ઘટના સંભળાવી.

યમુનોત્રી જવા માટે અમે ઘોડા નક્કી કર્યા. એક ઘોડાવાળાને બે ઘોડાના આઠ સો રૂપિયા આપી દીધા. પછી સૌ પોત-પોતાના ઘોડા ઉપર બેસીને વિદાય થવા લાગ્યાં. અમારે બે ઘોડા કૅન્સલ કરવાના થયા, પણ પેલો ઘોડાવાળો ક્યાંય દેખાય નહિ. આટલી બધી ભીડમાં તેને ક્યાં શોધવો? હું તો સમજ્યો કે હશે ચાલો યમુના મહારાણીની આવી ઇચ્છા હશે. એમ વિચારીને ચાલવાની તૈયારી કરતો હતો ત્યાં પેલો દોડતો આવ્યો. કહે કે સાહેબ હું તમને શોધું છું. તમે બે ઘોડા કૅન્સલ કર્યા. તેના આ આઠ સો રૂપિયા પાછા લ્યો." હું તો દંગ જ થઈ ગયો. જ્યાં ગરીબ માણસ સામે ચાલીને પૈસા પાછા આપવા આવ્યો. તે ન આવ્યો હોત તોપણ અમારી પાસે તેનું કશું નામ-ઠામ ઠેકાણું તો હતું નહિ. ક્યાં ખોળવાના હતા? મેં તેને સો રૂપિયા બક્ષિસ આપવા માંડ્યા. પણ તેણે ન લીધા. "મુફ્ત કે હમ નહિ લેતે" કહીને તે ચાલતો થયો.

ઉમેશની વાત સાંભળીને મને નવાઈ ના લાગી. અત્યારે તો હવે અહીં ઘણું બગડી ગયું છે. 40 વર્ષ પહેલાં હું જ્યારે અહીં આવ્યો હતો ત્યારે ખરેખર રામરાજ્ય જ હતું. લોકો ઘણા સાત્ત્વિક હતા. ચોરી, લૂંટ, છળ-કપટ તો અહીં હતું જ નહીં. ખરેખર આ દેવભૂમિ જ કહેવાય. હવે માનવભૂમિ થઈ રહી છે. અને હરદ્વારથી છેક બંગાળ સુધી તો કઈ ભૂમિ થઈ ગઈ છે તે કહી શકાય તેમ નથી. ભૂમિ તો એની એ જ રહે છે પણ ઉપર વસતા માણસોના વ્યવહારથી તેનું સ્વરૂપ નક્કી થતું હોય છે. અને હા, માણસોનો વ્યવહાર તેમના જિન અને ઘડતરથી નક્કી થતો હોય છે.

31-7-09

*

4. જમુનોત્રી તરફ

આજે તા. 19-7-09 છે. ચા-પાણી, નાસ્તો કરીને અમે વિદાય થયાં. શ્યાના ચટ્ટીથી બે-ચાર કિ.મી. ચાલ્યા હોઈશું કે ટ્રાફિક જામ થયેલો દેખાયો. રાતના વરસાદના કારણે કાદવમાં એક બસ ફસાઈ ગઈ હતી. કેમે કરીને નીકળતી ન હતી. વાહનોની લાંબી લંગાર બંને તરફ થઈ ગઈ હતી. જગદીશભાઈ પરિસ્થિતિ જોઈને પાછા આવ્યા કહે કે કોઈ હિસાબે બસ નીકળે તેમ નથી. હવે શું થાય? પાછા જવું પડશે. અંતે કંટાળીને હું અડધો કિ.મી. દૂર બસ ફસાઈ હતી ત્યાં ગયો. લોકોને ધક્કો મારવાની પ્રેરણા આપી અને સૌના આશ્ચર્ય વચ્ચે બસ બહાર નીકળી ગઈ. લોકોના આનંદનો પાર ન રહ્યો. સૌ મારો ચમત્કાર માનવા લાગ્યા. આ માત્ર સહજ વાત હતી પણ ચમત્કારપ્રેમી શ્રદ્ધાળુઓ તરત જ તેને ચમત્કાર બનાવી દેતા હોય છે.

ભારતમાં મહાન થવાનો સૌથી સરળ અને ટૂંકો રસ્તો છે ચમત્કારનો. બસ, ચમત્કાર કરો અને રાતોરાત મહાન થઈ જાવ, અરે ભગવાન થઈ જાવ. હવે તો T.V. ચૅનલોનો ઉપયોગ કરો અને છવાઈ જાવ. હા, બધું પ્રચારતંત્ર ગોઠવતાં આવડવું જોઈએ. જે લોકો વિદ્વાન છે, જ્ઞાની છે, સંત છે, સેવાકાર્ય કરનારા છે, ધર્મ અને સમાજસુધારકો છે તે મહાન નથી થઈ શકતા. કદાચ થાય તો મૃત્યુ પછી, વર્ષો પછી, પણ ચમત્કારીઓ તો જીવતાં-જીવતાં મહાન અવતાર, ભગવાન થઈ જાય છે અને વારસદારોને પણ મહત્તાનું પદ આપતા જાય છે. આ ધર્મરોગ છે, જે ભારતની પ્રજાને વળગ્યો છે.

સૌ કોઈ પોતપોતાનાં વાહનો તરફ દોડ્યાં. સૌને જવાની ઉતાવળ છે. અમે ઉતાવળ ન કરી. પછી ખ્યાલ આવ્યો કે અહીંથી જ નાની ક્વોલીસ જેવી ગાડીઓમાં જાનકી ચટ્ટી જવું વધુ હિતાવહ છે. આઠ-દસ માણસો વચ્ચે ક્વોલીસ કરીને અમે તો બધાં જાનકી ચટ્ટી પહોંચી ગયાં. હવે અહીંથી આગળ છ કિ.મી. યમુનોત્રી છે. જે પગે ચાલીને, ઘોડા ઉપર કે પછી ડોલીમાં જવાનું છે. ઘોડાઓનો પાર નથી. જ્યાં જુઓ ત્યાં ઘોડા જ ઘોડા દેખાય છે. ઘોડાવાળા પકડી પકડીને પોતાનો ઘોડો લેવાનું દબાણ કરી રહ્યા છે. અમે બધાં વિખરાઈ ગયાં. આટલી ભીડમાં આ પહાડી ખાંચામાં એકસાથે રહેવું કઠિન છે. પહેલાં હું આવેલો 45 વર્ષ ઉપર ત્યારે પગે ચાલતાં ગયેલો. પણ હવે મારી ઉંમર થઈ ગઈ છે. એક મજબૂત ઘોડો મેં નક્કી કર્યો અને તેના ઉપર ચઢ્યો પણ ખરો. સાવ દૂબળું ટટ્ટુ હાથમાં ન આવે તેનું ધ્યાન રાખવું જરૂરી છે. થોડી જ વારમાં ઘોડાવાળો બીજી બે સવારી લઈ આવ્યો. જેમાંથી એક વધુ વજનદાર હતી. મને આગ્રહ કરીને એક મધ્યમ કક્ષાના ઘોડા ઉપર ટ્રાન્સફર કરી દીધો. પેલો મજબૂત ઘોડો પેલી નવી જાડી સવારીને આવ્યો. મને ના ગમ્યું. કારણ કે મારો સારો મજબૂત ઘોડો બદલાઈ ગયો હતો. પણ ચલાવી લીધું. અમે તો ચાલવા માંડ્યું. થોડી જ વારમાં ખબર પડી કે પેલો મજબૂત ઘોડો તો પહાડ તરફ ઘસાઈને ચાલે છે. ઉપરની છતનો ભાગ પણ નીચો હોવાથી માથું છોલાવાનો ડર રહે છે. ઘોડાવાળો વારંવાર તેને મારીને ખરા રસ્તે લાવે છે. વિચાર આવ્યો કે ચાલો સારું થયું. જો ઘોડો ના બદલાયો હોત તો મારું માથું છોલાઈ જાત. કદાચ એટલે જ લોકો કહેતા હોય છે કે "ભગવાન કરે તે ભલા માટે." મારી આગળ ભારે શરીરવાળાં ઉમેશનાં ધર્મપત્ની પલ્લવીબહેન જાય છે. તેમનું ઘોડું તો ટટ્ટુ છે. વળી આગળ જવાની જગ્યાએ પાછું પડે છે. તેને ચલાવવા માટે ઘોડાવાળો ઝૂડઝૂડ કરે છે. મને થયું કે જરૂર આ બહેન પડી જશે. હું બૂમો પાડું પણ કોણ સાંભળે! ઘોડાવાળા ઘોડાઓ સાથે બહુ ક્રૂર વ્યવહાર કરે છે. રસ્તો સારો નથી. ભયંકર ઊંચાઈ અને ઊંડી ખીણ છે. પડો તો પત્તોય ન લાગે. આખરે જેમતેમ જેમતેમ કરીને 6

કિ.મી. દૂર જમુનોત્રી પહોંચી ગયાં. ઘોડા તો દૂર ઊભા રહી ગયા અને અમે પગે ચાલીને જમુનોત્રી પહોંચ્યાં. થોડાક છાંટા પડી રહ્યા છે. સુરતથી 165 માણસોનો એક સંઘ આવ્યો છે. ઘણા પરિચિત છે. બધાં મળ્યા. પંડ્યાઓનો થોડો ત્રાસ છે. ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ગરમ પાણીના કુંડ છે. તેમાં ખૂબ નહાયા. થાક ઊતરી ગયો. દર્શન વગેરે કરીને પાછાં ફર્યાં. જ્યારે ઘોડા પાસે આવ્યા તો સાથેનાં બે માણસો આવ્યાં ન હતાં. ત્રણે ઘોડા સાથે જ ચાલે. ઘણી વાર બેઠાં પણ પેલાં બે ના આવ્યાં. અંતે મને એકને જ લઈને નીચે આવવા ઘોડાવાળો તૈયાર થયો અને અમે વિદાય થયા. ચઢતાં કરતાં ઊતરતાં બહુ તકલીફ પડી. મોટાં મોટાં પગથિયાં ઊતરતાં ઘોડો સાવ વાંકો વળી જાય. ત્યારે સવારને બૅલેન્સ સાચવવું પડે. આવું સતત અને વારંવાર થયા કરે. તેમાં થાકી જવાય. ઘણી વાર હું ઊતરીને ચાલવાનું પસંદ કરતો. કારણ કે હવે ચઢાઈ નહિ ઉતરાઈ હતી. એક અજાણી બહેન જે ઘોડા ઉપર બેઠેલી, તેનો તંગ તૂટી ગયો. જીન ફરી ગયું અને બહેન પથ્થર ઉપર પછડાઈ. બિચારીનાં હાડકાં ભાંગી ગયાં. કોઈ એમ્બ્યુલન્સ નહિ. હાડવૈદ્ય નહિ. જેમ તેમ તેને ડોલીમાં નીચે પહોંચાડી. સરકાર તરફથી પૂરતી વ્યવસ્થા નથી. અંતે અમે જેમ તેમ કરીને થોડાંક માણસો જાનકી ચટ્ટી પહોંચી ગયાં. ઘોડાના 350/- થતા હતા તે એક ભાઈએ આપી દીધા. અમે બધાં ક્વોલીસમાં ગોઠવાયાં અને હનુમાન ચટ્ટી પહોંચી ગયાં. અહીં અમારી બસો ઊભી હતી. પણ હજી ઘણાં યાત્રાળુ સાથીઓ આવવાનાં બાકી હતાં. તેમની રાહ જોવા લાગ્યા. નજીકના ઢાબામાંથી શક્તિસિંહ દાળ-રોટી લઈ આવ્યા. તુવરની દાળ બહુ જ સ્વાદિષ્ટ લાગી. મારી પાસે પ્રસાદ તો હોય જ. બધાંને પ્રસાદ આપ્યો. ઘણી રાહ જોઈ પણ કોઈ ન આવ્યું. અંતે અમે એક બસ છોડીને બીજી બસમાં ચાલ્યાં અને સાંજે શ્યાના ચટ્ટી પહોંચી ગયાં. ઘણો થાક લાગ્યો હતો. જગડુશા વગેરે ડોલીમાં બેઠા હતા. મારે પણ ડોલીમાં જ બેસવું જોઈતું હતું, તેવો બધાંનો અભિપ્રાય હતો. આટલી ઉંમરે ઘોડા ઉપર બેસવું તે સાહસ જ કહેવાય.

અમારી સાથે સાત વર્ષનો જિજ્ઞેશ પણ છે. તેને હું જ લઈ આવ્યો છું. જિજ્ઞેશ અને રાધા બંને ભાઈ-બહેનને અમે જ ભણાવીએ છીએ. તેને પણ યાત્રા કરવા લઈ આવ્યા છીએ. રાધાને ઊલટીઓ થતી હોવાથી લાવી શકાઈ નથી. જિજ્ઞેશ કરતાં એકાદ વર્ષ નાનો જીત આવ્યો છે. જીત તેની મમ્મી સાથે ઘોડા ઉપર બેસી ગયો હતો. જ્યારે જિજ્ઞેશને શક્તિસિંહે આગ્રહ કર્યો હોવા છતાં પગપાળો જ ગયો હતો. તે દોડતાં-દોડતાં યમુનોત્રી પહોંચ્યો હતો અને પાછો ઊતરી ગયો હતો. પણ હવે જોયું તો તે રિસાયેલો ફરે છે અને દીવાલ આગળ લપાઈને ઊભો રહે છે. શક્તિસિંહને બોલાવીને મેં કારણ જાણવા માગ્યું તો તે ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડ્યો. તપાસ કરી તો જણાયું કે બંને સાથળો વચ્ચે તેને પુષ્કળ ગરમી થઈ છે. બધું ફદફદી ગયું છે. આવી સ્થિતિમાં પણ આ છોકરો છ કિ.મી. ચઢ્યો અને ઊતર્યો. નવાઈ જ કહેવાય. તરત જ એક ડોક્ટર પાસે લઈ ગયા. ડોક્ટરે ઇન્જેક્શન અને દવા આપી. 270નું બિલ કર્યું, જે શક્તિસિંહે ભરી દીધું. શક્તિસિંહ પોતાના પરિવારનાં સાત માણસોને લઈને યાત્રા કરવા આવ્યા છે. બહુ ઉદાર સ્વભાવના, સેવાભાવી અને સહનશક્તિવાળા છે. જિજ્ઞેશને પોતાની સાથે જ રાખે છે અને પુત્રની માફક સાચવે છે. હવે જિજ્ઞેશને ચડ્ડી પહેરવાની મનાઈ હતી. પૂરી યાત્રામાં સગી મા જેટલી સેવા ન કરે તેટલી સેવા શક્તિસિંહે, જિજ્ઞેશની કરી. રોજ બધું ધોવું, દવા લગાવવી, દવા ખવડાવવી વગેરે બધું જ શક્તિસિંહ કરતા. થોડા જ દિવસોમાં જિજ્ઞેશને સારું થયું અને યાત્રા પૂરી કરી. હું વિચારું છું કે જો શક્તિસિંહ ન હોત તો જિજ્ઞેશની સેવા કોણ કરત? જિજ્ઞેશ અનાથ બાળક છે. બંને ભાઈ-બહેનને અમે ભણાવીએ છીએ. દુનિયામાં સારા માણસો પણ હોય જ છે. વળી જિજ્ઞેશ રિસાળવો અને સ્વભાવનો જિદ્દી છે. ઘણો ખર્ચો કરાવે છે.

શક્તિસિંહ તેની બધી ઇચ્છાઓ પૂરી કરે છે. મારા કહેવા છતાં પણ તે એક પૈસો પણ લેતા નથી. ધન્ય છે.

અમે પાછાં શ્યાના ચટ્ટી પહોંચી ગયાં છીએ. રહી ગયેલાં માણસો મોડાં આવ્યાં. તેમનું કહેવું હતું કે હનુમાન ચટ્ટીએ કોઈ વાહન જ બાકી રહ્યું ન હતું એટલે બે-ત્રણ કલાક બેસી રહેવું પડ્યું. પોપટલાલ, અરવિંદભાઈ, ભગત વગેરેએ મળીને મારા પગની માલિશ કરી, જેથી હળવાશ થઈ. બધાં સૂઈ ગયાં.

જમુનોત્રીથી જમુના નદીનો ઉદ્ગમ થાય છે. પહેલાં આ નદી તથા તેના ઉદ્ગમસ્થળનું ખાસ મહત્ત્વ ન હતું. બધે ગંગા જ ગંગા છવાઈ ગઈ હતી. પણ પુષ્ટિમાર્ગના આદ્ય આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણભક્તિ અને યમુનાજીનું માહાત્મ્ય વધાર્યું. ત્યારથી યમુનાજી અને યમુનોત્રીનું માહાત્મ્ય ઘણું વધી ગયું છે. વૈષ્ણવો યમુનાજીને "યમુને મહારાણી" કહે છે. ગંગા-નર્મદા વગેરે માતા છે. જ્યારે યમુનાજી રાણી છે. આઠ રાણીઓમાં તેમનું નામ નથી. રાધાજીની માફક વિશેષ પણ નથી. તેમ છતાં માત્ર પુષ્ટિમાર્ગી વૈષ્ણવો તેને રાણી જ નહિ મહારાણી માને છે. શ્રદ્ધાને તર્ક હોતો નથી. વિદેશીઓ નદીઓના મૂળ સુધી સંશોધન કરવા પહોંચે છે. આપણે સંશોધનને બહુ મહત્ત્વ આપતા નથી, શ્રદ્ધાથી પહોંચીએ છીએ. જો શ્રદ્ધા ન હોત તો આ ભીડ ન હોત. તો આટલી બધી રોજીઓ પણ ન હોત તો આપણે ગુજરાતીઓ અહીં હિમાલય જોવા પણ ન આવત. શ્રદ્ધાથી તીર્થ છે. તીર્થથી દેશાટન છે. દેશાટનથી દેશના ખૂણેખૂણાનું અવલોકન છે. ધન્ય છે. હવે શ્રદ્ધાની સાથે સંશોધન પણ ભળશે તેવું લાગે છે.

કલિંદ પહાડથી નીકળવાને કારણે જમુનાજીને કાલિંદી પણ કહેવાય છે. સૂર્યથી ઉત્પત્તિના કારણે સૂર્યપુત્રી અને યમની બહેન હોવાથી યમુના કહેવાય છે. વૈષ્ણવો ભાઈબીજના પર્વે એક જ વસ્ત્ર પહેરીને યમુનાજીમાં સ્નાન કરે છે.

1-8-09

*

5. ગંગોત્રી તરફ

આજે તા. 20-7-09 છે. સવારે બધાં ઊઠી તો ગયાં છે. પણ હજી ગરમ પાણી થયું નથી. એટલે સ્નાન કરવાની રાહ જોવાય છે. વિશ્વમાં હિન્દુ પ્રજા જ એવી છે કે દિવસની શરૂઆત સ્નાનથી કરે છે. સ્નાન કરવા ન મળે તો ચાલે જ નહિ. બધું ફિક્કું ફિક્કું લાગે. અહીં પુષ્કળ ઠંડી છે. પાણી પણ બરફનું છે, એટલે ગરમ પાણીથી જ સ્નાન થાય. બધાંએ સ્નાન કર્યું અને બરાબર સાત વાગ્યે અમે વિદાય થયાં. હવે અમારે ગંગોત્રી જવાનું છે. યમુનોત્રીથી ગંગોત્રી 228 કિ.મી. થાય છે. પહાડી કિલોમીટરને ત્રણગણા કરી લેવા. કારણ કે સારો માર્ગ હોય અને બસ બરાબર ચાલે તોપણ માંડ 15થી 20 કિ.મી.નું એવરેજ મળે છે.

અમે તો પાછાં આવ્યાં હતાં તે જ રસ્તે વિદાય થયાં. યમુનોત્રીનો પ્રદેશ રળિયામણો છે. પુષ્કળ વૃક્ષો અને વનરાજી છે. ખેતી છે અને ઘરો પણ છે. દૂર દૂર અને ઊંચે ઊંચે લોકો રહે છે. કોઈ કોઈ સ્થળે નદી પાર ચીજવસ્તુઓ મોકલવા લાંબો તાર બાંધેલો હોય છે. તેમાંની બકેટમાં વસ્તુ મૂકીને તાર ખેંચો તો વસ્તુને પેલી કિનારે પહોંચાડી શકાય છે. લોકો કાંઈ ને કાંઈ રસ્તો તો કરતા જ હોય છે. આ તાર વ્યવસ્થા ન હોય તો એક કિલો ખાંડને 10-20 કિ.મી. દૂરના પુલ ઉપરથી લાવી શકાય.

અત્યારે ચોમાસું છે. આ વર્ષે વરસાદનું પ્રમાણ ઘણું ઓછું છે તોપણ આકાશમાં વાદળો તો છે જ. વાદળો પર્વતોના અડધે છે. વાદળો કરતાં શિખરો ઊંચાં છે. અમે જમુનાજીના પ્રવાહની સાથે સાથે નીચે ઊતરી રહ્યાં છીએ. અહીં ફળફળાદિ પણ થાય છે. પણ આ શું? પહાડ ધસી પડ્યા છે અને માટી-પથ્થરોના ઢગલાથી માર્ગ રોકાઈ ગયો છે. બંને તરફ ટ્રાફિક જામ થઈ ગયો છે. જે.સી.બી. આવશે અને પથ્થરો હટાવશે ત્યારે ટ્રાફિક ચાલુ થશે. આ અહીંની રોજની પ્રક્રિયા છે. ક્યારે કયો માર્ગ અવરોધાઈ જાય તે કહેવાય નહિ. અમે તો બધાં રોકાઈ ગયાં. ચાલુ ગતિએ અટકી જવું બહુ બોર કરનારું થઈ જતું હોય છે. તરત જ અમારી બંને બસોમાંથી પાટીદારો ઊતરી પડ્યા અને પથ્થરો ઉઠાવી-ઉઠાવીને નીચે નાખવા માંડ્યા જેથી રસ્તો તૈયાર થઈ જાય. પાટીદારો એટલા માટે કે બીજા યાત્રાળુઓ માત્ર જોતા રહ્યા. પાટીદારો મહેનતુ પ્રજા છે. તરત જ કામે લાગી જાય છે. થોડી જ વારમાં રસ્તો તૈયાર થઈ ગયો અને અમે ચાલવા લાગ્યાં. રાત્રે વરસાદ પડ્યો હોવાથી કાચા પહાડો લપસી પડ્યા છે અને રસ્તો કીચડવાળો થઈ ગયો છે. યમુનોત્રીના રસ્તે અત્યારે ક્યાંય બરફ નથી. વનરાજી છે. થોડુંક ચાલ્યા કે વળી પાછો માટીનો ઢગલો આવ્યો. બસો અટકી ગઈ. બધાં નીચે ઊતર્યા અને જાતમહેનત જિન્દાબાદ કરીને રસ્તો ચોખ્ખો કર્યો. આગળ ચાલ્યા. પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે અમે પ્રગટેશ્વર મહાદેવ પાસે ઊભાં રહ્યાં. રાજમા અને પૂરી થવા લાગ્યાં. કેટલાક લોકો પહાડનાં પગથિયાં ચઢીને થોડે ઊંચે ગુફામાં આવેલા પ્રગટેશ્વર મહાદેવનાં દર્શન કરવા ગયા. બધાંએ રાજમા-પૂરીનો નાસ્તો કર્યો. મારા માટે વેવાઈ (દશરથલાલ) બાજરીનો લોટ લાવ્યા છે. ઊંઝા આશ્રમનાં કાન્તાબહેન રોજ સવારે તેના બે-ચાર રોટલા બનાવે છે. તેનો હું નાસ્તો કરું છું અને 1-2 રોટલા બપોર માટે રાખી લે છે તેનું લંચ લઉ છું. રાજસ્થાની દેશી બાજરી બહુ જ સ્વાદિષ્ટ લાગે છે. કાન્તાબહેને મારી ઘણી સેવા કરી છે. એક બોગદું પાર કરીને અમે સામી તરફ નીકળ્યાં. હવે ગંગાજી આવી ગયાં છે. ગંગાના ઊલટા પ્રવાહે અમે ઉપર ચઢી રહ્યાં છીએ. અમે ઉત્તરકાશી પહોંચી ગયાં છીએ. આ હિમાલયની કાશી છે. અહીં પણ અસિ અને વરણા નદીઓ છે. તેની વચ્ચેનો વરણાવત પ્રદેશ છે તેને ઉત્તરકાશી કહેવાય છે. બહુ સુંદર ભૂમિ છે.

પહેલાં અહીં ઘણા ઋષિમુનિઓ તપસ્યા કરતા હતા. હવે તે ઉત્તરાંચલનું મહત્ત્વનું નગર બની ગયું છે. અમે પ્રાચીન વિશ્વનાથ મંદિરમાં દર્શન કર્યાં અને પછી રાત્રિનિવાસ કરવા માટે સાતેક કિલોમીટર દૂર એક ઉતારા ઉપર પહોંચી ગયાં. ગંગાકિનારો હોવાથી ફરી પાછા કાવડિયા દેખાવા લાગ્યા છે. પણ કાવડ વિનાના છે. છેક અહીં સુધી અમૂલનું દૂધ મળે છે. એમ કહો કે ગુજરાતનું દૂધ હિમાલય સુધી પહોંચ્યું છે. અહીં પણ જો ગાયોની નસલ સુધારવામાં આવે તો દૂધ ઉત્પાદનની ઘણી શક્યતા છે. અહીંની ગાયો બહુ નાની અને ઓછા દૂધવાળી છે. તેમાં સુધારો કરવાની જરૂર છે.

સવારે અમારી વિદાય પોપટલાલના કાજુ-કિસમિસના પ્રસાદથી થાય છે. હું રોજ બધાં યાત્રાળુઓને મુઠ્ઠા ભરીભરીને કાજુ-કિસમિસ આપું છું. આમ તો આખો દિવસ પ્રસાદ ચાલતો જ રહે છે. રોજ બસ બદલું છું જેથી બંને બસોવાળા સાથે આત્મીયતા રહે. ગેંજીનો આગ્રહ રહે છે કે તેમની બસમાં જ હું વધારે બેસું. કારણ કે હું જ્યાં બેસું છું ત્યાં પ્રસાદના ઢગલા હોય છે. લોકો લાવી લાવીને મારી પાસે ઢગલા કરે છે. અને મારું સૂત્ર છે “ઈન કમિંગ અને આઉટ ગોઈંગ” એક તરફથી આવે અને બીજી તરફથી જાય. આવું જ પૈસાનું પણ છે. 5-10ની નોટોને આપતો જ રહું છું. સાધુ-સંતો, ભિખારીઓ, ઝાડુવાળા વગેરે સૌને આપતો રહું છું. ખૂટતું નથી. ઈશ્વરકૃપા જ સમજો. એક હાઈડ્રો પાવર સ્ટેશન આવ્યું. જનરેટર ફેરવીને પાછું પાણી ગંગાજીમાં ધોધમાર પડી રહ્યું છે. અને પેલો જૂનો સાંકડો પુલ છે. હવે કદાચ તેનો ઉપયોગ નથી થતો. પહેલાં આવા પાવર પ્રોજેક્ટો નહોતાથતા. માત્ર ધાર્મિક રૂપ જ ગંગાજીનું હતું હવે તેનું આર્થિક રૂપ પણ પ્રગટવા લાગ્યું છે. અરેરેરે… આ શું? ઉપરથી પથ્થરો પડવાથી આખી ગાડી જ કચડાઈ ગયેલી પડી છે. બિચારા યાત્રાળુઓ પણ આવી જ રીતે કચડાઈ ગયા હશે. હા, આ હિમાલય છે. ડગલે ને પગલે જોખમ તો ખરું જ. જીવનું જોખમ હોય એટલે ભગવાન બહુ યાદ આવે. મોટી મોટી શિલાઓ પડેલી છે. માંડ માંડ થોડોક રસ્તો કરીને જેમતેમ નીકળ્યા. ઊંચાઈ ચઢી રહ્યાં છીએ. વાદળો છવાઈ ગયાં છે.

એક નવું બોગદું કોતરાઈ રહ્યું છે. સેંકડો માણસો કામે લાગ્યા છે, બોગદું તૈયાર થશે એટલી ચઢાઈ મટી જશે. રસ્તો ટૂંકો થઈ જશે. આખો પહાડ ચઢીને ઊતરવાની જગ્યાએ સીધા જ પહાડની પેલી પાર નીકળી જવાશે. આ વિજ્ઞાન છે જેના વિના હવે જીવી શકાય નહિ. બસની બહેનો ભજનોની રમઝટ વગાડી રહી છે. પણ તે પણ થાક્યાં છે અને ઝોકાં ખાઈ રહ્યાં છે.

આ હરસીલ છે. શિયાળામાં જ્યારે બરફ પડે છે ત્યારે ગંગોત્રીનાં દ્વાર બંધ થઈ જાય છે ત્યારે અહીં પેલા મંદિરથી આરતી-પૂજા થાય છે. અમારી બસ ઘણી ઊંચાઈએ ચઢી છે અને નીચે, બહુ જ નીચે, ગંગાજી વહી રહ્યાં છે. દેવદારનાં વૃક્ષોનું વન છે. હા-ના કરતાં કરતાં અમે અંતે ગંગોત્રી પહોંચી જ ગયાં. અહીં છેક સુધી બસ જાય છે. બસ પાર્કિંગથી માત્ર એકાદ કિલોમીટર જ ચાલવું પડે છે. હું આ પહેલાં આવેલો ત્યારે ખાસું ચાલીને આવેલો.

થોડીક પૌરાણિક કથા સાંભળીએ.

પ્રાચીનકાળમાં ઇક્ષ્વાકુવંશમાં સગર નામનો એક મહાન સમ્રાટ થયો. તેણે અશ્વમેધયજ્ઞ કર્યો. ઘોડો છૂટો મૂક્યો. આ પ્રક્રિયાને સમજવા જેવી છે. દર વર્ષે સમર્થ રાજા દશેરા પછી અશ્વમેધ યજ્ઞ કરે, ઘોડો છૂટો મૂકે. જે રાજા ઘોડાને બાંધે તેની સાથે યુદ્ધ થાય. રાજા જીતે, સંધિ થાય. ઘોડો આગળ ચાલે. આ રીતે રાષ્ટ્રની સીમા મોટી કરાય. રાષ્ટ્ર મહાન વિશાળ બને. જે લોકો આક્રમણ નથી કરતા તે આક્રમણનો ભોગ બનતા જ હોય છે. પોતાની સુરક્ષાનો પ્રથમ ઉપાય

શત્રુ પર આક્રમણ છે. જો તે ન કરી શકાય તો બીજો ઉપાય પ્રત્યાક્રમણ છે. અર્થાત્ આક્રમણ કરનારાને મુંહતોડ જવાબ આપવો. ત્રીજો ઉપાય સંધિ છે. આક્રમણ કે પ્રત્યાક્રમણ ન કરી શકનારને શત્રુપક્ષની ઇચ્છા પ્રમાણે સંધિ કરવી પડતી હોય છે, જે ગુલામીની સ્વીકૃતિ જ કહેવાય. આક્રમણ કરનારા હંમેશાં તૈયાર રહેતા હોય છે. પ્રત્યાક્રમણ કરનારા પણ થોડીઘણી તૈયારી રાખતા હોય છે. પણ આ બંનેમાંથી એક પણ ન કરનારા તૈયારી વિનાના હોય છે. બહુ બહુ તો તે શાન્તિ, અહિંસા, ભાઈચારો, ક્ષમા વગેરે આદર્શનાં પ્રવચનો કરતા હોય છે. તે અજ્ઞાનીઓને ખબર નથી હોતી કે ક્ષમતા અને તૈયારી વિનાનાં આદર્શ પ્રવચનોથી રાષ્ટ્રની રક્ષા થતી નથી હોતી, તેથી તો શત્રુપક્ષને પાનો ચઢે છે. ભારતે કદી કોઈ વિદેશ ઉપર આક્રમણ કર્યું લાગતું નથી. હા, અંદરોઅંદર તો બહુ લડ્યા છે. મારી દૃષ્ટિએ વિદેશ ઉપર એક જ વાર આક્રમણ થયું છે અને તે શ્રીરામે, લંકા ઉપર કર્યું હતું. પોતાની પત્નીને પાછી મેળવવા સમુદ્ર પાર કરીને પૂરી તૈયારી સાથે શ્રીરામે પ્રચંડ આક્રમણ કર્યું હતું અને રાવણને રગદોળી નાખ્યો હતો. સીતાજીને પાછાં લાવ્યા હતા. આ પછી વિદેશ ઉપર બીજું આક્રમણ થયું દેખાતું નથી. તેથી ભારત સતત વિદેશીઓના આક્રમણોનો ભોગ બનતું રહ્યું છે. ગ્રીક, ઈરાન, શક, શિથિયન, હૂણ, અફઘાન, તુર્ક, મોગલ વગેરે વિદેશીઓ અહીં વારંવાર ચઢી આવ્યા, ચીને આ દેશ ને પ્રજાને લૂંટી અને ધમરોળી, પણ આપણે ગ્રીસ, ઈરાન, તુર્કી વગેરે દેશો ઉપર ચઢી ગયા હોઈએ તેવું સાંભળ્યું નથી. નથી તો આક્રમણ કર્યું કે નથી પ્રત્યાક્રમણ કર્યું. સંધિઓ જ કરી. ખંડણી ભરવાની કે પછી જજિયાવેરો ભરવાની. નવાઈ તો જુઓ કે આક્રમણ ન કરવાનું (ગુલામ થવાનું) ગૌરવ લેવાય છે. દર્શન જ આવું મળ્યું છે, જેમાં મારવાનો નહિ પણ માર ખાવાનો મહિમા ગવાયો છે. આજે પણ આ જ સ્થિતિ છે. એટલે આપણે કદી તૈયાર નથી હોતા. આપણે આક્રામક નહિ રક્ષિત જીવન જીવતી પ્રજા બની ગયા છીએ.

મૂળ વાત ઉપર આવીએ. સગરના અશ્વમેધ યજ્ઞનો ઘોડો ઇન્દ્રે ચોરી લીધો અને કપિલઋષિના આશ્રમમાં બાંધી દીધો. સગરપુત્રો ઘોડાને શોધતા-શોધતા કપિલના આશ્રમમાં પહોંચ્યા. કપિલ ધ્યાનમાં હતા. તેમને ગાળો આપી અપમાન કર્યું. અંતે કપિલ જાગ્યા અને સગરના સાઠ હજાર પુત્રોને બાળીને ભસ્મ કરી નાખ્યા ત્યારે આશ્રમોમાં પણ એટલી શક્તિ હતી કે અપમાનિત કરનારને ભસ્મ કરી શકે. આશ્રમ એટલે શાન્તિનું ધામ, આશ્રયનું ધામ, પણ આશ્રમ એટલે બાપડું સ્થાન નહિ કે જે આવે તે ગોદો મારી જાય. ઋષિના શાપથી સગરપુત્રો નરકે ગયા. ગંગાવતરણ થશે ત્યારે તેમનો નરકમાંથી ઉદ્ધાર થશે તેવું શાપનું વારણ પણ મળ્યું. ત્યારે ગંગાજી માત્ર સ્વર્ગમાં જ વહેતાં હતાં. તેમને આ લોક—પૃથ્વી ઉપર લાવવા સગરના વારસદારો પ્રયત્નો કરતા રહ્યા પણ સફળતા ન મળી. અંતે સગરની પરંપરામાં ભગીરથ રાજા થયો. તેણે હિમાલયમાં જઈને ઘોર તપસ્યા કરી. ગંગાજી પ્રસન્ન થયાં અને ભગીરથને કહ્યું કે તારી ઇચ્છા પ્રમાણે હું પૃથ્વી ઉપર આવું તો ખરી પણ મારો વેગ કોણ સહન કરશે? ભગીરથે ઘણા દેવોને પ્રાર્થના કરી પણ કોઈએ સામર્થ્ય ન બતાવ્યું. અંતે શિવજી તૈયાર થયા. સ્વર્ગમાંથી ગંગાજીએ કૂદકો માર્યો. શિવજીએ પોતાની જટામાં તેમને ઝીલી લીધાં. પછી એક લટમાંથી માર્ગ આપ્યો. જ્યાં તે પ્રગટ થયાં તેને ગોમુખ કહેવાય છે. ત્યાંથી પછી ગંગોત્રી, ત્યાંથી હૃષીકેશ, હરદ્વાર, કાશી વગેરે સ્થળોએ થઈને છેક ગંગાસાગર પહોંચી જ્યાં સાગરના અધોગતિ પામેલા પુત્રો સૂતા હતા. તેમનો ઉદ્ધાર થયો. આ પુરાણકથાનો આધ્યાત્મિક ભાવ સમજવો હોય તેણે મારું 'શિવતત્ત્વનિર્દેશ' પુસ્તક વાંચવું.

સ્વર્ગમાંથી આ ધરતી ઉપર આવેલી ગંગા ત્રિપથગા બની અર્થાત્ સ્વર્ગ—મૃત્યુ અને પાતાળમાં —ત્રણે લોકમાં વહેનારી બની. આ કારણે ગંગાજીનું સર્વોચ્ચ માહાત્મ્ય છે. મરતી વખતે

ગંગાપાન એટલે કરાવાય છે. અને ગંગાસ્નાન કરવા દૂર દૂરથી લોકો આવે છે. આ કાવડિયા, આ ભીડ, બધી શ્રદ્ધાની છે. જો આ તીર્થ ન હોત તો અહીં હિમાલય જોવા કોણ આવત! આ તીર્થોએ પૂરા દેશને એક કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

મૂળ વાત ઉપર આવીએ. અમે બધાં પૈદલ ચાલીને છેક ગંગોત્રી પહોંચી ગયાં. રસ્તામાંથી જ પંડ્યા લોકો પાછળ પડી ગયા હતા. હું પહેલાં આવ્યો હતો ત્યારે ઠંડા પાણીમાં કેટલીયે ડૂબકીઓ મારી હતી. ત્યારે વાતાવરણ પણ જુદું હતું. હવે તો પાકો ઘાટ થઈ ગયો છે. પણ વેગ જબરદસ્ત છે. માણસ તણાઈ જ જાય. પાણી તો એટલું બધું ઠંડું છે કે આંગળી સૂન થઈ જાય. લગભગ બધાંએ માત્ર આચમન કરીને સંતોષ માન્યો. એક પ્રૌઢ પંડ્યો મારી પાસે ત્રણ-ચાર વાર આવી ગયો. એક જ રટ હતી—આ લોકોને કહોને કે “પૂજા કરાવે.” મેં કહ્યું કે જેને જે કરાવવું હોય તે કરાવે. હું કશું ન જાણું. અને તે મારા ઉપર ચિઢાઈ ગયો. “તમે કહેતા નથી તેથી પૂજા કરાવતા નથી.” પંડ્યાઓ પોતે જ પોતાની પ્રતિષ્ઠા ઓછી કરે છે. ગંગોત્રી મંદિરમાં દર્શનાર્થીઓની લાંબી લાઇન છે. હું છેલ્લે ઊભો રહ્યો. આગળ જવા પોલીસવાળાએ આગ્રહ કર્યો પણ લાઇનમાં જ રહેવા હું મક્કમ રહેલો. ઘણા લોકો વચ્ચે ઘૂસી જતા હતા. કોણ માને છે લાઇનને! અંતે મારો વારો પણ આવ્યો. દર્શન કર્યાં અને વિદાય થયો.

અહીં મોટું બજાર, હોટલો, રેસ્ટોરાં વગેરે બધું જ થઈ ગયું છે. ફેરિયાઓનો તો પાર નથી. એ બધાંને પાર કરતાં કરતાં અમે પાછાં બસ ઉપર આવ્યાં. તીર્થોમાં ફેરિયાઓ પણ પંડ્યા જેવા જ પાછળ પડી જતા હોય છે. પોતાનો માલ વેચવા ભારે દબાણ કરતા રહે છે. ત્રાસ જ કહેવાય.

અત્યારે તો અહીં ઘણા આશ્રમો થઈ ગયા છે. એક ગુજરાતી આશ્રમ પણ છે. જેને એક ગુજરાતી સંત ચલાવે છે. ત્યાં રહેવા—જમવાની પણ વ્યવસ્થા છે. હું પહેલાં આવ્યો ત્યારે માત્ર ત્રણ જ આશ્રમો હતા. તેમાંનો એક આશ્રમ ધ્યાન ખેંચે તેવો હતો. એક માતાજી તે આશ્રમ ચલાવતાં હતાં. તેમની કથા જાણવા જેવી છે.

અહીં ગંગોત્રીમાં સ્વામી કૃષ્ણાનંદજી દંડી (કદાચ નામ બરાબર ના પણ હોય) રહેતા હતા. ભયંકર ઠંડીમાં પણ તે નગ્નાવસ્થામાં રહેતા અને બારે મહિના ગંગાજીના અતિ ઠંડા પાણીમાં સ્નાન કરતા. શિયાળામાં અહીં કોઈ રહેતું નહિ ત્યારે તેઓ જ એકલા રહેતા. કહેવાય છે કે અમુક પ્રકારની વનસ્પતિનું સેવન કરવાથી ઠંડી લાગતી નથી. કદાચ તેમણે તેવું કર્યું હોય.

એક વાર તેઓ ગંગાજીમાં સ્નાન કરતા હતા ત્યાં દૂર ભેખડ ઉપરથી કોઈએ ભૂસકો માર્યો. સ્વામીજીને અવાજ સંભળાયો. તરત જ ધસમસતા પ્રવાહમાં તેઓ આગળ વધ્યા અને ભેખડ ઉપરથી કૂદીને આત્મહત્યા કરવા પડેલી ડૂબતી એક બ્રાહ્મણકન્યાને પકડી પાડી. જેમતેમ કિનારે લાવ્યા. પછી ઉપાડીને પોતાના આશ્રમમાં લાવ્યા. કન્યા ભાનમાં આવી. તેણે બધી વાત કહી. તેનાં માતા-પિતા જબરદસ્તીથી તેનાં લગ્ન કરાવતાં હતાં. કન્યાને તે સ્વીકાર્ય ન હતાં તેથી આત્મહત્યા કરવા ગંગાજીમાં કૂદી પડી હતી. સ્ત્રીઓની સાથે માત્ર શારીરિક બળાત્કાર જ નથી થતો, બીજા પણ કેટલાયે પ્રકારના બળાત્કારો થતા હોય છે. જેમ કે ઇચ્છા વિરુદ્ધ ભયંકર દબાણ કરીને ન ગમતા વર સાથે પરણાવી દેવી, આ પણ બળાત્કાર જ કહેવાય. પણ ત્યારે સ્ત્રી કરે શું? આવો બળાત્કાર પશ્ચિમમાં નથી થતો. તેથી કોઈ કન્યા કૂવામાં કૂદી પડતી નથી. બે જ રસ્તા બાકી હોય છે. કાં તો આત્મહત્યા કાં પછી મન મારીને કોઈની સાથે જીવન વેંઢારવું. ન ગમતા પાત્ર સાથે આખું આયખું કાઢવું એમાં અને જીવતા નરકમાં કશો ફરક નથી. પણ આવું થાય છે તે હકીકત પણ છે.

સ્વામીજીએ તેને ઘરે ચાલ્યા જવા સમજાવી પણ તે ન માની. સ્ત્રીને આશરો જોઈએ. આશરા વિના સ્ત્રી જીવી ન શકે. બ્રાહ્મણ કન્યાને આશરો મળી ગયો હતો. તેને બચાવનાર જ તેનો આશરો હતો. પણ સમાજનું શું? સમાજ કોઈને મરવા તો દે છે, પણ આશરો લેવા નથી દેતો. આવી આશરા વિનાની સ્ત્રીઓ અંતે ખોટા હાથોમાં પડી જાય તો નવાઈ નહિ. દોષ કોનો? ત્યારે સમાજ ચૂપ રહે છે. અંતે સ્વામીજીએ તેને આશરો આપ્યો. જીવનભર આ કન્યા સ્વામીજીની સાથે રહી, સેવા કરી, સમાજે હો-હા કરી અંતે માન્ય કરી લીધી. હું પહેલી વાર આવ્યો ત્યારે સ્વામીજી દેવ થઈ ચૂક્યા હતા. અને આ માતાજી (હવે તે કન્યામાંથી માતાજી કહેવાતી હતી) વૃદ્ધ થઈ ગયાં હતાં. કદાચ હવે તો તે પણ દેવ થઈ ગયાં હશે. કારણ કે મને આવ્યાને 40 વર્ષ થઈ ગયાં છે. કેટલી બધી પ્રેરણાદાયી કથા છે! સ્ત્રીઓથી ભડકનારા, સંયમ તૂટી જાય તેવા ભયથી મોઢું પણ ન જોઈ શકનારા આવી કથાના કર્તા ન થઈ શકે. એક ડૂબતા જીવનને તારવું એટલું જ નહિ તેને જીવનભર સ્વીકારવું એ પણ મોટી મર્દાનગી જ કહેવાય. બધા મરદ નથી હોતા. બધાની કથાઓ પણ નથી હોતી. કથા તો મર્દોની જ હોય છે. દંડી સ્વામી મરદ હતા. તો સામે પેલી કન્યા પણ મરદ હતી. જેણે જીવનભર સ્વામીજીને સાથ આપ્યો અને નિભાવ્યો.

અમારી બસો ભૈરોઘાટી ચટ્ટીએ પહોંચી. અહીં લંચ લેવાનું છે. પૂરી-શાક તૈયાર છે. મારે માટે કાન્તાએ બાજરીનો રોટલો રાખી મૂક્યો છે. મેં તથા જગડુશાએ રોટલો ખાધો. બધાં જમવા ગયાં છે. હું એકલો જ બસમાં બેઠો છું. સામે જ એક મોટું પીપળાનું વૃક્ષ છે. તેના થડને ચારે તરફ ગોળ મોટો ઓટલો છે. સાધુ-બાવાઓની આ ધર્મશાળા છે. જેને ક્યાંય જગ્યા મળતી નથી તેને આ ઓટલો જગ્યા આપે છે. કોઈની રોકટોક નથી. એક ભિખારી જેવા બાવાજી ખરા બપોરે સૂતા છે. હું ક્યારનોય તેમને જોયા કરું છું. પોતાનું બચકું માથા નીચે મૂકીને બેફિકર પડ્યા છે. કોઈની પાસે કશું માગતા નથી. કશું બોલતા નથી. ભિખારી માગ્યા વિના રહી ન શકે. અંતે ભાઈસાહેબ બેઠા થયા. વેવાઈ આવ્યા. મેં તેમને કહ્યું કે લ્યો આ દશ રૂપિયા, અને ખાવાનું, પેલા સાધુને આપી આવો. વેવાઈ ગયા. ઊંચો ઓટલો ચઢીને સાધુને પૈસા આપ્યા. ખાવાનું પણ આપ્યું. કહ્યું, પેલા સ્વામીજીએ મોકલ્યું છે. ભાઈસાહેબે મારી સામે પણ ન જોયું. ઓશીકા આગળ મૂકીને પાછા સૂઈ ગયા. અહીં માંકડાં પણ છે. ક્યારે કયું માંકડું આવીને લઈ જાય કે ખાઈ જાય તેની કશી ચિંતા નથી. મેં મનોમન વંદન કર્યાં. કેટલાંક ગોદડીમાં વીંટાયેલાં રતન પણ હોય છે. પણ તેને ઓળખવાની આંખ જુદી હોય છે. ક્યાં પેલા જીવ ખાઈ જનારા પંડ્યા અને ક્યાં આ સંપૂર્ણ સંતુષ્ટ આત્મનિષ્ઠ વિભૂતિ! બસ ઘણો સમય રોકાઈ. હું તેમને જોતો જ રહ્યો અને તે ચાદર ઓઢીને સૂતા રહ્યા. કદાચ તે નિદ્રામાં પણ જાગે છે. અને અમે જાગતા હોવા છતાં ઊંઘીએ છીએ. મહારાષ્ટ્ર અને આંધ્રની બસો આવી. જુદાં-જુદાં વસ્ત્રોવાળાં યાત્રાળુઓ જોઈને આનંદ થાય છે.

ભૈરોઘાટીથી અમે ચાલ્યાં. અહીં ઘણા સ્થળે વીજળીનાં પાવર મથકો બંધાઈ રહ્યાં છે. તેમનો સારો ઉપયોગ થઈ રહ્યો છે. ઘણાં માણસો કામ કરી રહ્યાં છે. આત્માની ગમે તેટલી વાતો કરો પણ પંખો અને A.C. તેમને પણ જોઈએ છે. હા, "આ શરીર માટે." રસ્તામાં અમે જોયું કે એક ટ્રક ઊંડી ખીણમાં પડતાં-પડતાં બચી ગઈ છે, તે ત્રણ પૈડાં ઉપર ઊભી છે. જરાક બૅલેન્સ ચૂકે તો જાય નીચે પાતાળમાં. અમે બધાં સાંજ પડતાં સુધીમાં ફરી પાછાં ઉત્તરકાશી આવી રસ્તામાંથી લીલાં શાકભાજી લીધાં હતાં તેનું શાક બનાવ્યું. અડદની દાળ અને બાજરીના રોટલા બનાવ્યા. થોડો સત્સંગ પણ કર્યો અને બધાં સૂઈ ગયાં. ગંગોત્રી યાત્રા પાર પડ્યાનો સૌને આનંદ થયો.

2-8-09

ગંગાજીની પૌરાણિક કથા

ત્યારે ગંગા માત્ર સ્વર્ગમાં જ વહેતી હતી. એક વાર તે બ્રહ્માજીની સભામાં ગઈ, સભા ચાલતી હતી. ઘણા દેવો અને ઋષિઓ ભેગા થયા હતા. ગંગા ઊભી રહી ગઈ. તે જ સમયે પવનનું એક જોરદાર મોજું આવ્યું, તેથી ગંગાનાં વસ્ત્રો ઊંચાં થઈ ગયાં. તરત જ દેવોએ નજર નીચી કરી લીધી પણ રાજર્ષિ મહાભિષ તેના સૌંદર્યને ટીકી ટીકીને જોતા રહ્યા. રાજર્ષિનું આ આચરણ બ્રહ્માજીને ગમ્યું નહિ. તરત જ તેમણે ગંગા અને મહાભિષને મૃત્યુલોકમાં જન્મ લેવાનો શાપ આપી દીધો.

આ પૌરાણિક—મિથકથામાં ઘણો બધો બોધ સમાયેલો છે.

1. એક તો કોઈ પણ સ્ત્રીએ—ખાસ કરીને રૂપાળી જુવાન સ્ત્રીએ—ગમે ત્યારે ગમે ત્યાં—ખાસ કરીને પુરુષોની મહેફિલમાં જવું નહિ. કદાચ જવું તો યોગ્ય વસ્ત્રો પહેરીને જવું. જે સ્ત્રીઓ પારદર્શી, ટૂંકાં અને અંગોને ઉભારનારાં વસ્ત્રો પહેરીને પુરુષોની વચ્ચે ફરે છે તે પુરુષોને ઉશ્કેરવાનું કામ કરે છે. તે છેડતીનું વાતાવરણ નિર્મિત કરે છે. સ્ત્રીઓએ પોતે જ પોતાના વ્યવહારથી પોતાનું રક્ષણ કરવાનું હોય છે.

2. કદાચ કોઈ કારણસર કોઈ સ્ત્રીનાં વસ્ત્રો આઘાંપાછાં થઈ ગયાં હોય તો ભદ્ર પુરુષોએ માથું નીચું કરીને આંખ બંધ કરી લેવી જોઈએ. આવું ન કરનાર અને તાકી તાકીને જોનાર અભદ્ર છે, કોઈની એબ ન જોવી જોઈએ. પણ કદાચ કોઈ જુએ તો તે અભદ્ર કહેવાય.

3. અભદ્રતાને દંડ મળવો જ જોઈએ. જો ચલાવી લેવાય તો અભદ્રતા વધે અને સમાજ પતિત થઈ જાય. એટલે બ્રહ્માએ દંડ દીધો.

હવે આગળ જુઓ. રાજર્ષિ માહભિષનો જન્મ મર્ત્યલોકમાં રાજા પ્રદીપના ત્યાં શાન્તનુરૂપમાં થયો. ગંગા પણ મર્ત્યલોકમાં આવી. શાન્તનુને ગંગા ઉપર પ્રેમ થયો. ગંગાએ શરત કરી કે હું લગ્ન તો કરું પણ પ્રત્યેક બાળક ઉપર માત્ર મારો જ અધિકાર રહે. હું ગમે તે કરું. શાન્તનુએ કશું કરવું નહિ. મોહાંધ રાજા શાન્તનુએ એનો સ્વીકાર કર્યો.

એક પછી એક ગંગાએ સાત પુત્રોને જન્મ આપ્યો. બધાં બાળકોને જન્મતાં જ ગંગા, ગંગાજીમાં પધરાવી દેતી. આ રીતે સાત બાળકોની હત્યા થઈ ગઈ. જ્યારે આઠમા બાળકનો પ્રસવ થવાનો હતો ત્યારે શાન્તનુએ ગંગાને બાળહત્યા ન કરવા વિનંતી કરી, તે માની નહિ એટલે અપશબ્દો કહ્યા. એથી નારાજ થઈને ગંગા આઠમું બાળક લઈને પાછી સ્વર્ગમાં ચાલી ગઈ. શાન્તનુ રાજા પત્નીવિયોગમાં વિલાપ કરતા રહ્યા. પણ ગંગા ઉપર કશી અસર ન થઈ. અંતે શાન્તનુએ મન વાળી લીધું અને રાજકાર્યમાં લાગી ગયા. તેમણે ભારે તત્પરતાથી પ્રજાને સુખી કરી.

એક વાર શાન્તનુ ગંગાજીના કિનારે ગયા તો જોયું કે પાણી રોકાઈ ગયું છે. કારણ જાણવા પ્રયત્ન કર્યો તો ખબર પડી કે એક તેજસ્વી યુવક પોતાની ધનુર્વિદ્યાથી બાણવર્ષા કરીને ગંગાનાં જળને રોકી રહ્યો છે. રાજાને નવાઈ લાગી. પણ પેલો યુવાન લુપ્ત થઈ ગયો. ત્યાં તો ગંગા પ્રગટ થઈ અને કહેવા લાગી કે એ તમારો આઠમો પુત્ર છે. જેને હું જીવતો સ્વર્ગમાં લઈ ગઈ હતી. હવે તમે તમારા પુત્રને સંભાળો, પુત્ર સોંપીને ગંગા પાછી ચાલી ગઈ.

આ કથામાંથી કેટલોક બોધપાઠ લેવા જેવો છે.

1. લગ્ન, પુરુષે પોતાની શરતે કરવાં. કારણ કે સ્ત્રી સમર્પિત થાય છે. (હાથમાં હાથ સોંપીને). કદી પણ સ્ત્રીની શરતે પુરુષે લગ્ન કરવાં નહિ. સ્ત્રીની શરતે લગ્ન કરનાર પુરુષનું વ્યક્તિત્વ રહેતું નથી. સ્ત્રીની શરતોથી અંતે પુરુષ દુ:ખી થતો હોય છે.

2. સ્ત્રીઓ હઠીલી અને કઠોર હોય છે. પોતાનું જ ધાર્યું કરતી હોય છે. જો પોતાનું ધાર્યું ન થાય તો પતિનો ગમે તેટલો પ્રેમ હોય તોપણ તેને તરછોડીને ચાલતી થાય છે. ભલે ને પતિ બિચારો વલવલતો રહી જાય. મોટા ભાગે આવું હોય છે, બધી સ્ત્રીઓ આવી નથી હોતી.

3. કદાચ કોઈ પુરુષને આવી સ્ત્રી મળી હોય અને પતિને તરછોડીને ચાલી ગઈ હોય તો લાંબો સમય તેણે સ્ત્રી પાછળ વ્યથા ભોગવવી નહિ. સ્ત્રીઓ આવી જ હોય છે તેમ મન મનાવીને પોતાના કર્તવ્યમાં લાગી જવું.

4. પાછળ પડનારને સ્ત્રી લાત મારે છે પણ તરછોડનારના પ્રત્યે વધુ આકર્ષાય છે. સ્ત્રીને કોઈ સમજી શક્યું નથી.

પૌરાણિક કથા આગળ ચલાવીએ.

શાન્તનુ પોતાના આઠમા પુત્ર બ્રહ્મદત્તને હસ્તિનાપુર રાજધાની લઈ આવ્યા અને યોગ્ય સમયે તેને યુવરાજ પદ ઉપર સ્થાપિત કરી દીધો. હવે વારસદાર મળવાથી તેમને શાન્તિ થઈ.

વર્ષો વીતી ગયાં. એક વાર શાન્તનુ રાજા યમુના તટ ઉપર ફરી રહ્યા હતાં. ત્યાં તેમને દૂર દૂરથી મીઠી સુગંધ આવવા લાગી. કદી ના અનુભવેલી આવી મીઠી-માદક સુગંધ તરફ તેઓ ચાલવા લાગ્યા. તેમણે જોયું કે એક નાવ ઉપર એક નિષાદકન્યા બેઠી છે તેના શરીરમાંથી આ સુગંધ આવી રહી છે. તેમણે કન્યા પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. કન્યાએ પોતાના પિતાની પાસે અનુમતિ માગવા કહ્યું. રાજાએ કન્યાના પિતાને વાત કરી, તેણે શરત મૂકી કે હું કન્યા તો આપું પણ મારી શરત એ છે કે તેનું જે બાળક થાય તે જ રાજગાદીનું વારસદાર થાય. રાજાએ આ વાત સ્વીકારી નહિ. કારણ કે તેમનો પુત્ર બ્રહ્મદત્ત યુવરાજ તરીકે વારસદાર હતો જ. તેને જ ગાદી આપવી હતી. રાજા નિરાશ થઈને પાછો આવી ગયો.

દિવસો વીતવા લાગ્યા. કામાસક્ત રાજાનું મન ક્યાંય લાગતું ન હતું. ઉદાસ રહ્યા કરતા હતા. બ્રહ્મદત્ત—ગંગાદત્તને સારથિ દ્વારા ખબર પડી કે રાજા મત્સ્યગંધા સાથે પરણવા માગે છે. પિતાનું દુ:ખ દૂર કરવા ગંગાદત્ત, મત્સ્યગંધાના પિતા પાસે ગયો. તેણે તેની શરત સાંભળી અને સ્વીકારી લીધી. પણ પેલો કહે કે માનો કે તમે તમારો વારસા હક્ક જતો કરો પણ પછી તમારા પુત્રો થાય તે તો હક્ક ન જ જવા દે. તેની શંકાને દૂર કરવા દેવદત્ત ગાંગેય યુવરાજ બોલ્યો કે તો લ્યો સાંભળો: હું આજીવન કુંવારો રહીશ. લગ્ન કરીશ જ નહિ એટલે મારે પુત્રો પણ નહિ થાય. માટે હવે હા પાડો અને મત્સ્યગંધાનું હવે સત્યવતી નામ રહેશે. તેને મારા રથ ઉપર બેસાડો હું મારી માતાને હસ્તિનાપુર લઈ જઈશ જેથી મારા પિતા દુ:ખમુક્ત થઈને સુખી થાય. આવી કઠોર પ્રતિજ્ઞા કરવાથી ગંગાપુત્ર ભીષ્મ બન્યા. આવી ભીષ્મ પ્રતિજ્ઞા કોણ કરી શકે? આથી વધુ મોટો ત્યાગ કયો હોઈ શકે?

શાન્તનુને સત્યવતીથી બે પુત્રો થયા: ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. શાન્તનુ દેવલોક પામ્યા. અને બંને પુત્રો વાંઝિયા નીકળ્યા. હવે શું કરવું? સત્યવતીએ ભીષ્મને લગ્ન કરવા બહુ સમજાવ્યા પણ ન માન્યા. વિધવા ભાભીઓ સાથે નિયોગ કરવા માટે, પણ ન માન્યા. અંતે વ્યાસજીથી નિયોગ કરાવીને ધૃતરાષ્ટ્ર, પાંડુ, અને વિદુરની ઉત્પત્તિ થઈ અને વંશ ચાલ્યો.

આ તો થઈ મહાભારતની પૌરાણિક કથા. તેમાંથી કેટલોક બોધપાઠ લેવા જેવો છે.

1. વારસદાર વિના શાંતિ નથી હોતી, શાન્તનુને ગંગાદત્ત જેવો યોગ્ય વારદાર મળ્યો અને શાન્તનુને શાન્તિ થઈ.

2. કામાતુર પુરુષને સ્ત્રીના શરીરમાંથી સુગંધ આવતી અનુભવાય છે. પશુઓમાં નિશ્ચિત સમયે માદા ગંધ છોડે છે. જેથી નર ખેંચાઈ આવે છે. પશુ માદાની ગંધ વિના કદી સંભોગ કરતો નથી. માદા પ્રેરક બને છે. ગંધ વિનાની સેંકડો માદાઓ વચ્ચે નર રહે છે—ફરે છે પણ કામાતુર થતો નથી. પુરુષો માટે આવું નથી. તે માદાની ગંધ વિના પણ કામાતુર થાય છે. કારણ કે તેની કોઈ સીઝન હોતી નથી.

3. કામાતુર પુરુષ સ્ત્રીને મેળવવા ગમે તે કરી શકે છે. પણ શાન્તનુ રાજા હોવા છતાં મત્સ્યગંધાનું અપરહરણ નથી કરતો. શરતોને સાંભળે છે. સ્વીકારી નથી શકતો. કારણ કે વારસદાર તો પ્રથમથી જ છે. માણસે કદી પણ બે વારસદારો ન કરવા. તેમાં પણ બે પત્નીઓના પુત્રોને યુવરાજ ન બનાવવા. કાયમી ઝઘડો થાય.

4. ઊતરતી જ્ઞાતિની રૂપાળી કન્યા પ્રત્યેનો મોહ, માત્ર કામ-આધારિત હોય તો તેને ભોગવીને છોતરાની માફક પુરુષ છોડી દઈ શકે છે. તેથી નિષાદરાજ પુત્રીના ભવિષ્ય માટે શરતો મૂકે છે. કામાતુર માણસ બધી શરતો સ્વીકારવા તૈયાર થતો હોય છે. પણ શાન્તનુ તૈયાર ન થયા. કારણ કે કામ ઉપર ધર્મનું નિયંત્રણ હતું.

5. પાછલી જિંદગીમાં પણ કામ મરતો નથી. શાન્તનુને જોઈ લો. એટલે કામનો નાશ કરવાની કે કામને મારવાની સાધના વ્યાવહારિક નથી. જે શક્ય જ નથી તેની સાધના ન કરવી. હારી જવાશે, થાકી જવાશે. કામનો નાશ કરવા કરતાં સંયમપૂર્વક યથાશક્ય કામને ભોગવવો હિતાવહ છે. ઔષધ છે. લાંબા જીવન માટે ઉપયોગી છે.

શાન્તુની કામદશાથી પુત્ર ભીષ્મ પિતા પ્રત્યે ઘૃણા નથી કરતો પણ અનુકૂળ થઈને સહાય કરે છે. નિષાદરાજાને રાજી કરવા તેની બધી શરતોનો સ્વીકાર કરીને નવી માતાને સત્યવતી બનાવી લઈ આવે છે. પિતા પુત્ર માટે વધૂ લઈ આવે તે તો જગજાહેર છે પણ અહીં તો પુત્ર પોતે મોટો ત્યાગ કરીને પિતા માટે વહુ લઈ આવે છે. કેટલી ઉદારતા અને કેટલી વાસ્તવિકતા! પશ્ચિમમાં આજે પણ આવું થાય છે. દીકરા કે દીકરીઓ પોતાના પિતા કે માતા માટે આવા સંબંધ ગોઠવી આપે છે. તેઓ જીવનની વાસ્તવિકતાને જાણે છે અને સ્વીકારે છે.

6. મોટા મોટા વંશોમાં પણ ગમે તે પેઢીએ વાંઝિયાપણું આવી શકે છે. ત્યારે જે ઉપાયો હતા તે મહાભારતમાં બતાવ્યા છે. આજે તે સ્વીકાર્ય નથી. દેશકાળ પ્રમાણે રિવાજો બદલાતા હોય છે. માનવીય વ્યવસ્થા સનાતન નથી હોતી.

ભીષ્મના આવા ત્યાગથી પિતા શાન્તનુ પ્રસન્ન થયા અને વરદાન આપ્યું ઇચ્છામૃત્યુનું. તારી ઇચ્છા હશે ત્યારે જ મૃત્યુ થશે.

આ થઈ પૌરાણિક કથા. બોધપાઠ લેનાર માટે આવી કથાઓ અમૃતમય છે.

શાન્તનુ અને ગંગાનાં લગ્ન, સાત પુત્રોની હત્યા, આઠમા પુત્ર ભીષ્મનું જીવિત રહેવું વગેરે—આ કથાને કેટલાંક પુરાણોએ આઠ વસુઓ સાથે જોડી છે. એક વાર બધા દેવો અને આઠ વસુઓ મહર્ષિ વશિષ્ઠના આશ્રમમાં ગયા તથા નંદિની ગાયથી બધા તૃપ્ત થયા. તેથી ધૌ વસુની પત્નીએ

નંદિની ગાય લઈ લેવા પતિને આગ્રહ કર્યો. ધૌ વસુએ પત્નીની ઇચ્છા પૂરી કરવા ગાયને ચોરી લીધી. આથી મહર્ષિ વશિષ્ઠે આઠેય વસુઓને મૃત્યુલોકમાં જન્મ લેવાનો શાપ આપ્યો. એ જ આઠ વસુઓ ગંગા દ્વારા જન્મ્યા તેમાંથી સાતનો ઉદ્ધાર થયો. આઠમો વસુ ધૌ. ભીષ્મ થયો. તેને શાપ હતો કે સ્ત્રીના મોહમાં તેં આ ચોરીનું પાપ કર્યું માટે હવેના જન્મમાં તું સ્ત્રીસંગ કરી શકીશ નહિ. તેથી તે આજીવન અવિવાહિત બ્રહ્મચારી રહ્યા. આમ આ આઠ વસુઓની રૂપકકથા પણ કહેવાય છે.

*

6. ટીહરી ડેમ

આજે તા. 21-7-2009 છે. સવારે નહાયા-ધોયા, ચા-પાણી કર્યાં. હું તો ચા-કૉફી પીતો નથી. કાન્તાએ બનાવેલો ગરમ-ગરમ બાજરીનો રોટલો અને ગઈકાલનું લાવેલું દહીં ખૂબ પ્રેમથી જમ્યો. બીજા પણ ત્રણ-ચાર યાત્રાળુ ભાગીદાર બન્યા. સૌને રોટલો ગમે છે. પોપટલાલના કાજુ-કિસમિસ તો સવારના પ્રસાદમાં સૌને પૂરો નાસ્તો જ કરાવી દે છે. આકાશમાં વાદળો છે અને કોઈક કોઈક છાંટા પડે છે. આજે અમારે કેદારનાથ તરફ જવાનું છે. અમારો પડાવ ગૌરીકુંડ થવાનો છે. બહેનો રોજ આરતી બોલે, ભજનો ગાય અને જય બોલાવે. વાતાવરણ પવિત્ર થઈ જાય. વાતાવરણની મોટી અસર થાય છે. સવારના 6.30 થયા છે. એક વાત છે: બહેનો રોજ પ્રાય: એનાં એ જ ભજનો ગાય છે. છતાં કોઈને કંટાળો આવતો નથી. બહેનોની જ વાત શા માટે? કથાકારો પણ એની એ જ કથા કરતા હોય છે. છતાં શ્રોતાઓ રસતરબોળ થઈને સાંભળતા હોય છે. ધાર્મિક સિવાય બીજાં ક્ષેત્રોમાં આવું ન ચાલે. તરત જ કંટાળો આવે. શ્રદ્ધાની શક્તિ રસ પૂરે છે. ભગવાન્ રસરાજ છે.

ફરી પાછું પેલું બોગદું પાર કરીને અમે પેલી તરફ નીકળ્યા. ધરાસુ ચટ્ટી આવી. હવે અમારો રસ્તો કેદારનાથ તરફ વળી ગયો છે. હૃષીકેશથી સીધા આવો તોપણ અહીં ધરાસુ આવવું પડે. હવે રસ્તો સારો આવે છે. આગળ જતાં કુંડ ગામમાં બધાં ઊભાં રહ્યાં, ચા-પાણી કર્યાં. અહીં પુષ્કળ માંકડાં છે. બધાંને સિંગ-ચણા નાખ્યાં. બહુ ભૂખ્યાં હશે. ઝડપથી બંને હાથેથી ચણા મોઢામાં ભરી લેતાં હતાં. આકારમાં મથુરા જેવા ડાઘિયા ન હતા. નાનાં હતાં અને શાંત હતાં. ઉપદ્રવી ન હતાં. મથુરાનાં માંકડાં તો હાથમાંનું બધું પડાવી લે. ઘુરકિયાં પણ કરે. આ તો બિચારાં શાંત હતાં. સૌને ખૂબ ખવડાવ્યું. પાંચ-છ દિવસથી અમે જે બસોમાં યાત્રા કરીએ છીએ તેનું છેલ્લું પગથિયું જમીનથી ઘણું ઊંચું રહે છે. લોકોને, ખાસ કરીને વૃદ્ધ લોકોને ચઢવા-ઊતરવાની ઘણી તકલીફ પડે છે. શરૂઆતથી જ હું બાથરૂમવાળું સ્ટૂલ ખોળું છું પણ મળતું નથી. અહીં એક વહેપારીની દુકાનમાં મારી નજર એક મોટા તગારા ઉપર પડી. લોખંડના આ તગારાને પગથિયું બનાવી શકાય. સો રૂપિયાની કિંમત તરત જ ગેંજીએ આપી દીધી. ગેંજીના કીમતી ગ્લાસની સાથે હવે તગારું પણ ઉમેરાયું. હવે લોકોને ચઢવા-ઊતરવાની સગવડ થઈ ગઈ. સગવડો વધારવી એ જ સુખનો સાચો રસ્તો છે, પણ ઊંધા તગારાનો ટેકરો પગ લપસાવી શકે છે. તરત જ એક પથ્થર લાવીને તેને ટીચીટીચીને મેં સપાટ કરી દીધો. હવે પગ લપસવાનો ડર ન રહ્યો. પણ આ સગવડથી પ્રભાવિત થઈને લોકો ચઢતાં-ઊતરતાં "ગેંજીબાપા કી જય" બોલે છે. આ રીતે લોકો સગવડદાતાને યાદ કરતાં હોય છે. પણ ગેંજીની જયથી તેમનો વિરોધ પક્ષ નારાજ થાય છે. "અમને કહ્યું હોત તો અમે લાવી આપત" એવું પણ બોલે છે. પણ પહેલો ઘા રાણાનો. ઉદારતા બતાવવાની તક જતી કરવી ન જોઈએ. ઠંડા અને તેથી કાંઈક અંશે લોભિયા લોકો તક ગુમાવી દેતા હોય છે. પછી ઈર્ષ્યા કર્યા કરતા હોય છે. જીવનમાં તકો હંમેશાં નથી મળતી. તક ઝડપતાં આવડે તે જ જીવનને ધન્ય બનાવી શકે છે.

ટીહરી ડેમ

અમારા રસ્તામાં ભારતનો જ નહિ પૂરા વિશ્વનો પાંચમા નંબરનો સૌથી ઊંચો ડેમ 'ટીહરી ડેમ' પણ આવી રહ્યો છે. તે અમારે જોવાનો છે. તેના જળસંગ્રહનું ક્ષેત્ર શરૂ થઈ ગયું છે. હજી અહીંથી 60 કિ.મી. દૂર ટીહરી ડેમ છે. પણ પાણી તો અહીં સુધી ભરાયું છે. જુઓ, નદીનો

પ્રવાહ બંધ થઈ ગયો છે. પાણીમાં વિલીન થઈ ગયો છે. પાણી જ પાણી છે. સરદાર સરોવરનું જળસંગ્રહસ્થાન 110 કિ.મી. સુધી ફેલાયેલું છે. પણ તે પાઘડી પને છે, અહીં તો પર્વતો જ પર્વતો છે. પાણી બધું પર્વતોની ખીણોમાં ભરાવાનું છે. અહીં કેટલાંય ગામો ખાલી કરાવ્યાં છે. લોકો તો ગામો છોડી છોડીને નવા સ્થળે—ખાસ કરીને તેની ઊંચાઈએ ચાલ્યાં ગયાં અને વસી ગયાં છે. પણ જૂનાં ગામોનાં મંદિરોની મૂર્તિઓ ચોરાઈ ગઈ છે. મૂર્તિઓની કોઈને ચિંતા નહિ હોય. જૈન હોય તો પહેલાં પ્રતિમાઓ ઉત્થાપન કરીને લઈ જાય. જૈનો ભયકાળમાં પ્રતિમાઓને ભૂમિમાં દાટી દે છે. જેથી સુરક્ષિત રહે અને વર્ષો પછી પ્રગટે. આપણે કશી કાળજી રાખતા નથી. કેટલાંય અપૂજ મંદિરો આજે પણ પડ્યાં છે. બહુ બહુ તો આપણે અનિચ્છનીય મૂર્તિઓનો જળપ્રવાહ કરી દઈએ છીએ. અહીં મંદિરોનો તો જળપ્રવાહ થઈ ગયો છે પણ મૂર્તિઓ ગાયબ થઈ ગઈ છે.

અમે કેદારનાથ તરફ જઈ રહ્યાં છીએ. મારો મોબાઇલ રણક્યા કરે છે. વાત એમ બની છે કે બદરીનાથના માર્ગે પુલો તૂટી જવાથી યાત્રા બંધ થઈ ગઈ છે. બંને તરફ હજારો યાત્રાળુઓ ફસાઈ ગયાં છે. ગુજરાતના ટી.વી. તથા સમાચારપત્રોમાં આવા સમાચાર છપાયાથી લોકો ચિંતાના કારણે મને ફોન કર્યા કરે છે. મને પણ ચિંતા થઈ છે કે હવે બદરીનાથની યાત્રા થશે કે કેમ? જો ન થાય તો ત્રણ જ ધામ કરીને અમારે પાછા ફરવું પડે. દુઃખ થાય. પણ શું થાય! આ તો હિમાલય છે. ક્યારે શું થાય તે કહેવાય નહિ. આપણે તો માત્ર પ્રાર્થના જ કરીએ. વેવાઈ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે “બદરીનાથની યાત્રા જરૂર થશે. સ્વપ્નમાં મને નડેચીમાતાએ કહ્યું છે કે જા, તારી યાત્રા પૂરી થશે.” વેવાઈની નડેચીમાતા પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે. તેમણે માન્યતા પણ માની છે. તેમને પૂરેપૂરો વિશ્વાસ છે. શ્રદ્ધાની ક્ષિતિજો અમાપ છે. શ્રદ્ધા આગળ નાસ્તિકતા રાંક છે. તર્કોકુતર્કો થઈને પાણી ભરે છે. મહાન કાર્યો શ્રદ્ધાથી થતાં હોય છે. કુતર્કોથી નહિ. અમે બધાં અને આટલાં બધાં યાત્રાળુઓ શ્રદ્ધાના જોરે તો યાત્રા કરીએ છીએ. નાસ્તિકો અહીં શું કામ આવે? અને કદાચ આવે તો તેમનું હૃદય ઠરે નહિ, કદાચ બળે. અંધશ્રદ્ધાનું ખંડન જરૂર હોય પણ શ્રદ્ધાનું ખંડન ન હોય. તેને તો સાચવવાની હોય. ડુપ્લિકેટ કરન્સીનો નાશ હોય. સાચી કરન્સીને તો સાચવવાની હોય.

હવે દૂર દૂરથી ટીહરીડેમ દેખાવા લાગ્યો છે. અને અહીં વિશાળ પાણીનો જથ્થો ભરાયેલો છે. આ પાણી નથી, સોનું છે. પહેલાં આ રસ્તો નીચેથી જતો હતો, હવે તો ગામો અને રસ્તો ડૂબી ગયાં છે. એટલે અહીં આટલે ઊંચે નવો રસ્તો કરાયો છે, પણ હવે ચઢ-ઊતર મટી જવાથી 40 કિ.મી.નું અંતર ઘટી ગયું છે. હવે કાચો રસ્તો ચાલી રહ્યો છે. આ બંધની કોલોનીઓ છે. અહીં હજારો મજૂરો, કામદારો, એન્જિનિયરો વગેરે રહે છે. અને તોતિંગ મશીનો પડ્યાં છે. યંત્રવાદનો વિરોધ કરનારા આવો ડેમ 100 વર્ષે પણ પૂરો ન કરી શકે. જો કે તેઓ આવો ડેમ બાંધે જ નહિ, હા, વિરોધ કરે. આજે પણ કરે જ છે ને! શ્રી સુંદરલાલ બહુગુણા અહીંના મેધા પાટકર બન્યા છે. ભારે વિરોધ કર્યો. પેલી જગ્યાએ વારંવાર ઉપવાસ ઉપર બેસી જતા. પર્યાવરણનું ઊંટ આડું કરીને કે પછી બીજાં નિમિત્તો બનાવીને તેઓ વિરોધ કરતા રહ્યા. વિસ્થાપિતોને ઉશ્કેરવા બહુ સરળ કામ છે. નેતા થવા માટે તે સારું નિમિત્ત પૂરું પાડે છે. લોકોનો અસંતોષ ભડકાવવો સરળ છે. બસ, રાજકારણનું આ જ પ્રથમ પગથિયું બની જાય છે. લોકોને ભડકાવતાં આવડે તે નેતા થઈ જાય.

અમે બસો ઊભી કરી દીધી છે અને ઊભાં ઊભાં ટીહરીડેમ જોઈ રહ્યાં છીએ. દૂર દૂર સુધી લીલુંછમ પાણી ભર્યું છે. પહેલાં અહીં સંગમ થતો હતો. ભાગીરથી અને અલકનંદાનો. હવે દૂર

દૂરના વિશાળ જળરાશિમાં સંગમ સમાઈ ગયો છે. આ સામે જે પર્વતો દેખાય છે તેને કોતરીને પોલા કરી દીધા છે. તેમાં પાણીનો ધોધ ફેંકાય છે અને વીજળી ઉત્પન્ન થાય છે. પહાડીની અંદર મોટું નગર વસાવી દીધું છે. જેથી યુદ્ધકાળમાં બૉમ્બમારો થાય તોપણ કશી આંચ ન આવે. આ ડેમ માત્ર વીજળી ઉત્પન્ન કરવા માટે જ છે. 2400 મેગાવોટ વીજળી ઉત્પન્ન થવાની છે. પહેલાં આ વિશ્વનો સર્વોચ્ચ ઊંચો ડેમ થવાનો હતો. પણ તેવું કરવાથી ઉત્તરકાશી પણ ડૂબમાં જતી હતી તેથી તેની ઊંચાઇ ઓછી કરી નાખી. હવે આ ડેમ વિશ્વનો સૌથી પાંચમો ઊંચો ડેમ છે. આ વર્ષે વરસાદ ઓછો હોવાથી જળરાશિ ઓછો છે. ટીહરીના મહારાજા માનવેન્દ્ર સિંહજીએ પોતાનાં 25 ગામો અને ભવ્ય મહેલ કશું જ વળતર લીધા વિના સરકારને આપી દીધો છે જે હવે પૂરેપૂરાં ડૂબી ગયાં છે. રાજા-મહારાજાઓએ ઘણો ત્યાગ પણ કર્યો છે તે વાત તરફ પણ લોકોનું ધ્યાન જવું જરૂરી છે. આ જુઓ, આ ન્યુ ટીહરી શહેર બન્યું છે તે જુઓ. બધા ટીહરીવાસીઓને અહીં ઊંચાઇએ વસાવી આધુનિક નવું ટીહરી શહેર બનાવ્યું છે. અને હાં કર્મચારીઓ માટેના નગરને “ભાગીરથીપુરમ્” નામ આપ્યું છે. અમે વિદાય થયાં. ચક્કર લગાવીને પુલ પાર કરીને ડેમની બીજી તરફ પહોંચી ગયાં. ડેમ એટલો બધો ઊંચો છે કે ઉપર ચઢવા માટે વાહનને પહાડી રોડ જેવા રોડ ઉપર સર્પાકારે પાંચ-સાત ચક્કર મારવાં પડે છે. ચઢતાં ઊતરતાં વાહનો કીડી જેવાં દેખાય છે. સરદાર સરોવર ડેમ જેટલો આ લાંબો નથી તેની દૃષ્ટિએ તો બહુ જ ટૂંકો કહેવાય. કારણ કે બંને પહાડો નજીક નજીક જ છે. પણ આ ડેમની ઊંચાઇ લગભગ બમણી છે. કોંક્રિટ વગેરે વસ્તુઓ માટે નદીના બંને છેડે થાંભલા રોપ્યા નથી. રોપવે નથી એટલે વાહનોથી જ સીધો કોંક્રિટ આવે છે. તેના માટે સર્પાકાર રસ્તા બનાવ્યા છે. તાજમહેલ માટે પણ આવા જ પાલખવાળા રસ્તા બનાવ્યા હતા. જો કે તાજમહેલ અને આ ટીહરીબંધના રસ્તાઓમાં આકાશ-પાતાળનું અંતર છે.

ટીહરીબંધ સંબંધી થોડી વિગતો જાણવી રસપ્રદ રહેશે.

1. કુલ ઊંચાઇ 855 ફૂટ.

2. 2400 મેગાવોટ વીજળીનું ઉત્પાદન.

3. 27,000 હૅક્ટર જમીનને સીંચાઇ.

4. 270 મિલિયન ગેલન પીવાનું પાણી દિલ્હી, યુ.પી. તથા ઉત્તરાંચલને પૂરું પાડશે.

5. અહીંથી 14 કિ.મી. દૂર એક બીજો નાનો બંધ બંધાય છે. જે 400 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે.

6. અત્યાર સુધીમાં આ બંધ પાછળ લગભગ પચાસ અબજ રૂપિયા વપરાઈ ગયા છે.

7. એક લાખ લોકોનું સ્થળાંતર થયું છે.

8. 7.2 તીવ્રતાવાળો ધરતીકંપ સહન કરી શકે તેવી ક્ષમતા વિકસાવી છે.

આ તેની સામાન્ય માહિતી હતી. હિમાલયમાં વહેતી પર્વતીય નદીઓ એટલા ધસમસતા વેગથી નીચે દોડે છે કે તેમાં શક્તિ જ શક્તિ હોય છે. આ જળશક્તિનો જો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય તો આપણને હજારો મેગાવોટ વીજળી મળી શકે તેમ છે. ભવિષ્યમાં આ બાબત જરૂર ધ્યાન દેવાશે કારણ કે વીજળીની જરૂરિયાતો વધી જશે. હવે અત્યારે તો વિરોધીઓના હાથ હેઠા પડ્યા છે. પણ તેમના વિરોધના કારણે આવા બંધો તૈયાર થવામાં ઘણો વિલંબ થયો છે.

જેથી નિર્ધારિત ખર્ચ કરતાં અનેક ગણો ખર્ચ કરીને આ યોજના પૂરી કરવી પડે છે. લોકશાહીનો આ અતિરેકપૂર્ણ દુરુપયોગ છે. ન્યાયતંત્ર પણ અતિવિલંબથી કામ કરતું હોવાથી વિકાસકાર્યોને ફટકો પડે છે.

વીજળી ઉત્પન્ન કરવા માટે જે પાણી રોટરો ઉપર પછડાય છે તે બે રીતે રોટરો ફેરવે છે. ઊંચાઈથી પછડાટ પામીને અને આડા રસ્તે નીચી તરફ જવા માટે ઘસારો કરવાથી. બંને રીતે વપરાયેલું પાણી અંતે પાછું નદીને મળી રહે છે. આવું પાણી નહેરો દ્વારા બહાર નીકળી રહ્યું છે. ભગવાન કરે અને યંત્રવાદ અને મોટાં સંસ્થાનોના વિરોધીઓની બુદ્ધિ સુધરે અને વિકાસમાં રોડાં નાખીને તેને ન અટકાવે તો સારું.

બપોરના એક વાગ્યે અમે લંચ લીધું અને વિદાય થયા.

*

7. કેદારનાથ તરફ

અમે કેદારનાથ તરફ જઈ રહ્યાં છીએ. રસ્તામાં એક પેટ્રોલપંપ ઉપર બસ ઊભી રહી. વિદેશ પ્રવાસમાં મેં જોયું હતું કે પ્રત્યેક દોઢ-બે કલાકે ડ્રાઇવર ફરજિયાત બસ ઊભી રાખતો. તેને 'ટૉઇલેટ સ્ટૉપ' કહેવાય. બધાં પ્રવાસીઓ ઊતરતાં. ત્યાં ફ્રી ટૉઇલેટની વ્યવસ્થા હોય. ચા-પાણી કરે અને પછી વિદાય થાય. પણ અહીં અમારા ડ્રાઇવરો ત્રણ-ચાર કલાક સુધી બસ રોકતા નથી. ઘણી વાર દબાણથી કહીએ ત્યારે માંડ ઊભા રહે. અહીં બસની એવરેજ 15 કિ.મી. પ્રતિકલાક પડે છે, એટલે કદાચ આમ થતું હશે.

પેટ્રોલપંપનું નામ 'અમર શહીદ દલવીરસિંહ રાણા' લખ્યું હતું. શહીદ શબ્દથી મારું આકર્ષણ વધ્યું. મેં તપાસ કરી તો જાણવા મળ્યું કે આ દલવીરસિંહ કારગિલ યુદ્ધમાં શહીદ થયો હતો. મને તેના પ્રત્યે ગૌરવ થયું અને સરકાર પ્રત્યે માન થયું. કારગિલ યુદ્ધ આપણા ગુપ્તચરતંત્રની અક્ષમતાનું પરિણામ હતું. આ યુદ્ધમાં ભારતમાતાના કેટલાય સપૂતો હોમાઈ ગયા હતા. જનરલ પરવેઝ મુશર્રફે લુચ્ચાઈ કરીને પાકિસ્તાની સેનાના શિયા જવાનોને નાગરિક વસ્ત્રોમાં આપણી ખાલી ચોકીઓમાં ગોઠવી દીધા હતા. શિયા મુસ્લિમોને એટલા માટે ગોઠવ્યા હતા, કારણ કે નીચે પૂરા કારગિલ પ્રદેશમાં શિયા મુસ્લિમો રહે છે. તેઓ ભારતવાદી છે. પાકિસ્તાનવાદી નથી. એટલે લડાઈ થાય અને મરે તો શિયા મરે. કદાચ આ સૈનિકો રસ્તો કાપવામાં સફળ રહે તો શિયા, શિયાને સહયોગ કરે આવી ધારણા હતી. પણ બે-ત્રણ બૌદ્ધ નિવાસીઓએ આ ઘૂસણખોરોના સમાચાર આપી દીધા અને ઉતાવળમાં આપણી સેનાએ સજ્જ થઈને પ્રતિકાર કર્યો. તેમાં આ વીર રાણા પણ શહીદ થયો હતો. ગુજરાતમાંથી પણ કેટલાય વીરો શહીદ થયા હતા. પણ હજી સુધી આવો શહીદપંપ મારા જોવામાં આવ્યો નથી. આ શહીદ પુરુષનું સ્મારક જ કહેવાય. અમે નમન કર્યું.

ઘણા દિવસથી સમાચારપત્ર વાંચ્યું ન હતું. પંપવાળો વાંચતો હતો. મેં મંગાવ્યું અને વાંચવા લાગ્યો. આપણાં દૈનિકો જાહેરખબરોથી ભર્યાં હોય છે. અને અહીંનાં હિન્દી પેપરો સમાચારોથી ભર્યાં છે. ચાલતી વખતે મેં કહ્યું કે આ દૈનિકના પૈસા લઈ લો, મારે વાંચવાનું બાકી છે તો કહે કે "પેસા ક્યા લેના, આપ લે જાઈએ." પંપવાળાએ પૈસા ન લીધા. મેં મૂઠો ભરીને કાજુ-કિસમિસનો પ્રસાદ આપ્યો. કોઈની પાસેથી બને તો કશું જ મફતમાં ન લેવું. અમે વિદાય થયા.

એક વાતનું ધ્યાન આપવા જેવું લાગે છે. આપણો દેશ હવે લોકશાહીથી શાસન ચલાવે છે. ચૂંટણીઓ વિના લોકશાહી શક્ય નથી, હવે તો પ્રત્યેક ચૂંટણી વખતે નવી નવી અનામતો ફૂટી નીકળે છે. મતો ખેંચવા સૌથી પ્રબળ લાલચ અનામત છે. અનામત હવે ન્યાય નહિ એક દૂષણ થઈ ગયું છે. ધીરે ધીરે આ દેશ હવે 'અનામતિયો' દેશ થઈ રહ્યો છે. તેવા સમયમાં આ શહીદ થનારા દેશભક્તોનાં બાળકો માટે કેટલી અનામત છે? આ વીર જવાનો જે વર્ગમાંથી આવે છે તે વર્ગ કાંઈ માલેતુજાર નથી હોતો. ખરેખર તો સૈનિકોનો ભરતી મેળો થતો હોય ત્યાં જઈને જોજો, લગભગ બધા જ ગરીબ અને બેકારીના શિકાર જવાનો હોય છે. હવે તો તેમાં પણ લાંચ-રુશ્વત પેસી ગઈ છે તેવું સંભળાય છે. આવા શહીદ થનારા વર્ગ માટે કોઈ જ અનામત ન હોય તો તે ચિંતનીય કહેવાય. કદાચ ભવિષ્યમાં આવા ભરતી થનારા યુવાનો ઘટી પડશે. કારણ કે ખાનગી નોકરીઓમાં હવે વેતન વધારે મળવાની શક્યતા વધી રહી છે. એરફોર્સના પાઇલટ કરતાં, ખાનગી હવાઈ કંપનીઓ વધુ વેતન અને સગવડો આપે છે. રાષ્ટ્રે વિચારવું

પડશે. ખોટાં માણસો કે ખોટા વર્ગ રાજકીય વગ વાપરીને અનામતો પડાવી જાય છે. જ્યારે દેશ માટે શહીદ થનારા વંચિત રહી જાય છે તે ના ચાલે.

અમે ચાલી રહ્યાં છીએ. આ નહેર જુઓ. તેની પણ એક દંતકથા છે. આ વર્ષની માફક વર્ષો પહેલાં પણ ભારે દુષ્કાળ પડેલો ત્યારે માધવસિંહ ભંડારી રાજા રાજ કરતા હતા. તેમણે નહેર ખોદાવીને પાણીને ખેતરો તરફ વહેતું કરવાનો પ્રયત્ન કર્યો. ઘણા પ્રયત્નો પછી પણ પાણી નહેરમાં ન ચઢ્યું. કોઈએ કહ્યું કે જો રાજા પોતાના રાજકુમારનું બલિદાન આપે તો પાણી ચઢે. રાજાએ પોતાના મોટા રાજકુમારનું બલિદાન આપ્યું પછી પાણી ચઢ્યું અને પ્રજા દુષ્કાળથી પાર થઈ ગઈ. આવી ઘણી કથાઓ પૂરા દેશમાં પ્રચલિત થયેલી છે જ. ખરી વાત તો એ છે કે ત્યારે એન્જિનિયરિંગ વિદ્યાનો આજના જેવો વિકાસ થયો ન હતો તેથી સર્વે કરવામાં ભૂલ થઈ હોય. જોઈએ તેવો ઢાળ ના મળતો હોય તો પાણી ન ચઢે. આવું જ કોઈ કારણ હશે. પણ તે જમાનાની માન્યતાઓ પ્રમાણે કાંઈક નડે છે અને કશું માગે છે. તેવી ધારણાથી રાજાએ પોતાના રાજકુમારનું બલિદાન આપ્યું હશે. આ પ્રસંગમાં રાજાની મહત્તા અપાર છે. પ્રજાના હિત માટે જો પાણી ચઢતું હોય તો પોતાના પુત્રનું પણ બલિદાન આપવા તે તૈયાર થયો. તે જ તેની મહત્તા કહેવાય.

હવે અમે શ્રીનગર પાર કરી રહ્યાં છીએ. શ્રીનગર, ઉત્તરાંચલનું મહત્ત્વનું મોટું નગર છે. નગર મોટું અને સારું છે. અમે અલકનંદાના કિનારે કિનારે ઉપર ચઢી રહ્યાં છીએ. જ્યારે નદી નીચે ઊતરી રહી છે. લ્યો ત્યારે આ રુદ્રપ્રયાગ આવ્યું. હિમાલયમાં પાંચ પ્રયાગો છે. જ્યાં બે નદીઓનો સંગમ થાય તેને આપણે પ્રયાગ કહીએ છીએ. ઉત્તરાંચલમાં પાંચ પ્રયાગ આવેલાં છે.

1. રુદ્રપ્રયાગ: અલકનંદા અને મંદાકિનીનો સંગમ થાય છે.

2. દેવપ્રયાગ: ભાગીરથી અને અલકનંદાનો સંગમ થાય છે.

3. નંદપ્રયાગ: અલકનંદા અને મંદાકિનીનો સંગમ થાય છે.

4. કર્ણપ્રયાગ: અલકનંદા અને પિંદારગંગાનો સંગમ થાય છે.

5. વિષ્ણુપ્રયાગ: ધૌલીગંગા અને અલકનંદાનો સંગમ થાય છે.

લગભગ બધાં જ પ્રયાગોમાં બ્રાહ્મણોની વસ્તી વધારે છે. બ્રાહ્મણો હોય ત્યાં વિદ્વાનો પણ હોય જ. પહેલાં આ પ્રયાગોમાં ઘણા સારા વિદ્વાન બ્રાહ્મણો રહેતા. સ્વામી દયાનંદજી અહીં પણ રહેલા અને વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરેલો. તે સામે ચાલીને અગ્નિને ભેટવા જતા. મોટા ભાગે વિષય તો મૂર્તિપૂજાનો જ હોય. અહીં તીર્થો હોવાથી તીર્થોનો વિષય બનાવીને શાસ્ત્રાર્થ કર્યો હશે. તેઓ તીર્થોને માનતા નહિ, એટલે આર્ય સમાજ પાસે કોઈ તીર્થ નથી. હું વિચાર કરું છું કે જો અમે પણ તીર્થને ન માનતા હોત તો અહીં કોણ આવત? આ હિમાલયને જોવાનું જીવનમાં કદી ન બનત. આ હજારો નહિ લાખ્ખો યાત્રાળુઓ હજારો માણસોને રોજીઓ આપે છે તે ન મળત. હા, તીર્થોમાં ઘણા દોષો આવી ગયા છે તે સુધારવાની જરૂર છે, પણ તે તો વ્યવસ્થા સુધારવાથી સુધરી શકે છે. જૈનો પાસેથી આપણે આ બાબતમાં ઘણું શીખી શકીએ. ગૂમડું થયું હોય તો ગૂમડું સુધારવાનું નસ્તર મૂકવાનું પણ આખું અંગ જ કાઢી નાંખવાનું ન હોય. તીર્થોને ન માનવાના કારણે સ્વામીજીની જન્મભૂમિ ટંકારાનું તેમનું જન્મસ્થાન વેચાઈ ગયું છે. એક પટેલ રહે છે. કોઈને કશી પડી નથી. એ તો સારું છે કે દાનવીર શેઠ નાનજી કાળીદાસ મહેતાએ રાજમહેલ રાખીને વિદ્યાસ્થાન બનાવ્યું છે. બાકી કાંઈ નહિ. તેમના જન્મસ્થાને જનારા

આર્ય મિત્રોના ચહેરા ઉપર જિજ્ઞાસા તો દેખાય પણ કોઈ પવિત્રભૂમિ છે તેવો અહોભાવ ના દેખાય.

રુદ્રપ્રયાગ મોટું નગર છે. બે હજાર ફૂટ ઊંચાઈ છે. અમને તો ગરમી લાગતી હતી. કોઈને અહીં રોકાવું હોય તો ધર્મશાળાઓ તથા હોટલો પણ છે. અહીંથી કેદારનાથ 84 કિ.મી. રહી જાય છે. એક બીજો માર્ગ બદરીનાથ પણ જાય છે તે 140 કિ.મી. થાય છે. અમે કેદારનાથ જઈ રહ્યાં છીએ. સાંકડી સડકવાળું રુદ્રપ્રયાગ ભરચક બજારવાળું છે. અમે પુલ ઉપરથી અલકનંદા પાર કરી, અમે સંગમ જોયો. હવે અમે અગસ્ત્યમુનિ પહોંચ્યાં છીએ. આ ગામ પણ મોટું છે, અગસ્ત્યઋષિએ અહીં તપ કરેલું તેથી ગામનું નામ અગસ્ત્યમુનિ પડ્યું છે. અહીંથી હૅલિકૉપ્ટર સર્વિસ ચાલુ છે. પણ અત્યારે અમરનાથ યાત્રા ચાલતી હોવાથી બધાં હૅલિકૉપ્ટરો અમરનાથ તરફ ગયાં છે. હવે અત્યારે હૅલિકૉપ્ટર સર્વિસ બંધ છે.

રસ્તામાં કેટલાય સાધુઓ એકલ-દોકલ પગપાળા યાત્રા કરતા હોય છે. જો શક્ય હોય તો હું બધાંને કાંઈ ને કાંઈ આપું છું. મને આનંદ આવે છે. વર્ષો પહેલાં હું પણ આવી જ રીતે ફરતો હતો તે યાદ આવે છે.

હિન્દુ ધર્મની ઘણી ઉદારતાઓમાંની એક અહીં જોવા મળે છે. કેદારનાથ શિવજી છે. છતાં વૈષ્ણવ સાધુઓ તથા ગૃહસ્થો શ્રદ્ધાથી કેદારનાથની યાત્રા કરે છે. જે પગપાળા સાધુઓ દેખાય છે તે મોટા ભાગે વૈષ્ણવો જ હોય છે. આવી રીતે જે બદરીનાથની યાત્રા કરે છે તેમાં ઘણા શૈવો પણ હોય છે. બદરીનાથ વિષ્ણુ ભગવાન છે. અહીં જ નહિ પૂરા ભારતમાં શિવ-વિષ્ણુનો કશો ભેદ નથી. સહુમાં એક જ ભગવાન છે. આવી એકતા બીજે ભાગ્યે જ જોવા મળશે. જમુનોત્રી પુષ્ટિમાર્ગી વૈષ્ણવોનું તીર્થ છે પણ બધાં જ હિન્દુઓ જમુનોત્રી જાય છે. આ ઉદારતાભરી એકતા છે. એકતા વિનાના ધર્મો, લાભ કરતાં હાનિ જ વધુ પહોંચાડે છે.

અલકનંદામાં એકદમ શુદ્ધનિર્મળ જળ વહી રહ્યું છે. કારણ કે બરફ પીગળીને તે આવતું જળ છે વરસાદ નથી. વરસાદ હોય તો તે ડહોળું થઈ જાય છે. હવે રસ્તો સારો નથી. છેલ્લા પાંચ કલાકથી બસ સતત ચાલ્યા કરે છે. ડ્રાઇવર ઊભી નથી રાખતો. પરદેશમાં આવું ન ચાલે. ખાસ કરીને બહેનોને વધુ તકલીફ પડે. પણ અહીં ચાલે છે. કોઈ પણ માર્ગ ઉપર ટોલ આવ્યો નથી. કોઈ ટૅક્સ લેવાતો નથી. તેમ જ કોઈ ટિકિટવાળું મંદિર આવ્યું નથી. મંદિરને વળી ટિકિટ કેવી? ટિકિટ તો થિયેટરોમાં હોય. મંદિરોને ન હોય. એક પહાડી વળાંક ઉપર અમારી બસ સામેથી ઊતરતી ગતિવાળી બસ સાથે ટકરાતાં-ટકરાતાં રહી ગઈ. માત્ર એક વેંત જ દૂર રહી ગઈ. બંનેમાંથી એકે પણ હૉર્ન ન વગાડ્યું. અને વળાંક વખતે રોંગ સાઈડે આવી ગયા. બધાં યાત્રાળુઓ ચીસ પાડી ઊઠ્યાં. એ મર્યાં... પણ ના જીવ્યાં. સૌને જીવ વહાલો છે. ભલે તે ગમે તેમ કહે કે જગત મિથ્યા છે. હું શરીર નથી, શુદ્ધ આત્મા છું. આ તો બધી ખાલી કહેવાની જ વાત છે. વાસ્તવિકતા જુદી છે. અંતે પેલો પાછો પડ્યો અને અમે નીકળી ગયા. કોઈ ઝઘડો ન થયો. બોધપાઠ લેવાય તો સારું.

હવે અમે ગુપ્તકાશી પહોંચ્યાં છીએ. અહીં અડધો કલાક રોકાયાં. સાંજ પડી ગઈ છે. હું તો રોજ વૈષ્ણો ઢાબામાંથી દાળ—રોટી મંગાવીને જમી લઉં છું. મને ઠીક રહે છે. સાંજના આઠ વાગ્યા પછી અમે સીતાપુર પહોંચ્યાં. અમારો ઉતારો એક હોટલમાં છે. હું તો સૂઈ ગયો. પણ જમવાનું મોડું થયું હોવાથી યાત્રાળુઓ દશ વાગ્યા પછી જમ્યાં. પછી સૂતાં.

આજે તા. 22-7-09 છે. સવારે ચા-નાસ્તો કર્યો. અહીં સ્નાન માટે ગરમ પાણી ખરીદવું પડતું

હોય છે. અહીંથી અમારે નજીક જ આવેલા ગૌરીકુંડ જવાનું છે. ગૌરીકુંડ પણ તીર્થ જ છે. અહીં ગરમ પાણીનો કુંડ છે. પણ મેં સૌને સૂચના આપી છે કે અત્યારે કોઈએ નહાવાનું નથી. વળતાં નહાવું હોય તો નહાવાનું. ગૌરીકુંડમાં બસ-સ્ટૅન્ડે બસ રોકાઈ ગઈ. અમે બધાં ઊંચાઈ ચઢીને બજાર વચ્ચેથી પેલી તરફ ગયાં. અહીં પુષ્કળ ઘોડાં જ ઘોડાં છે. જમુનોત્રીના અનુભવ પછી મારે પાલખીમાં બેસવાનું છે. ઘોડાં અને પાલખી બે રીતે નક્કી થાય છે. એક સરકારી ધોરણે અને બીજું ખાનગીમાં, ખાનગીમાં થોડું સસ્તું રહે પણ હેરાન થવું પડે. એટલે સરકારી રીતે જ કરવું ઠીક કહેવાય. શ્રી જગડુશા મારા માટે પાલખી કરી લાવ્યા. બીજાં ઘણાંએ પાલખી કરી. 3800/- ચાર્જ થયો. જે જગડુશાએ ભરી દીધો અને મારી પાસેથી ન લીધો. અમે તો બધાં વિદાય થયાં.

અમારે 14 કિ.મી. દૂર કેદારનાથ પહોંચવાનું છે. ચઢાઈ બહુ જ તેજ છે. રસ્તામાં ચેકિંગ થાય. જો સરકારી પાવતી ન હોય તો કઠિનાઈ થાય. એક મુસ્લિમ ઘોડાવાળો એક જ ઘોડા ઉપર સવારી બેસાડી બીજા ઘોડાને ખાલી લઈ જઈ રહ્યો છે. શું થાય? રોજી તો કમાવી જ છે. જો રસ્તામાંથી કોઈ થાકેલો માણસ મળી જશે તો કામ થઈ જશે. નહિ તો રામ રામ. ત્રણ-ચાર કિ.મી. ઉપર વિશ્રામ કર્યો. બધાંને ચા-પાણી નાસ્તો કરાવ્યો. અમારા પાલખીવાળા ચારે નેપાળી યુવાનો છે. તેઓ સીઝન પૂરતા અહીં આવે છે. કમાણી કરીને પાછા નેપાળ જતા રહે છે. પાલખીની ડિઝાઇન જરાય સારી નથી. મારે તો અંદરના ભાગે બે લાકડાં એવાં છે કે સાથળોને છોલી નાખે છે. એક સારી ડિઝાઇનવાળી પાલખી બનાવવાની જરૂર છે. જેમાં નેતર વપરાય તો હલકી થાય અને આરામદાયી થાય. આ તો ન હલાય કે ન ચલાય. સજ્જડ કેદ જ સમજો.

ફરી પાછાં ઊપડ્યાં અને રામવાડી પહોંચ્યાં. હવે કેદારનાથ સાત કિ.મી. રહ્યું છે. ફરી પાછાં ચા-નાસ્તો કરાવ્યો. ફરી પાછો ઊપડ્યાં. ફરી ત્રણેક કિ.મી.એ ઊભાં રહ્યાં. એમ કરતાં કરતાં અમે કેદારનાથ પહોંચી ગયાં. કેદારનાથ બદલાઈ ગયું છે. આખું નગર વસી ગયું છે.

પહેલાં આવ્યો હતો ત્યારે બધું સૂમસામ હતું. મહાદેવજી નવરા હતા. કોઈ દર્શનાર્થી જ ન હતું. અત્યારે તો લાંબી લાઇન લાગી છે. પંડ્યાઓનો ત્રાસ વધી ગયો છે. હું લાઇનમાં સૌથી છેલ્લો ઊભો રહ્યો. ‘પૂજા કરાવો’ એવું કહેનારા પંડ્યા ફરી રહ્યા છે અને જેને પૂજા કરાવવી હોય તેને લાઇનમાંથી સીધા જ મંદિરમાં લઈ જાય છે. નવાં આવનારાં પણ લાઇનની વચ્ચે જ પેસી જાય છે. લાઇન આગળ વધતી નથી. જેમ તેમ કરતાં કરતાં અંતે દોઢ કલાકે અમારો વારો આવ્યો. મંદિરમાં ભારે ભીડ, ભારે ઘોંઘાટ, પંડ્યાઓનો દેકારો, પૂજા કરાવનારા વચ્ચે આવી ગયા હોય, ખેંચાખેંચ ચાલતી હોય, ઘી-દૂધ વગેરે સામગ્રી ઢળવાથી મંદિરનું તળિયું ચીકણું થઈને ગંદું થયું હોય. મારાથી વધુ સમય રહેવાયું નહિ. થોડી જ વારમાં ભલું કરજો કેદારનાથજી કહીને હું બહાર નીકળી ગયો. જેટલી ભાવના અને ઉત્સાહથી અમે આવ્યાં હતાં તે બધી ઠંડી થઈ ગઈ. અહીં પૂરા ઉત્તરાંચલમાં પ્લાસ્ટિકની થેલીઓ ઉપર પ્રતિબંધ છે તે સારું જ છે. આવો પ્રતિબંધ પંડ્યાઓ ઉપર ન લગાવી શકાય? યાત્રાળુઓને શાંતિથી દર્શન તો થાય. આપણે આપણાં ધાર્મિક તીર્થોની વ્યવસ્થા કરી શકતા નથી. જૈનો પાસેથી શીખી શકાય. થોડી નિરાશા આવી ગઈ. વિદેશીઓ આવી દશા જુએ તો કેવો અભિપ્રાય બાંધે?

મંદિરમાં મહાદેવજીની સામે પોઠિયો છે. તેના કાનમાં સાવ નજીક મોઢું લઈ જઈને કેટલીક સ્ત્રીઓ કાંઈક બોલી રહી છે. પછી ખબર પડી કે આવી રીતે પોઠિયાના કાનમાં પોતાનાં પાપોની-કબૂલાત કરવાથી પાપ માફ થઈ જાય છે. ધાર્મિક સ્ત્રીઓ ઘણી વાર જૂનાં પાપોના

ડંખોથી પીડાતી હોય છે. આ રીતે તેમને હળવાશ મળતી હોય છે.

અમે વિદાય થયાં. પાલખી હવે ઢાળ ઊતરે છે. ઉપાડનારા ગદગદ કરીને લગભગ દોડે છે. બેસનારને ભારે ત્રાસ થાય છે. પણ શું થાય? પાલખીની ડિઝાઇન જ એવી છે કે બેસનાર ત્રાસી જાય. એક વાર જગદીશભાઈ તો પડી જ ગયા, બચી ગયા. હું ઊતરી ગયો અને ઘણું ચાલ્યો. પાછો બેઠો, પાછો ચાલ્યો. એમ કરતાં કરતાં માંડ ગૌરીકુંડ પહોંચ્યાં. અમે થોડાંક માણસો અમારી રસોડાની નાની બસમાં વિદાય થઈ ગયાં. બાકીના લોકો ગૌરીકુંડમાં નહાવા માટે રોકાઈ ગયાં. સીતાપુર આવીને કાન્તાએ મને ખીચડી કરી આપી. ખીચડી અને ડુંગળી ખાઈને હું તો સૂઈ ગયો. કેદારનાથની યાત્રા પૂરી થઈ.

એવું મનાય છે કે આદ્ય શંકરાચાર્યજીએ અહીં કેદારનાથમાં રહીને ભાષ્યોની રચના કરી હતી. વિચાર કરો, આજથી 1200 વર્ષ પહેલાં અહીં કેવી સ્થિતિ હશે. નર્યું એકાન્ત. ત્યારે પોતાના શિષ્યો સાથે અહીં વાસ કર્યો હશે અને કલમ ચલાવી હશે. ઠંડીનો તો પાર નહિ. પણ ચિંતકને એકાન્ત જોઈએ. તો જ તેનું ચિંતન ખીલવા લાગે. ચિંતકને ભીડ ન જોઈએ. કોલાહલ ન જોઈએ, વિક્ષેપો ન જોઈએ.

અને હા, અહીં જ તેમણે દેહવિલય પણ કર્યો હતો. તેમની સમાધિ પણ અહીં છે. પણ તેમના મહિમા પ્રમાણે તેનું નિર્માણ થયું નથી લાગતું. ઘણાને તો ખબર પણ નથી. જ્યારે તેમનો દેહવિલય થયો હશે ત્યારે અહીં કેટલા માણસો હાજર હશે?

જે માન-મહત્ત્વ શીખ સરદારો પોતાના મહાપુરુષોને આપે છે, તેમના નામે ગુરુદ્વારા રચાવે છે, લંગર ચલાવે છે તેવું આપણે આપણા મહાપુરુષો માટે નથી કરતા. કેટલાય સંપ્રદાયો ભવ્ય સમાધિઓ કરવા લાગ્યા છે. કેટલાક તો હવે પોતાનું જ મહત્ત્વ વધારે છે. સ્વપૂજા-વ્યક્તિપૂજા વધી રહી છે, જે ચિંતાજનક છે.

5-8-09

*

8. બદરીનાથ તરફ

આજે તા. 23-7-09 છે. સવારે ચા-નાસ્તો કર્યો.

છેલ્લા ચારેક દિવસથી પુલો તૂટવાથી અને પહાડ ધસી પડવાથી બદરીનાથની યાત્રા બંધ હતી. બંને તરફ 5-10 હજાર યાત્રાળુઓ ફસાઈ ગયાં હતાં. અમારી યાત્રા થશે કે કેમ તે શંકા હતી. પણ આજે સમાચાર મળ્યા કે પુલો ચાલુ થઈ ગયા છે. યાત્રા ચાલુ થઈ ગઈ છે. બધાંના આનંદનો પાર ન રહ્યો. કારણ કે ચાર ધામમાં મુખ્ય ધામ તો બદરીનાથ જ છે. તે કર્યા વિના પાછા ફરવાનું થાય તો ભારે નિરાશા થાય.

અમે તો જય બોલીને વિદાય થયાં. વાતાવરણ સારું છે. જે રસ્તેથી આવ્યાં હતાં તે જ રસ્તે પાછાં ફરી રહ્યાં છીએ. છોકરા-છોકરીઓ નિશાળે જઈ રહ્યાં છે. બધાંનો ડ્રેસ સરખો હોવાથી અને ડાબા હાથે લાઇનબંધ ચાલતાં હોવાથી સારું લાગે છે. કોઈને કશી અડચણરૂપ થતાં નથી. બધાંની ચાલ ધીમી છે. કારણ કે પર્વતોમાં ઝડપથી ચાલી શકાય નહિ. ફરી પાછાં ગુપ્ત કાશી આવ્યાં. ઊભાં રહ્યાં. લીલું શાકભાજી લીધું અને સલાડના રૂપમાં બધાંએ ખાધું. યાત્રા-પ્રવાસમાં શાકાહારી લોકોએ આ પ્રયોગ કરવા જેવો છે. પણ હા, શાકભાજી દવાથી મુક્ત હોય તો.

યાત્રામાં વારંવાર ઘણી નદીઓ આવે છે. પુલ અમે પાર કરીએ છીએ પણ ક્યાંય નામ લખ્યું હોતું નથી તેથી અડચણ થાય છે. ખરેખર તો પ્રત્યેક નદીના પુલ ઉપર બંને છેડે મોટા મોટા અક્ષરોથી નામ લખવાં જોઈએ જેથી યાત્રાળુઓને ખબર પડે કે અમે કઈ નદી પાર કરી રહ્યાં છીએ.

શીખોના યાત્રાસ્થળ હેમકુંડ આ જ રસ્તે જવાય છે. એટલે ઘણા શીખ શ્રદ્ધાળુઓ યાત્રા કરી કરીને પાછા ફરી રહ્યા છે. મોટા ભાગે તે બબ્બેની જોડીમાં મોટરસાઇકલ ઉપર સવાર હોય છે. અમે બધાં બપોરના બાર વાગ્યે એક જગ્યાએ રોકાયાં. છોલે-પૂરી બનાવી બધાંએ લંચ લીધું. મારા માટે તો કાન્તાનો સવારનો ટાઢો રોટલો અને છોલે જ બસ થઈ ગયાં. અમારા જેવી જ મધ્યપ્રદેશની એક બસ આવી અને ઊભી રહી. તેમાં સામાન્ય યાત્રાળુઓ હતાં. મેં બધાંને મોહનથાળનાં મોટાં મોટાં ચકતાંનો પ્રસાદ આપ્યો. બધાં ખુશ થઈ ગયાં. એક ગોરખપુરનો ગરીબ બ્રાહ્મણ પણ તેમાં છે. તેણે પોતાની કથની સંભળાવી. રૂ. 1250 ભરીને તે યાત્રામાં જોડાયો છે. પણ હવે પૈસા ખૂટી પડ્યા છે. શું કરવું? મેં તેને થોડી મદદ કરી, પણ હજી તેને યાત્રા તો ઘણી બાકી હતી.

અમારી સાથે અમારા ડ્રાઇવર ઈલેશનો પુત્ર જીત પણ છે. તે બહુ બુદ્ધિશાળી અને દોડી-દોડીને સેવા કરનારો છે. તેને હજી માંડ પાંચેક વર્ષ થયાં હશે. તેને અભિનય કરતાં પણ સારો આવડે છે. મારો કટોરો મેં તેને આપ્યો. ગરીબ ભિખારી જેવો અવાજ કાઢીને તે અમારાં યાત્રાળુઓમાં ફરવા લાગ્યો. “મેરે બાલ બચ્ચે ચાર દિન સે ભૂખે હૈં કુછ ભી ખાયા નહિ હૈ” વગેરે બોલે થોડી જ વારમાં છસ્સો ઉપરના રૂપિયા ભેગા થઈ ગયા. મેં એ બધી રકમ પેલા ગરીબ બ્રાહ્મણને આપી દીધી. તે તો ખુશ ખુશ થઈ ગયો. તેને ચમત્કાર લાગ્યો. જાણે કે નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારાઈ હોય તેમ તેનો ચહેરો ખીલી ઊઠ્યો, તેનું રોમે રોમ આભાર માની રહ્યું હતું. “હાશ, હવે સારી રીતે યાત્રા પૂરી થશે.”

અમે પીપલકોટિ પાર કરી રહ્યાં છીએ. અહીં એક સુંદર આશ્રમ દેખાય છે. તે માત્ર જોવામાં જ સુંદર નથી, તેના ગુણો પણ સુંદર છે. સ્વામી પ્રેમાનંદજી તેનું સંચાલન કરે છે. આશ્રમમાં બધાં જ યાત્રાળુઓ માટે રહેવાનું-જમવાનું, ચા-પાણી બધું જ મફત છે. કોઈ પણ આવે અને કોઈ પણ રહે, કોઈ પણ જમે કશો જ ચાર્જ નહિ. હજી એવા પણ આશ્રમો છે જ્યાં કોમર્શિયલ વૃત્તિ આવી નથી. બધું ઈશ્વરકૃપાથી નિ:શુલ્ક ચાલે છે. છતાં કશી ખોટ નથી. સારી રીતે ચાલે છે. જે લોકોએ ધર્મસ્થાનોને દુકાનદારી બનાવી દીધી છે, ટિકિટો લગાવી છે અને બજાર કરતાં મોંઘાભાવે વસ્તુઓ વેચે છે તેમને અહીં લાવવા જોઈએ અને આવાં નિર્લોભી આશ્રમો-મંદિરો બતાવવાં જોઈએ. કદાચ તેમને ભાન થાય. ધર્મને ખરો ભય આવા ધનલોભી લોકોથી છે.

આ જુઓ, અહીં શીખોનું લંગર છે. કોઈ ચાર્જ નથી. કોઈ પણ આવીને જમી શકે છે. હવે અમે જોષીમઠ પહોંચ્યાં છીએ. પર્વતની છેક ઉપરથી નીચે ઊતરતાં-ઊતરતાં અહીં શંકરાચાર્યમઠ આગળ ઊભાં છીએ. અહીંથી એકમાર્ગી રસ્તો થાય છે. સામેનાં વાહનો આવી જશે પછી સાડા ચારે અમને જવાની છૂટ મળશે. અમારી પાસે દોઢ કલાક છે. અમે તો બધાં મઠમાં ગયાં. આદ્ય શંકરાચાર્યે ચાર દિશામાં ચાર મઠ સ્થાપેલા તેમાંનો આ એક છે. એ ચાર મઠ આ પ્રમાણે છે: 1. જ્યોતિમઠ અથવા જોષીમઠ, 2. દ્વારકામાં મઠ, 3. જગન્નાથ-પુરીમાં મઠ અને 4. દક્ષિણમાં શૃંગેરીમઠ. જોકે તે પછી તો ઘણા મઠો તથા ઘણા પોતાને શંકરાચાર્ય કહેવડાવનારા થયા છે. આ જોષીમઠમાં થોડાં વર્ષો પૂર્વે ઉત્તરાધિકારીનો ઝઘડો થયેલો જેમાંથી સમાનાન્તર બે શંકરાચાર્યો થયા હતા. બંનેના મઠો અલગ-અલગ હતા. જેમાંથી એક શંકરાચાર્ય અત્યારે દ્વારકા મઠના શંકરાચાર્ય થયા છે.

મઠ સુસ્ત લાગ્યો. પૂરા મઠમાં બે જ સાધુઓ હતા. અમારી પાસે પૂરતો સમય હોવાથી હોલમાં સૌની સામે મેં શંકરાચાર્ય ઉપર પ્રવચન કર્યું. પછી વિદાય થયાં. હવે રસ્તો ખુલ્લો થઈ ગયો છે. ઘણા કટાર બાંધેલી કમ્મરવાળા સરદાજીઓની સાથે અમે પણ નદી તરફ ઊતરી રહ્યા છીએ. આ એક જ મહાપુરુષ હતા જેણે માળાની સાથે તલવારનું પણ મહત્ત્વ વધાર્યું. એક બળવાન પ્રજાનું નિર્માણ કર્યું. સલામ ગુરુ ગોવિંદસિંહજીને. આવું કામ કરનારનો ક્યાંય જોટો મળતો દેખાતો નથી. બીજા ગુરુઓએ માત્ર માળા આપી, તલવાર છોડાવી, શસ્ત્રવિમુખ પ્રજાને પરલોક બતાવ્યો. પરિણામે ભગત ઓછા પણ ભગતડાં વધારે પેદા થયાં. પ્રજા દુર્બળ થઈ. તેથી ગુલામ થઈ. હા, ગુલામીમાં શસ્ત્રવિમુખતા પણ મહત્ત્વનું કારણ બની ગયું.

અમે યાત્રા કરીને પાછાં ફર્યાં ત્યારે એક બહુ જ આનંદદાયક સમાચાર આવ્યા હતા. આપણે એક અણુસંચાલિત સબમરીન બનાવી હતી જેનું નામ ‘અરિહન્ત’ રાખીને તેનું જલાવતરણ કર્યું હતું. ઘણા સમયથી ભારતને વિશાળ સમુદ્રની રક્ષા માટે અણુશક્તિ-સંચાલિત સબમરીનની જરૂર હતી. છેલ્લાં દશ વર્ષથી આવી બે સબમરીનો આપણે રશિયા પાસેથી ભાડે લીધી હતી. હવે આપણી પોતાની થઈ. ત્રીસ અબજ રૂપિયાના ખર્ચે આ સબમરીન ભારતમાં જ બની છે. જોકે તેની ડિઝાઇન અને ટેક્નિકમાં રશિયાનો સહયોગ રહ્યો છે. ઓછામાં ઓછી આવી દશ સબમરીનો આપણી પાસે તત્કાળ હોવી જોઈએ. ચાલો એક તો થઈ, શરૂઆત થઈ. સારું થયું. ગૌરવની વાત કહેવાય.

બીજું ગૌરવ એ લાગ્યું કે તેનું નામ અરિહન્ત રખાયું. અરિ એટલે શત્રુ અને હન્ત એટલે હણનાર. શત્રુને હણીને જ તમે રાષ્ટ્રને સુરક્ષિત રાખી શકો. આપણે આ ત્રણેયમાં પાછળ છીએ. તમારી પાસે કેટલું છે તે મહત્ત્વનું નથી, પણ તમારા કુલ શત્રુઓની તુલનામાં કેટલું છે તે મહત્ત્વનું છે. આપણા કુલ શત્રુઓની તુલનામાં આપણે ઘણા પાછળ છીએ.

આ નામ સાથે એક પ્રબળ વિવાદ શરૂ થઈ ગયો છે. જૈન ધર્મના આચાર્યો આક્રોશપૂર્વક આ નામનો વિરોધ કરવા લાગ્યા છે. 'આ નામ તો અમારા ભગવાનનું છે. અમારા ભગવાન તો ચુસ્ત અહિંસાવાદી છે. આવું ભયંકર વિનાશક શસ્ત્ર તેમના નામે ન હોય' વિવાદ હજી શમ્યો નથી, ચાલુ જ છે. પણ પ્રશ્ન ઊભો થયો છે. જો નામ માત્રથી આટલો બધો વિવાદ હોય તો કાલે આ સબમરીન અણુ મિસાઈલ છોડીને શત્રુપક્ષનાં હજારો માણસો મારી નાખે તો કેટલો મોટો વિવાદ થાય? તો શું તેની પાસેથી કામ ન લેવાય? તો રાષ્ટ્રની શી દશા થાય? અને આ પ્રશ્ન તો પ્રત્યેક શસ્ત્ર સામે કરી શકાય. તો તો આત્મસંહાર થવા દેવો તેવો અર્થ થઈ જાય. ખરેખર તો હિંસાને રોકવા ઘણી વાર હિંસાનો આશરો લેવો જ પડતો હોય છે. બધા પ્રશ્નો અહિંસાથી ઉકેલાતા નથી. જ્યારે કોઈ પ્રશ્ન ઉકેલાતો દેખાય તો તેમાં પણ અહિંસાની પાછળ મોટી હિંસા છુપાયેલી હોય છે. માનો કે મહાત્મા ગાંધીજી અહિંસક આંદોલન ચલાવે છે. અંગ્રેજો પ્રભાવિત થઈને તેમની વાત સ્વીકારી લે છે. તેમાં માત્ર અહિંસાનો જ વિજય નથી. અંગ્રેજોની શાલીનતા, ન્યાયપ્રિયતા પણ કારણરૂપ છે. હિટલર જેવા સામે આવાં આંદોલન ન ચાલી શકે, નિઝામ, જૂનાગઢ કે ગોવામાં ક્યાં ચાલ્યાં? સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જો આવાં આંદોલનમાં મહાત્માજીને કાંઈ થઈ જાય તો આખો દેશ ભડકે બળે તે હકીકત પણ કામ કરે છે. આ અહિંસાની પાછળની હિંસા છે. જેની પાસે આવી પૃષ્ઠહિંસાનો ભય હોય તેની જ અહિંસા કામ કરી શકે. જેના મરી જવાથી કશી જ પ્રતિક્રિયા ના થવાની હોય તેના અહિંસક આંદોલનની કશી કિંમત નથી રહેતી. ખરેખર તો આવા ભય વિનાની એકલી કોરી અહિંસાથી કોઈ જ પ્રશ્ન ઉકેલાતો નથી.

દેશવાસીઓએ ખાસ કરીને હિન્દુ પ્રજાએ સમજવાની જરૂર છે કે તે દુર્બળ કેમ છે? માર કેમ ખાતી રહી છે? કારણ કે તેને શસ્ત્રવિમુખ જ નહિ શસ્ત્રવિરોધી બનાવનારું ચિંતન મળ્યું છે. ચિંતન મહત્ત્વની વસ્તુ છે. આ સરદારોને શસ્ત્રધારી કરનારું ચિંતન મળ્યું છે. કેવા બહાદુર દેખાય છે? આ સરદારો ઝઘડાખોર પ્રજા નથી. કિરપાણ ધારણ કરવાથી જેને ને તેને હુલાવી દેતા નથી. હિંસાવાદી નથી. પણ સાથે સાથે માર ખાવાવાદી પણ નથી. હિંસકવૃત્તિવાળાં તત્ત્વો તેનાથી દૂર રહે છે. ગુરુજીએ કિરપાણ આપી છે. માત્ર માળા જ આપી નથી. આવા ગુરુજીઓ કેટલા થયા? ક્યાંય કોઈ દેખાતું નથી. હું ઇચ્છું કે હવે તો થાય. પ્રત્યેક ગુરુ માળા અને તલવારનો પ્રચાર કરે. પ્રજાને બળવાન બનાવે. તો જ પ્રજાનું ભવિષ્ય છે. સરદારોને જોતાં-જોતાં અમે નીચે ઊતરી રહ્યાં છીએ. ધર્મ અને ધર્મગુરુ પ્રજાને ઘડે છે. જુઓ આ ઘડતર અને જુઓ પેલું કાયર ઘડતર જ્યાં નામ રાખવા માત્રથી પણ વિરોધ થઈ રહ્યો છે.

અમે નદી પાર કરી રહ્યાં છીએ. અહીં બહુ મોટો હાઈડ્રોપાવર પ્રોજેક્ટ કામ કરે છે. આ બીજું ઘડતર છે. આનો વિરોધ કરનારા પણ ઓછા નથી. વીજળી ચોવીસે કલાક જોઈએ પણ ગંગાજી કે નર્મદાજીને આંચ આવવી ન જોઈએ. મેધા પાટકર, સુંદરલાલ બહુગુણા જેવા હજારો વિરોધીઓ વિરોધ કરે છે, રોડાં અટકાવે છે. વિલંબ કરાવે છે અને પ્રોજેક્ટને પાંચ ગણો મોંઘો કરાવી મૂકે છે. આ છે ભારત, આવું ચીનમાં ન ચાલે. તેથી તો તેણે મોટી છલાંગ લગાવી છે. આપણે ઘણા પાછળ પડી ગયા છીએ. ચિંતન સુધારવાની જરૂર છે, મોટા મોટા પ્રોજેક્ટો જરૂરી છે. માત્ર ચરખાથી જ રાષ્ટ્ર સમૃદ્ધ ન થાય.

પાવર પ્રોજેક્ટ જોતાં-જોતાં અમે નદી પાર કરીને ફરી પાછાં સામેના પર્વત ઉપર ચઢી રહ્યાં છીએ. અહીંથી ફ્લાવરવેલી અને હેમકુંડ જવાય છે. સરદારો એ રસ્તે વળી જાય છે.

અહીં પર્વતોમાં શિલાજિત ઘણું થાય છે. માંકડાં તેને ચાટી જાય છે. થોડું જ આપણા હાથમાં

આવે છે. બજારમાં જે વેચાય છે તે મોટા ભાગે બનાવટી હોય છે.

અમે વિષ્ણુપ્રયાગ પાર કરી રહ્યાં છીએ. અહીં પણ મોટો હાઈડ્રો પ્રોજેક્ટ છે. અહીં અલકનંદા અને ધૌલિગંગાનો સંગમ છે. તેમાં ધૌલિગંગાનો પ્રવાહ બહુ જ તેજ છે. તેમાં ઊતરવા જેવું નથી. ખેંચી જ જાય. પહેલાં જ્યારે બસો ન હતી અને લોકો પગપાળા યાત્રા કરતા ત્યારે આ બધાં તીર્થોમાં ઊતરતાં અને ધીરે ધીરે આગળની યાત્રા કરતાં.

થોડા દિવસ પહેલાં જે પુલ તૂટી ગયેલો અને ભેખડો ધસી આવેલી તે જગ્યાએ અમે પહોંચ્યાં છીએ. હવે તો રસ્તો ચાલુ થઈ ગયો છે. પણ સાવ સાંકડો રસ્તો છે. મોટા મોટા પથ્થરો પડ્યા છે. હવે ટ્રાફિક જામ થઈ ગયો છે. અહીં સરદારજીઓનો ગોવિંદઘાટ છે. અહીંથી સીધા હેમકુંડ જવાય છે. ઘણા સરદારોની બસો ઊભી છે. બધાં અહીં બસો પાર્ક કરીને 2 કિ.મી. દૂર ગોવિંદઘાટ નહાવા જાય છે.

હવે પાંડુકેશ્વર આવ્યું છે. અહીં પુલ તૂટ્યો હતો તે રિપેર થઈ ગયો છે. અમે રસ્તો પાર કર્યો. ફરી પાછો એક હાઈડ્રોપાવર પ્રોજેક્ટ આવ્યો છે. અહીં ઘણીબધી શક્યતાઓ છે વીજળી ઉત્પન્ન કરવાની. અમે હવે હનુમાન ચટ્ટી પહોંચ્યાં છીએ.

અમે હવે બદરીનાથ ધામમાં પહોંચી રહ્યાં છીએ. પ્રવેશતાં જ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની મોટી ધર્મશાળા આવે છે. પહેલાં અહીં કશું નહોતું. હવે આખું નગર વસી ગયું છે. જૈનોનું કથન છે કે આ બદરીનારાયણ ધામ અમારું છે. વિવાદ ચાલે છે. જૈનો પણ અહીં એક ભવ્ય મંદિર બાંધે તો સારી વાત કહેવાય. સરદારોની માફક જૈનો પણ હિમાલયદર્શન કરવા આવે. સૌને સમાવી લે તેને સનાતન કહેવાય. અમે અમારા ઉતારે પહોંચી ગયાં. રાત પડી ચૂકી છે તોપણ સૌની મરજી દર્શન કરવાની છે. અમે તો બધાં ઊપડ્યાં. થોડાક છાંટા પડી રહ્યા છે. બજાર પાર કરીને પહોંચી ગયાં મંદિરમાં. અહીં પંડ્યાઓનો ત્રાસ નથી. શાન્તિથી દર્શન કર્યાં. બહુ ભીડ ન હતી. ફરી પાછાં ઉતારે આવ્યાં. સૌના આનંદનો પાર ન હતો. બસ એક જ વાત: દર્શન થઈ ગયાં.

રાત્રે બધાં જમ્યાં અને સૂઈ ગયાં. ઠંડી ઘણી છે. સવારે 25 રૂપિયે એક ડોલ ગરમ પાણી લાવ્યા અને નહાયા. ભગવતીબહેન મળ્યાં, કહે કે બે ટમ્બલર ઠંડું પાણી માથા ઉપર નાખી દીધું. બધી ઠંડી ઊડી ગઈ. હસી પડ્યાં. આ બહેને કદી કોઈ ફરિયાદ કરી નથી.

એવું કહેવાય છે કે એક વિશાલ નામના રાજાનું રાજ્ય બીજા રાજાએ પડાવી લીધું હતું. તેથી દુ:ખી થઈને વિશાલ રાજા અહીં તપસ્યા કરવા લાગ્યો. ભગવાન પ્રસન્ન થયા અને માગવા કહ્યું. રાજાએ પોતાનું સુખ-સંપન્ન રાજ્ય માંગ્યું. ભગવાને કહ્યું કે તું અહીં જ રાજ્ય વસાવી લે. આ ક્ષેત્ર સર્વોચ્ચ સુખ-સંપન્ન છે. તારા નામ ઉપરથી હવેથી આ ક્ષેત્રને “બદરીવિશાલ” કહેવાશે. આ રીતે બદરીવિશાલ કહેવાય છે.

એક તરફ નર અને બીજી તરફ નારાયણ નામના પર્વત છે. બંનેની વચ્ચે બદરીનારાયણ તીર્થધામ છે. આ બેમાંથી એક પર્વતના ઊંચા શિખર ઉપર કોઈએ ધ્વજાનું રોપણ કર્યું છે. વાદળાં નથી હોતાં ત્યારે જ માંડ દેખાય છે. પર્વત સીધો જ છે. ઘણો ઊંચો છે. કેવી રીતે માણસ ચઢ્યો હતો? પણ ચઢ્યો જરૂર છે.

બદરીનાથથી ચારેક કિલોમીટર દૂર ઊંચી જગ્યાએ માના ગામ આવ્યું છે. અમે બધાં બસ લઈને ત્યાં પહોંચ્યાં અને ઊંચાઈ ચઢીને માના ગામ પહોંચ્યાં. આ આપણું ભારતનું છેલ્લું ગામ છે.

અહીંથી 20-25 કિ.મી. દૂર ચીનની સીમા છે. ત્યાં સુધી કોઈ ગામ નથી. બરફના ગ્લેશિયર છે. માના ગામથી ઉપર વ્યાસજીની ગુફા છે. એવી માન્યતા છે કે મહર્ષિ વ્યાસે આ ગુફામાં બેસીને ગણેશને મહાભારત લખાવ્યું હતું. ઊંચાઈ હોવાથી બધાં ના ગયાં પણ કેટલાંક લોકો ગયાં. 200 પગથિયાં ચઢીને ગુફામાં જવાય છે. 3118 મીટર ઊંચાઈએ માના છે. ગુફામાં વ્યાસજીની પ્રતિમા છે. સાથે બીજી પ્રતિમાઓ પણ છે.

શક્તિસિંહ છેક ઉપર ગયા. ગુફામાં નાગમણિ બરફાની બાબા બેઠા છે. શક્તિસિંહ કહે કે હું ગયો તો ચિઢાઈ ગયા: ચલા જા-ચલા જા એમ ધૂત્કારીને કહ્યું. પછી મેં પચાસ રૂપિયાની ભેટ ધરી તો ખુશ થઈ ગયા. અચ્છા બચ્ચા, બેઠ-બેઠ. ફોટો ખીંચના હો તો ખીંચ લે.

મેં ફોટો ખેંચ્યો. થોડી થોડી વારે દર્પણમાં જોઈને ભસ્મતિલક ઠીક કરતા રહે છે. આવા છે બરફાની બાબા.

પાંચ પાંડવો અહીં હાડ ગાળવા આવેલ તેવી કથા છે. યુધિષ્ઠિરના કૂતરાને સ્વર્ગમાં પ્રવેશ ન મળ્યો તો યુધિષ્ઠિરે કહ્યું કે આ કૂતરાએ જીવનભર મારી વફાદારીથી સેવા કરી છે. જો તેને પ્રવેશ ન મળતો હોય તો મારે એકલાએ સ્વર્ગમાં આવવું નથી. યુધિષ્ઠિરની ભૃત્યભક્તિ જોઈને ઇન્દ્રરાજ રાજી થયા અને કૂતરાસહિત તેમને પ્રવેશ મળ્યો.

જીવનમાં બે પ્રકારનાં નજીકનાં માણસો મળતાં હોય છે: 1. વફાદાર અને 2. ગદ્દાર. યાદ રહે, નજીકનાં માણસો જ જીવન સુખી-દુખી કરવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. બધાંને વફાદાર માણસો મળતાં નથી. બધાંને ગદ્દાર પણ મળતાં નથી. મહાપુરુષોને કોઈ ને કોઈ ગદ્દાર માણસ મળતો હોય છે, જે તેની પીઠ પાછળ રહીને છરો ભોંકતો હોય છે. સૌથી વધુ દુઃખદાયી ગદ્દાર પત્ની જીવન ધૂળધાણી કરતી હોય છે અને સૌથી વધુ સુખી વફાદાર પત્ની જીવનને ધન્ય ધન્ય બનાવતી હોય છે. મિત્રોની તો વાત જ શી કરવી? કૂતરું ગદ્દારી નથી કરતું તેથી વફાદારીનું પ્રતીક મનાય છે. યુધિષ્ઠિર જેવા કોક જ માલિક હોય છે જે વફાદાર કૂતરાની પણ કદર કરે છે. વફાદારી કદરથી ચેતનાવાન બને છે. ગદ્દારી, દંડથી નિસ્તેજ બને છે. બધાંને ક્ષમા અપાય પણ નજીકના અને રાષ્ટ્રના ગદ્દારને ક્ષમા અપાય નહિ. આમને ક્ષમા આપનાર પોતાની હત્યાને નોંતરું આપે છે.

અહીં એક સીડી પણ મૂકી છે. કહેવાય છે કે આ સીડીનાં સીધાં પગથિયાં ચઢીને સ્વર્ગમાં જવાય છે. સારું થયું કે અમારામાંથી એક પણ સીડી ચઢ્યું નહિ, નહિ તો એકાદ માણસ ઓછું થઈ જાત, આ જીવન જ સ્વર્ગ છે—જો જીવતાં આવડે તો, ઉપર સ્વર્ગ કે નરક હશે કે કેમ તેની ખાતરી નથી.

અહીં સૈનિક થાણું પણ છે. સૈનિક પરેડ કરે છે. પાછાં બદરીનાથ ચઢ્યાં, જમ્યાં અને હવે પાછા જવા વિદાય થયાં. એકમાર્ગી રસ્તો હોવાથી બધાં વાહનો લાઇનસર ઊભાં છે. અંતે બપોરના બે વાગ્યે ગેટ ખૂલ્યો અર્થાત્ અમારો ટ્રાફિક છૂટો થયો. બધાં સડસડાટ ચાલ્યાં. હવે બધાંને ગરમી લાગે છે. બદરીનાથમાં ખૂબ ઠંડી હતી. સારું છે કે ત્યાં ગરમ પાણીના કુંડ છે. જેથી સૌ નહાઈ શકે છે. અમે ફરી પાછાં પીપલકોટી આવી ગયાં અને રાત રોકાયાં. રાત્રે સત્સંગ કર્યો અને સૂઈ ગયાં.

સવારે બધાંને બક્ષિસ આપી. કારણ કે આ છેલ્લો દિવસ છે. ‘મધુરેણ સમાપયેત્’ સેવા કરી કે ના કરી, અનુકૂળ રહ્યા કે પ્રતિકૂળ રહ્યા—જે હોય તે, પણ વિદાય સુધારવી. સૌને રાજી કર્યા.

બહેનો ભજન ગાઈ રહી છે.

> જેણે રે રામાયણનું નામ ન લીધું
> તેણે રે જનેતાનું દૂધ ન પીધું.

મને લાગે છે કે રામાયણ શબ્દ રામવાચી છે. અર્થાત્ જેણે જીવનમાં રામ-ઈશ્વરનું નામ ન લીધું તેણે જનેતાનું દૂધ ન પીધું. ગામડિયા કવિએ ચોટદાર શબ્દો વાપર્યા છે. આજે તો બધાં બાળકો જનેતાનું દૂધ પીવાનું અહોભાગ્ય લઈને જન્મતાં નથી. પણ એક સમય હતો જ્યારે માનું દૂધ બહુ મૂલ્યવાન ગણાતું. લોકો કહેતા કે “માનું દૂધ ન લજવતો”, “આવી જા માનું દૂધ પીધું હોય તો”, “છઠ્ઠીનું દૂધ કાઢી નાખીશ” વગેરે વગેરે. માના દૂધનું કેટલું બધું મહત્ત્વ હતું? માના દૂધનું આટલું બધું મહત્ત્વ હોય તો સ્વયં માનું કેટલું મહત્ત્વ હોય?

ફરી પાછાં રુદ્રપ્રયાગ થઈને શ્રીનગર પહોંચ્યાં. અમારી ગાડી નીકળી કે તરત જ ઉપરથી પથ્થરો પડ્યા. માત્ર એક જ સેકન્ડ મોડું થયું હોત તો પથ્થરો અમારા ઉપર પડવાના હતા. આ હિમાલય છે. ડગલે ને પગલે જોખમ તો રહેવાનું જ છે. આ દેવપ્રયાગ આવ્યું. અહીં ભાગીરથી અને અલકનંદાનો સંગમ છે. બદરીનાથના પુરોહિતો અહીં રહે છે. હવેથી આગળ ગંગા નદી કહેવાય છે.

આગળ જતાં લંચનો સમય થયો હોવાથી એક મંદિર પાસે બસ રોકી. છાબડાજી નામના કોઈ શેઠે મંદિર બાંધ્યું છે. શેઠ તો દિલ્હીમાં રહે છે. પણ તિવારી નામના બ્રાહ્મણ સંચાલન કરે છે. મંદિરમાં સ્થળે સ્થળે પુષ્કળ બોર્ડો લખેલાં છે. દાન આપો—દાન આપો. સાધુસંતોના ભોજન માટે, ગરીબ કન્યાઓ માટે—વગેરે વગેરે અનેક નિમિત્ત બનાવીને દાન માગવામાં આવ્યું છે. વધુ નહિ તો એક રૂપિયો તો આ બૉક્સમાં જરૂર નાખો તેવી વાતો પણ લખી છે. મને આ રીત ગમી નહિ. મંદિરને કોમર્શિયલ ન બનાવવું જોઈએ તેમ જ મંદિરને ભિખારી પણ ન બનાવવું જોઈએ. અહીં કશું ખરીદ-વેચાણ તો નથી થતું. કશી ટિકિટ પણ નથી તોપણ મંદિરને ભિખારી તો જરૂર બનાવી દીધું છે. મંદિરને ભિખારી બનાવવું એનો અર્થ થાય છે કે ભગવાનને ભિખારી બનાવવા. આ અત્યંત શરમની વાત કહેવાય.

થોડી જ વારમાં પાવતી બુક લઈને તિવારી મારી પાસે આવ્યા. બેઠા, ચર્ચા ચાલી. તેમણે હૃદય ખોલ્યું. આ ચારે તરફના લોકો અમારા દુશ્મન થઈ ગયા છે. બધાં વિરોધ કરે છે. ગાળો આપે છે. બધા નીચ છે. સામે જ ઊભા રહીને ગાળો આપે છે, તેમનું કહેવું છે કે આટલાં બધાં બોર્ડો લગાવીને કમાણી કરો છો. અમને તો કશું આપતા નથી. અડધી રકમ અમને આપો વગેરે.

તિવારીની વાત સાચી છે, મંદિરો અને આશ્રમોને આર્થિક રીતે બે ભાગમાં વહેંચી શકાય. એક તો ડૂબતાં અને બીજાં તરતાં. કેટલાંક મંદિરો-આશ્રમો પાસે પૈસો નથી હોતો. આવક નથી હોતી ત્યાં કોઈ રસ નથી લેતું. તે નિર્જન જેવાં પડી રહે છે. કેટલાંક મંદિરો અને આશ્રમો તરતાં હોય છે. અર્થાત્ તેમની આર્થિક સ્થિતિ સારી હોય છે. જમીન-જાગીર પણ હોય છે. બૅન્ક બૅલેન્સ પણ સારું હોય છે. ત્યાં બધાં રસ લેતાં થાય છે. જ્યાં ગોળ હોય ત્યાં માખીઓ આવે જ. બોલાવવી ન પડે. આ બધી માખીઓ છે. સૌને ટ્રસ્ટી થવું હોય છે. સૌને અધિકાર મેળવવો હોય છે. કારણ કે ગોળ છે અને પોતે માખીઓ છે. આમાંથી ખટપટો થાય છે, અંતે વિખવાદ થાય છે. જો કોઈ સમર્થ વ્યક્તિ હોય તો ઠીક ચાલે છે નહિ તો બધું ધૂળધાણી થઈ જાય છે.

બીજું, તરતાં ધર્મસ્થાનો પાસે ગામલોકો ઘણી અપેક્ષાઓ રાખતાં હોય છે. આપો… આપો… લાવો લાવો થતું હોય છે. બધી અપેક્ષાઓ પૂરી ન થાય તો અસંતોષ ઉત્પન્ન થતો હોય છે.

ગામનો ચૌદશિયો વર્ગ તેનો લાભ ઉઠાવી લોકોને ઉશ્કેરતો હોય છે. આ રીતે વાતાવરણ ક્ષુબ્ધ થતું હોય છે.

સામા પક્ષે નજીક રહેનારાના દોષ દેખાવા લાગે છે. તેથી પણ આકર્ષણ ઓછું થઈ જતું હોય છે અથવા સમાપ્ત થઈ જતું હોય છે. આ જ કારણસર મોટા ભાગના ગુરુઓ ભક્તોથી દૂર રહેતા હોય છે. વર્ષમાં એક-બે વાર આવવાનું, બે-ચાર દિવસ રહેવાનું અને જે કમાણી થાય તે લઈને પાછા દૂરના સ્થાને ચાલ્યા જવાનું. શ્રદ્ધા દૂરથી અને પ્રેમ નજીકથી રક્ષિત રહેતો હોય છે. અત્યંત નજીક રહેવા છતાં પણ શ્રદ્ધામાં આંચ ના આવે તો સમજવું કે શ્રદ્ધા યોગ્ય જગ્યાએ છે. અને અત્યંત દૂર રહેવા છતાં પણ પ્રેમ ઝાંખો ન થાય કે વિકલ્પ ન શોધે તો સમજવું કે પ્રેમ સાચો છે.

તિવારી બહુ દુ:ખી છે. આક્રોશમાં તે વચ્ચે વચ્ચે ગાળો પણ બોલી ઊઠે છે. તેનું કહેવું છે કે “મૈં બ્રાહ્મણ હું, સાલોં કો શાપ દે રહા હું કિ તુમ કો પેટભર કે રોટી ભી નહિ મિલેગી, ઔર તન ઢાંકને કો પૂરા કપડા ભી નહિ મિલેગા, અભી ભી વહી હાલ હૈ”—તેનો બળાપો વધારે ચાલવાનો હતો પણ પાછળ રહી ગયેલી અમારી બીજી બસ આવી ગઈ, એટલે હું ઊઠ્યો, સૌને લંચ લેવાનું વિતરણ થયું. મારા માટે તો રોજની માફક સવારનો ટાઢો રોટલો અને દહીં આવી ગયું. મને અનુકૂળ આવી ગયું છે.

ઊંઝાનો એક અર્ધ અપંગ જેવો પટેલ પગે ચાલતાં ચાર ધામની યાત્રા કરે છે. ભિખારી જેવી હાલત છે. બધાંને બોલાવ્યાં. તે માત્ર ચણા ને ગોળ જ ખાય છે. ખાતરી થઈ કે હા, ઊંઝાનો જ છે. પછી તેને સારો એવો ખર્ચો આપ્યો. ચણા ને ગોળ પણ આપ્યાં.

તિવારીની વાતમાં તથ્ય હશે જ તેની ના નહિ, પણ આ એકપક્ષીય વાત સાંભળી. જ્યાં સુધી બીજા પક્ષની પણ વાત ન સાંભળો ત્યાં સુધી સાચી વાત સમજાય નહિ. પણ એટલું તો નક્કી થયું કે આ સ્થાન કોમર્શિયલ છે. કારણ કે તેના નિર્માતા વ્યાપારી માણસ છે. તિવારી પાવતી બુક લઈને ફરે છે અને સૌની પાસેથી પૈસા ઉઘરાવે છે. કદાચ તે પૂરા પૈસા શેઠને ન પણ આપતો હોય, પણ આવી સંસ્થામાં શેઠ પણ સમજે કે જે આવ્યા તે ખરા. ભલે ને થોડોક ભાગ તે લઈ લેતો હોય. આપણે તો આવક જ જોવાની. જીવો અને જીવવા દો તેમ “ખાઓ અને ખાવા દો”નું સૂત્ર પણ પ્રચલિત થયું છે. અમારા સંઘે પણ તેની પાવતીનું માન રાખ્યું. ગામલોકોના અસંતોષ જેવો જ આવનાર સાધુ-બાવાઓનો પણ અસંતોષ છે. કારણ કે અહીં સાધુસંતોને ભોજન આપવાનું પણ બોર્ડ છે. પગપાળા આવતા-જતા સાધુ-બાવાઓ અહીં રોકાય છે. વ્યવસ્થાનો પ્રશ્ન રહે. મોટા ભાગે ઝઘડા કરનારા પણ આવે. તેમાંથી તિવારીને સાધુ-બાવાઓ પ્રત્યે ભયંકર ઘૃણા થઈ ગઈ છે. તિવારી તેમને પણ ગાળો આપે છે. “સાલે સબ ચોર હૈં, પેટ ભરને કે લિએ સાધુ હુએ હૈં” વગેરે બોલતો રહ્યો. મેં કહ્યું કે ભાઈ, તમે ખોટી જગ્યાએ ગોઠવાયા છો. આ જગ્યાએ તો કોઈ સંતને જ ગોઠવાવું જોઈએ. જે આવનારને ચોર નહિ ભગવાન સમજે. આવી દૃષ્ટિ રાખીને સાધુઓને જમાડનારા એક ઠક્કર જલારામ બાપા થઈ ગયા છે. બધાંને ચોર સમજનાર જલારામ ન થાય. ચોર જ થાય. ખરેખર આવી જગ્યાએ આવું કરવું બહુ જ કઠિન હોય છે.

અમે વિદાય થયાં. આગળ રસ્તામાં પથ્થરો પડ્યા હોવાથી રોકાયાં. પથ્થરો દૂર કરીને વિદાય થયાં. યાત્રા પૂરી થાય એટલે હું મારી ઘણી વસ્તુઓ લોકોને આપી દઉં છું. છત્રી શક્તિસિંહને આપી. કાંડાઘડિયાળ લેનારા ઘણા હતા પણ તે કોને આપવું તે નક્કી થતું ન હતું. ઉમેશે

હરાજી શરૂ કરી. 500થી શરૂઆત તેણે જ કરી. 3500 ઉપર પહોંચીને મેં ત્રણ વાર કહી નાખવાનું કહ્યું. ઘડિયાળ ઊંઝાના અરવિંદભાઈના હાથમાં ગયું. સાડા ત્રણ હજાર લઈને ગેંજી આવ્યા. લો અરવિંદભાઈએ આપ્યા છે. મેં કહ્યું કે ના ના, મારે કશું લેવાનું નથી. ઘડિયાળ તો ભેટમાં આવી હતી ને ભેટમાં જ આપવાની છે. ગેંજીનું કથન હતું કે આવી ખબર હોત તો હું વધુ બોલત. અરેરે, તક જતી રહી. લાખ સુધી જવા ના દેત. મેં કહ્યું કે "જો તમે લાખ બોલત તો હું લઈ લેત. આટલી મોટી રકમ જવા ન દેવાય, હૃષીકેશ આવી ગયું છે. લક્ષ્મણ ઝુલા પાસે બધાં ઊતર્યાં. હૃષીકેશ જોઈને બધાં સાંજે આવી જશે. હું અને જગડુશા ન ઊતર્યા. અમે તો ઘણી વાર જોયેલું છે. અમે હરદ્વાર આગળ ચાલ્યા. હૃષીકેશ પણ પૂરેપુરું બદલાઈ ગયું છે. કેટલાંય નવાં મંદિરો અને આશ્રમો થયાં છે. કેટલાંક તો ભવ્ય છે. હવે આ સ્થાન તપોભૂમિ જેવું લાગતું નથી. છેક હરદ્વાર સુધી રોડની બંને તરફ વસ્તી જ વસ્તી છે. ચાલો, હરદ્વાર આવી ગયું. હજી સૂર્યાસ્ત થયો ન હતો. હું અને જગડુશા પગપાળા જ હર કી પૌડી તરફ ચાલવા માંડ્યા. ચાલવાની પણ ક્યાં જગ્યા છે! મારે એક પુસ્તક ખરીદવું છે પણ જોઈએ તેવું ન મળ્યું. જેમ તેમ હર કી પૌડી પહોંચ્યા. કુંભમેળો થવાનો હોવાથી ઘણી પોલીસ તૈયારી કરી રહી છે. વગર કુંભે જ અત્યારે કુંભ જેવું વાતાવરણ છે તો કુંભના સમયે શું થશે? લોકો ક્યાં ઊભાં રહેશે? આ દેશમાં ધર્મો પ્રશ્ન ઉકેલવા કરતાં પ્રશ્નો વધુ ને વધુ ઊભા કરે છે. ચાલી ચાલીને થાકી ગયા છીએ. પણ રિક્ષા મળતી નથી. ફરી ચાલવા માંડ્યા. માંડ એક રિક્ષા મળી તે પણ અડધા રસ્તા સુધીની જ. બેઠા, શું થાય! વળી પાછી બીજી રિક્ષા કરી અને માંડ ઉતારે પહોંચ્યા. હવે પેલાં હૃષીકેશવાળાં યાત્રાળુઓ આવવા માંડ્યાં છે. સૌને કાંઈ ને કાંઈ ખરીદવું છે.

સત્સંગ કર્યો અને સૂઈ ગયાં.

7-8-09

ઉત્તરાંચલમાં માત્ર એક જ બદરીનાથ નથી પણ પાંચ બદરી અને પાંચ કેદારનાથ પણ છે, જે આ પ્રમાણે છે:

1. આદિબદરી, કર્ણપ્રયાગથી 18 કિ.મી.

2. વૃદ્ધબદરી પીપલકોટીથી જોષીમઠની વચ્ચે.

3. ભવિષ્યબદરી જોષીમઠથી 15 કિ.મી. તપોવન પાસે.

4. યોગબદરી જોષીમઠથી 24 કિ.મી. દૂર પાંડુકેશ્વરમાં.

5. બદરીનારાયણ જે બદરીવિશાલ કહેવાય છે એ મુખ્ય છે.

બદરીનાથ સંબંધી કેટલીક શ્રુતવાતો

1. બ્રહ્મસૂત્રની રચના કરનારા બાદરાયણ ઋષિએ અહીં તપ કરીને બ્રહ્મસૂત્રની રચના કરી હતી.

2. અલકનંદાના કિનારે એક ગૌડપાદ શિલા છે. એવું કહેવાય છે કે આદ્યશંકરાચાર્યના દાદાગુરુ ગૌડપાદાચાર્યે આ શિલા ઉપર બેસીને માંડુક્ય કારિકાઓ રચી હતી. ગૌડપાદ અજાતવાદી હતા.

3. બદરીનાથની આજની પ્રતિમા ઘણી પ્રાચીન છે. પણ વચ્ચે બૌદ્ધોનો પ્રભાવ વધ્યો. (માના

ગામ સંપૂર્ણ બૌદ્ધ છે) ત્યારે બૌદ્ધોએ આ પ્રતિમાને ઉપાડીને અલકનંદામાં ફેંકી દીધી હતી.

4. વર્ષો પછી આદ્યશંકરાચાર્યે એ પ્રતિમાને નારદકુંડમાંથી કાઢીને તપ્તકુંડની પાસે ગરુડકોટિ ગુફામાં સ્થાપિત કરી હતી. તેમણે પોતાના વંશીય નંબુદ્રીપાદ બ્રાહ્મણોને આ પ્રતિમાની પૂજા કરવાનો હક્ક આપ્યો હતો. પૂજારીને ‘રાવલ’ કહેવાય છે. જે નંબુદ્રીપાદ હોય છે. પણ હવે તેમને નામમાત્રના પૂજારી રાખીને પૂરા મંદિરનું સરકારી ટ્રસ્ટ બનાવ્યું છે. જે બદરી-કેદાર બંનેનો વહીવટ કરે છે.

5. કેટલાક લોકો આજે પણ આ પ્રતિમાને બુદ્ધ ભગવાનની માને છે તો કેટલાક જૈનો તેને પારસનાથજીની માને છે.

6. વર્તમાન મંદિરનું નિર્માણ ગઢવાલના મહારાજાએ પંદરમી શતાબ્દીમાં કરાવ્યું હતું.

7. મંદિર ઉપર જે સોનાનો કળશ અથવા છત્રી છે તે ઇન્દોરની મહારાણી અહલ્યાબાઈએ ચઢાવ્યો છે. બિરલા શેઠની માફક મહારાણી અહલ્યાબાઈએ લગભગ બધાં મોટાં તીર્થોમાં ઘણું સોનું ચઢાવ્યું છે તેથી તે અમર છે.

8. બદરીનાથજીની પ્રતિમાનો સ્પર્શ કરીને પૂજા કરાતી નથી.

9. આ ચારે ધામની યાત્રા બસરોડથી કરવી હોય તો બધાં વચ્ચે 200થી 250 કિ.મી. પ્રવાસ કરવો પડે છે. પણ જો તમારી પાસે હૅલિકૉપ્ટર હોય અને આકાશમાં સીધો પ્રવાસ કરો તો લગભગ 40-40 કિ.મી. જેટલો જ પ્રવાસ કરવો પડે. લગભગ સમાનાન્તર રેખા ઉપર આ ધામો આવેલાં છે. ભવિષ્યમાં કદાચ આવી વ્યવસ્થા થાય કે યાત્રીવિમાન દ્વારા દેહરાદૂન આવે અને ત્યાંથી હૅલિકૉપ્ટર દ્વારા એક જ દિવસમાં ચારે ધામ યાત્રા કરી પાછા દેહરાદૂન આવી જાય.

*

9. હરદ્વારથી વિદાય

આજે તા. 25-7-09 છે. કશું કામ નથી, આખો દિવસ ખાલી છે. બધાં ખરીદવાના કામે લાગ્યાં છે. ઘણાં પરિચિત લોકો મળવા આવ્યાં. જેમ તેમ દિવસ પૂરો કર્યો. સાંજે દાળ-ઢોકળી બનાવી છે. પણ મેં તો ઈડલી-ઢોંસા જ ખાધા. બીજા દિવસે ઘણા લોકો બીમાર થઈ ગયા. દાળ-ઢોકળી ઘણાને છેક ઘેર પહોંચતાં સુધી નડી.

છવીસમીની બપોરે ટ્રેનમાં બેસી ગયાં. ટ્રેન એક કલાક મોડી ઊપડી. અમારા ડબ્બાનું A.C. ચાલે નહિ. બારીઓ ખૂલે નહિ. ગરમીનો પાર નહિ. વારંવારની શિકાયત પછી માંડ કારીગર આવ્યો પણ કશું ન થયું. વળી ગાડી લોકલ કરતાં પણ ધીમી. વારંવાર સ્ટેશન ઉપર સાઈડમાં નાખી મૂકે. કંટાળી ગયાં. પણ શું થાય? વધુ ને વધુ મોડી પડતી ગઈ. અમે તો સૂઈ ગયાં. દિલ્હી ક્યારે આવ્યું તે ખબર ન પડી. દિલ્હીથી થોડાં યાત્રાળુઓ ચઢવાનાં હતાં તે ચઢ્યાં, શક્તિસિંહને ડબ્બો બદલવાનો હતો તે નવા ડબ્બામાં ગયા તો જાણવા મળ્યું કે તે સીટો તો બીજાને અપાઈ ગઈ હતી. એક જ સીટના ત્રણ-ત્રણ દાવેદારો થઈ ગયા. જવાબદાર માણસને બોલાવ્યો તેણે સમાધાન કરાવી આપ્યું. દિલ્હી દોઢ કલાક ટ્રેન રોકાઈ. A.C. બંધ. કહે કે શું થાય? ડાયનામું કામ કરતું નથી. ગાડી ચાલશે ત્યારે કામ કરશે. આના કરતાં વગર A.C.વાળા સુખી હતા. બારીમાંથી હવા તો આવતી હશે. ટ્રેન ચાલી. હવે ટ્રેન અઢી કલાક મોડી હતી. બધાં સૂઈ ગયાં. સવારે જાગ્યાં ત્યારે રાજસ્થાન પાર થઈ રહ્યું હતું. એક સ્ટેશનથી વેવાઈ અને જગડુશા રસગુલ્લાના પેક ડબ્બા લઈ આવ્યા. આજે 27મી તારીખ છે. યાત્રાનો છેલ્લો દિવસ છે. પોપટલાલે કાજુ-કિસમિસ પૂરાં કર્યાં.

અમારા ડબ્બાના ત્રણ સેવકો છે. ત્રણે ગુજરાતી છે, બધાંને ચા-પાણીના પૈસા આપ્યા. થોડી જ વારમાં એક સેવક આવીને જમવાની થાળી મંગાવી આપવાની વાત કરવા લાગ્યો. તેણે ઘણી દલીલો કરી પણ અમારે જરૂર ન હતી. પછી કચોરી લાવી આપવાની વાત કરી પણ કોઈએ ગણકાર્યું નહિ. છેવટે આબુ સ્ટેશન બહારથી રબડી લાવી આપવાની વાત કરી પણ કોઈએ ઓર્ડર ન આપ્યો. તેણે જોયું કે આ લોકો 60 જેટલાં છે. ઓર્ડર આપે તો ભારે કમિશન મળે. પણ તે સફળ ન રહ્યો. નારાજ થઈ ગયો.

ઊંઝા આવ્યું. ઊંઝાનાં યાત્રાળુઓ ઊતરી ગયાં પણ અમારા માટે જગડુશાએ દાળ-ભાત પરોઠાં વગેરેનું ટિફિન મંગાવ્યું હતું કારણ કે અમારે ગાંધીનગર ઊતરવાનું હતું. અમે તો ટિફિન ખોલીને જમવા માંડ્યા. ત્યાં પેલા સેવકો આવી ગયા. કહે કે આજે અમારે જમવાનો મેળ પડ્યો નથી એટલે અમને પણ આપજો. હજી અમે તો જમવાનું શરૂ જ કર્યું છે ત્યાં સામે ચાલીને માગણી કરવી તે યોગ્ય ન કહેવાય. જમી રહીએ પછી આવજો તેમ સમજાવ્યા. તે આંટા મારતા જ રહ્યા. ઘણુંબધું વધ્યું તે બધું આપી દીધું. પણ આવો વ્યવહાર ઠીક ન લાગ્યો. શું સરકાર પગાર નથી આપતી? આટલી બધી લાલચ યોગ્ય ન કહેવાય. સેવામાં મીંડું. ડબ્બાની જરાય સફાઈ નહિ. ધાબળા વર્ષો જૂના, ગંદા, જ્યાં ત્યાં ઢગલો પડ્યો હોય. રેલવેવાળા આવા સેવકોથી પ્રવાસીઓને છોડાવે તે જ સારું કહેવાય.

અમે તો ગાંધીનગર પહોંચી ગયા. રમણભાઈ, મેવાડા વગેરે લેવા આવ્યા હતા. કોબા આશ્રમ પહોંચી ગયાં. બીજા દિવસે થોડો જમણવાર કરીને દંતાલી પહોંચ્યાં. ઊંઝાના દાસભાઈએ ગંગાથાળી (ગંગાપૂજન) કર્યું. એટલે બધાં યાત્રાળુઓ ઊંઝા ગયાં અને જમ્યાં. હજી તો

દશરથલાલ ગેંજી અને વેવાઈ પણ ગંગાથાળી કરવાના છે. કેટલી સારી વાત કહેવાય કે યાત્રા કર્યા પછી યાત્રાળુ કુટુંબીઓને જમાડે. નાસ્તિકોને યાત્રા કેવી અને જમણવાર કેવો? સુખદ યાત્રા પૂરી કરવા બદલ સૌ ઈશ્વરનો આભાર માનતા રહ્યા અને પ્રસંગોને વાગોળતા રહ્યા.

7-8-09

*

10. તીર્થો વિશે વિશેષ માહિતી

પાંચ કેદાર

પાંચકેદાર પણ છે જે આ પ્રમાણે છે:

1. મદ્મહેશ્વર - ગુપ્તકાશીથી 30 કિ.મી.
2. તુંગનાથ - ચોપતાથી 5 કિ.મી.
3. રુદ્રનાથ - મંડલ ચટ્ટીથી 28 કિ.મી.
4. કલ્પેશ્વર - હેલંગથી 9 કિ.મી.
5. કેદારનાથ - મુખ્ય સોનપ્રયાગથી 19 કિ.મી.

પાંચ પ્રયાગો

હિમાલયમાં ઉત્તરાંચલમાં પાંચ પ્રયાગો છે

1. દેવપ્રયાગ: હરદ્વારથી 93 કિ.મી. ભાગીરથી - અલકનંદા
2. રુદ્રપ્રયાગ: દેવપ્રયાગથી 71 કિ.મી. અલકનંદા - મંદાકિની.
3. કર્ણપ્રયાગ: રુદ્રપ્રયાગથી 31 કિ.મી. અલકનંદા - પીંદારગંગા.
4. નન્દપ્રયાગ: કર્ણપ્રયાગથી 21 કિ.મી. અલકનંદા - મંદાકિની.
5. વિષ્ણુપ્રયાગ: જોષીમઠથી 10 કિ.મી. ધૌલિગંગા - અલકનંદા.

ચારે ધામોની ઊંચાઈ

યમુનોત્રી - 3323 મીટર

ગંગોત્રી - 3140 મીટર

કેદારનાથ - 3583 મીટર

બદરીનાથ - 3110 મીટર

ઉત્તરાખંડનાં તીર્થોનું હરદ્વારથી અંતર

સ્થાનનું નામ મોટર માર્ગ પગપાળામાર્ગ

યમુનોત્રી 258 કિ.મી. + 7 કિ.મી. = 265 કિ.મી. કુલ

(જાનકીબાઈ ચટ્ટીથી યમુનોત્રી)

ગંગોત્રી 297 કિ.મી. પગપાળા નથી.

કેદારનાથ 248 કિ.મી. + 14 કિ.મી. = 262 કિ.મી. કુલ

(ગૌરીકુંડથી કેદારનાથ)

બદરીનાથ 333 કિ.મી. પગપાળા નથી.

ફૂલોની ઘાટી 307 કિ.મી. +20 કિ.મી. = 327 કિ.મી. કુલ

(ગોવિંદઘાટથી ફૂલોની ઘાટી)

હેમકુંડ લોકપાળ307 કિ.મી. +20 કિ.મી. = 327 કિ.મી. કુલ

(ગોવિંદઘાટથી હેમકુંડ)

વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ પર સ્થિત ગુરુદ્વારા લક્ષ્મણ મંદિર હેમકુંડ લોકપાળમાં છે.

નોંધ: ગોવિંદઘાટથી ઘાંગરિયા (ગોવિંદધામ) 14 કિ.મી. દૂર છે. ત્યાંથી ફૂલોની ઘાટી 6 કિ.મી. તથા બીજો માર્ગ હેમકુંડ લોકપાળ 6 કિ.મી. દૂર છે.

ઉત્તરાખંડનાં કેટલાંક પ્રસિદ્ધ પર્વત-શિખર

શિખરનું નામ ઊંચાઈ

નંદાદેવી 7,818 મીટર

કામેત 7,758 મીટર

માણા 7,274 મીટર

ચૌખમ્બા 7,140 મીટર

ત્રિશૂળ 7,122 મીટર

દૂનાગિરિ 7,068 મીટર

પંચચૂલી 6,904 મીટર

ચંગબંગ 6,866 મીટર

નંદાકોટ 6,863 મીટર

મૃગથૂની 6,857 મીટર

ગંગોત્રી 6,672 મીટર

પંવાલીધાર 6,665 મીટર

શિવલિંગ 6,544 મીટર

નીલકંઠ 6,597 મીટર

કીર્તિસ્તંભ 6,402 મીટર

બંદરપૂંછ 6,317 મીટર

નંદાઘૂંટી 6,314 મીટર

સ્વર્ગારોહિણી 6,254 મીટર

હનુમાન શિખર 6,076 મીટર

હૃષીકેશથી ગંગોત્રી (248 કિ.મી.) મોટરમાર્ગ

સ્થાન ઊંચાઈ (મી) પરસ્પર અંતર કુલ અંતર

હૃષીકેશ 340 - -

નરેન્દ્રનગર 1,037 16 16

ચમ્બા 1,524 46 62

ટીહરી 770 21 83

ધરાસૂ 1,036 37 120

ઉત્તરકાશી 1,158 28 148

લંકા ચટ્ટી 2,652 87 235

ભૈરોઘાટી 2,652 3 238

ગંગોત્રી 3,140 10 248

ગંગોત્રીથી કેદારનાથ

માર્ગ નં.1: ઘનસાલી - ચિરબટિયા થઈને 348 કિ.મી.

સ્થાન ઊંચાઈ (મી) પરસ્પર અંતર કુલ અંતર

ગંગોત્રી 3140 - -

લંકાચટ્ટી 2652 10 10

હરસિલ 2652 3 13

ગંગાનાની 1982 31 57

ભટવાડી 1677 14 71

ઉત્તરકાશી 1,158 29 100

ધરાસૂ 1,036 28 128

ટીહરી 770 37 165

ઘનસાલી 976 35 200

ચિરબટિયા 2,134 31 231

તિલવાડા 671 42 273

અગસ્ત્યમુનિ 762 10 283

કુંડ 976 15 298

ગુપ્તકાશી 1,479 5 303

નાલા (નારાયણકોટિ)1,475 3 306

ફાટા 1,601 11 317

રામપુર 1,646 9 326

સોનપ્રયાગ 1,829 3 329

ગૌરીકુંડ 1,982 5 334

રામબાડા 2,591 (પગપાળા) 7 341

ગરુડ ચટ્ટી 3,262 (પગપાળા) 4 345

કેદારનાથ 3,583 (પગપાળા) 3 348

ગંગોત્રીથી ગૌરીકુંડ 334 કિ.મી. મોટરમાર્ગ

ગોરીકુંડથી કેદારનાથ14 કિ.મી. પગપાળા માર્ગ

કેટલાંક પ્રસિદ્ધ સ્થાનોની ઊંચાઈ (ફૂટમાં)

બદરીનાથ 10,350

કેદારનાથ 11,750

ઉખીમઠ 4,500

ત્રિયુગી નારાયણ 6,000

રામબાડા 9,000

ગૌરીકુંડ 6,500

મધ્મહેશ્વર 11,474

તુંગનાથ 12,070

રુદ્રનાથ 11,670

અનસૂયાદેવી 6,500

હનુમાન ચટ્ટી 8,000

રૂપકુંડ 16,000

ચન્દ્રબદની 8,000

સુરકંઠાદેવી 8,000

દૂધાતોલી 12,300

હેમકુંડ (લોકપાળ) 14,300

ગંગોત્રી 10,300

યમુનોત્રી 10,500

પૌડી 5,500

લૈન્સડાઉન 5,600

વસુન્ધરા 12,000

જોષીમઠ 6,150

ઉત્તરકાશી 3,500

ગોમુખ 12,770

બૈદ્નિી બુગ્યાલ 12,000

વસુધારા પ્રપાત 13,000

પાંડુકેશ્વર 6,450

આવશ્યક સૂચનાઓ

મંદિરોના પટ: બધાં મંદિરોના પટ (દ્વાર) લગભગ મેના પ્રથમ સપ્તાહમાં ખૂલે છે અને દિવાળીએ બંધ થઈ જાય છે.

કોલેરાની રસી: આ તમારા હિતની વાત છે કે કોલેરાની રસી જરૂર લગાવીને જવી.

ગરમ કપડાંની વ્યવસ્થા: સમુદ્ર સપાટીથી 6,000 ફૂટ અથવા તેનાથી ઊંચાં સ્થાનો પર આખી બાંયનું સ્વેટર, ઊની ટોપી, મોજાં અને બૂટની આવશ્યકતા પડે છે.

ભોજન: રાંધેલું ભોજન અને ચા-કૉફી આદિ પ્રત્યેક સ્થાન પર મળી જાય છે. પહાડી સ્થાન પર

સ્વાસ્થ્ય માટે ગરમ જ ખાવાનું ખાવું, ઠંડું ખાવું નહિ. આવશ્યકતાનુસાર થોડા સૂકા મેવા, બિસ્કિટ, નમકીન, દૂધનો પાઉડર આદિ પોતાની પાસે પણ રાખવું.

દવાઓ:

એવોમીનની ગોળી (રસ્તામાં ચક્કર આવે ત્યારે)

કોડોપાયોરિન તથા નોવેલજીન (શરદી અને પીડા માટે)

સલ્ફા ગ્યૂનાડીન (પહાડી અપચા માટે)

કોરોંમીન, મુનક્કા, સુકાયેલ આલૂબુખારા (જરૂર મુજબ)

અમૃતધારા ઇત્યાદિ (પેટની ખરાબી માટે)

ઘા આદિ લાગવાથી રૂ, ટેપ રોલ અને અન્ય દવાઓ.

ચૂર્ણ, ફુદીનહરા તથા વ્યક્તિગત આવશ્યકતાના અનુસાર દવાઓ અવશ્ય લઈ જવી જોઈએ.

આવશ્યક સામગ્રી: ટૉર્ચ, મીણબત્તી, ચપ્પુ, સોય-દોરો, માચીસ, લાલટેન, થર્મોસ, ગ્લાસ, લોટો અને ખાવાનાં સાધારણ વાસણો સિવાય કૅમેરો અને રોલ અવશ્ય રાખવો જોઈએ, કારણ કે ઉત્તરાખંડની યાત્રામાં એકથી એક દર્શનીય પ્રાકૃતિક દૃશ્ય જોવા મળે છે. યાત્રાગાઈડ અને ઉત્તરાખંડનો એક નકશો પણ પોતાની પાસે રાખી લેવો જોઈએ.

***